અ

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૯-૪-૨૦૨૬, ગુરૂવાર
વર્ષઃ ૧૫, અંક : ૨૮

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

વ્યક્તિ ગમે એટલો 'સામાન્ય' કેમ ના હોય...પરંતુ... કોઈકને કોઈક માટે તે 'ખાસ' હોય છે...

ચણાદાલ અપ્પુ ચણાદાલ
હંસા પ્રોવિઝન
લાલાભાઈ - પ્રદીપભાઈ
સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર મેઈન રોડ રાજકોટ,
અપ્પુ ચણાદાળ
દયાલ દાલ
મો.98242 00970
ચણાદાલ

દવાનો નશામાં ઉપયોગ ન થાય તેને લઈ સરકાર હરકતમાં

# દવાના ઉત્પાદનથી લઈ ગ્રાહક સુધી 'ડોઝ'માં ઘાલમેલ ન થાય તે માટે સરકાર ડિજિટલ બાજ અમલમાં મુકશે

## એનડીપીએસ એક્ટ હેઠળ આવતી નશીલી દવાઓનું હવે ઓનલાઈન ટ્રેકિંગ થશે, તમામ પ્રક્રિયા પર રિયલ-ટાઈમ નજર રાખવા કેન્દ્ર સરકાર નવું સેન્ટ્રલાઈઝ્ડ ડિજિટલ પ્લેટફોર્મ બનાવશે

**અબતક, નવી દિલ્હી**

દેશમાં નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ આવતી દવાઓ અને ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ્સ પર નજર રાખવા માટે કેન્દ્ર સરકાર એક સેન્ટ્રલાઈઝ્ડ ડિજિટલ પ્લેટફોર્મ બનાવવા જઈ રહી છે. ડ્રગ કન્સલ્ટેટિવ કમિટી દ્વારા તાજેતરમાં આ ડિજિટલ ટ્રેકિંગ પ્લેટફોર્મની દરખાસ્તને મંજૂરી આપી દેવામાં આવી છે.

આ ડિજિટલ પ્લેટફોર્મનો મુખ્ય ઉદ્દેશ ઓપિયોઈડ્સ, શામક દવાઓ અને સાયકોટ્રોપિક દવાઓ જેવી નિયંત્રિત દવાઓની સપ્લાય ચેનમાં રહેલી ખામીઓને દૂર કરી તેની પર કડક નજર રાખવાનો છે.

### ડ્રગ કન્સલ્ટેટિવ કમિટીની કામગીરી શું છે?

ડ્રગ કન્સલ્ટેટિવ કમિટી દેશમાં દવાઓના નિયમન માટે એક મહત્વપૂર્ણ વૈધાનિક સમિતિ છે. આ કમિટી ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ સંબંધિત વિવિધ ટેકનિકલ અને કાનૂની બાબતો પર કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો અને ડ્રગ્સ ટેકનિકલ એડવાઈઝરી બોર્ડને યોગ્ય સલાહ અને માર્ગદર્શન આપવાનું કામ કરે છે.

આ નવી સિસ્ટમ અમલમાં આવ્યા બાદ દવાઓના ગેરકાયદેસર વેચાણ અને ડાયવર્ઝન પર સીધો અંકુશ મેળવી શકાશે.

સૂચિત ડિજિટલ પ્લેટફોર્મ રિયલ-ટાઈમમાં એન્ડ-ટુ-એન્ડ ટ્રેકિંગ સિસ્ટમને સક્ષમ કરશે.

### શિડ્યુલ એચ અને એચ૧ દવાઓના દુરૂપયોગ અંગે પણ ચિંતા

ડ્રગ કમિટીની આ ઉચ્ચસ્તરીય બેઠકમાં શિડ્યુલ એચ, એચ ૧ અને એનડીપીએસ સંબંધિત ફોર્મ્યુલેશનના દુરુપયોગ અંગે પણ ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આ કેટેગરીમાં એવી ઘણી દવાઓનો સમાવેશ થાય છે જે સામાન્ય રીતે તબીબો દ્વારા પ્રિસ્ક્રાઈબ કરવામાં આવતી હોય છે, પરંતુ હાલના સમયમાં નશા માટે તેનો ગેરકાયદેસર ઉપયોગ વધી રહ્યો છે જેને રોકવા માટે બેઠકમાં ભાર મૂકવામાં આવ્યો હતો.

જેમાં આ નિયંત્રિત ફાર્માસ્યુટિકલ ઉત્પાદનોના મેન્યુફેક્ચરિંગ અથવા ઈમ્પોર્ટ થી

(અનુ. આઠમા પાને)



# યુદ્ધ ફરી વિનાશક બનશે ? ભારતે સ્ટ્રેટ ઓફ હોર્મુઝથી માલવાહક જહાજો ઝડપથી પસાર કરવા દેવા વિનંતી કરી

## ૨ સપ્તાહના યુદ્ધવિરામનો લાભ લેવા ભારતનો પ્રયાસ, આ દરમિયાન ઈંધણનો વધુમાં વધુ જથ્થો મંગાવી લેવાશે

**અબતક, નવી દિલ્હી**

ભારતે તેહરાનને ભારત આવતા ઓઈલ અને ગેસ કાર્ગોની અવરજવર ઝડપી બનાવવા માટે દબાણ કર્યું છે જેથી ૨ સપ્તાહના યુદ્ધવિરામનો લાભ લઈને ઈંધણનો સ્ટોક ફરીથી બનાવી શકાય. શિપિંગ મંત્રાલયના એક અધિકારીએ આ અંગેની માહિતી આપી હતી.

ઉદ્યોગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, યુદ્ધવિરામ ભલે અત્યારે ચાલુ હોય, પરંતુ સામાન્ય તેલ વેપારમાં પરત ફરવામાં ઓછામાં ઓછા ૩ મહિનાનો સમય લાગી શકે છે. આના મુખ્ય કારણોમાં જહાજોની ધીમી અવરજવર, જહાજ અને વીમાની મર્યાદિત ઉપલબ્ધતા, લોડિંગની મર્યાદાઓ અને ઉત્પાદન બંધ થવા જેવી સમસ્યાઓ જવાબદાર છે.

હાલમાં પર્શિયન અખાતમાં ભારતના ૧૬ જહાજો ફસાયેલા છે, જ્યારે ૮ એલપીજી કેરિયર્સ તાજેતરના અઠવાડિયામાં હોર્મુઝની સામુદ્રધુની પાર કરી ચૂક્યા છે. એકંદરે આ પ્રદેશમાં લગભગ ૮૦૦ જહાજો ફસાયેલા છે અને આ બેકલોગ ક્લિયર કરવામાં ઘણો સમય લાગશે. ભારતીય રિફાઈનર્સ અખાતમાંથી સપ્લાય ઝડપથી વધારવા માંગે છે, પરંતુ નિષ્ણાતો ચેતવણી આપે છે કે આ સુધારો ખૂબ ધીમો હશે. એક અધિકારીએ જણાવ્યું હતું કે જ્યાં સુધી અંતિમ કરાર ન થાય ત્યાં સુધી ઈરાન વાહનવ્યવહાર સામાન્ય થવા દેશે તેવી શક્યતા નથી. ફરીથી ફસાઈ જવાના જોખમ અને વીમો મેળવવામાં પડતી મુશ્કેલીઓને કારણે જહાજોને પાછા મોકલવા પણ સરળ રહેશે નહીં.

યુએસ સાથેની યુદ્ધવિરામ વાટાઘાટોના ભાગરૂપે, ઈરાને સામુદ્રધુનીમાંથી પસાર થતા જહાજો પર ટેક્સ લાદવાનો પ્રસ્તાવ મૂક્યો છે. વિદેશ મંત્રાલયના

(અનુ. આઠમા પાને)

### વેસલ માટે હજુ અનેક પડકારો યથાવત

સામાન્ય વેપારમાં ઝડપથી પરત ફરવામાં ઘણા મોટા અવરોધો છે. જહાજોની ધીમી ગતિ, જહાજોની અછત અને મર્યાદિત વીમા સુવિધાઓના કારણે મુશ્કેલીઓ પડી રહી છે. વધુમાં, ડેમેજ થયેલા એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અખાતના મુખ્ય ક્ષેત્રોમાં ઉત્પાદન બંધ હોવાથી પરિસ્થિતિ સામાન્ય થવામાં લાંબો સમય લાગી શકે છે.

### રશિયન ઓઈલ પર છૂટછાટની ભારતની અપેક્ષા

એક અધિકારીના જણાવ્યા અનુસાર, ભારત અપેક્ષા રાખે છે કે યુએસ રશિયન તેલ પરની તેની છૂટ લંબાવશે. વૈશ્વિક ભાવોને નિયંત્રણમાં રાખવા માટે આ પગલું ભરવામાં આવે તેવી ભારતની માંગ છે.

### ઈરાનનો નવો ટેક્સ પ્રસ્તાવ અને ભારતનું વલણ

ઈરાને અમેરિકા સાથેની ચર્ચા દરમિયાન સામુદ્રધુનીમાંથી પસાર થતા જહાજો પર નવો ચાર્જ લગાવવાની વાત કરી છે. જોકે ભારતે સ્પષ્ટ કર્યું છે કે તેઓ હોર્મુઝમાંથી કોઈપણ અવરોધ વગર વેપાર અને જહાજોની મુક્ત અવરજવર ચાલુ રહે તેવી અપેક્ષા રાખે છે અને ઈરાન સાથે આ મામલે કોઈ વાતચીત કરવામાં આવી નથી.

# આસામ, કેરળ અને પુડુચેરીમાં મતદાન શરૂ

## આસામની ૧૨૬ બેઠકો, કેરળની ૧૪૦ બેઠકો અને પુડુચેરીની 30 બેઠકો માટે મતદાન

**અબતક, રાજકોટ**

આજે આસામની ૧૨૬ બેઠકો, કેરળની ૧૪૦ બેઠકો અને પુડુચેરીની 30 બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. આ ચૂંટણી ભાજપ માટે પોતાનો ગઢ સાચવવાની અને કોંગ્રેસ તેમજ અન્ય પ્રાદેશિક પક્ષો માટે પુનરાગમન કરવાની મોટી લડાઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા દ્વારા આસામ, કેરળ અને પુડુચેરીના લોકોને, ખાસ કરીને યુવાનો અને મહિલાઓને રેકોર્ડ સંખ્યામાં મતદાન કરવા વિનંતી કરી છે.



આસામની તમામ ૧૨૬ બેઠકો પર મતદાન ચાલુ છે. અહીં મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા અને ગૌરવ ગોગાઈ (કોંગ્રેસ) જેવા દિગ્ગજોનું ભાવિ દાવ પર છે. ભાજપ અહીં હેટ્રિક ફટકારવાના લક્ષ્ય સાથે મેદાનમાં છે. કેરળમાં (ડાબેરીઓ) સતત ત્રીજી વાર જીતવા માંગે છે, જ્યારે કોંગ્રેસના નેતૃત્વ હેઠળનું ૧૦૦થી વધુ બેઠકો જીતવાનો દાવો કરી રહ્યું છે.

ભાજપ પણ અહીં મજબૂત હાજરી નોંધાવવા મથામણ કરી રહ્યું છે. આસામમાં ભાજપે કોંગ્રેસ પર 'ખોટા દસ્તાવેજો' ફેલાવવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. બીજી તરફ, લોઅર આસામમાં બહારના રાજ્યોમાંથી આવતા મતદારોને લઈને વિવાદ જાગ્યો છે. કર્ણાટકમાં પણ બે બેઠકો પર પેટાચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે.

# કોંગ્રેસને ૭૮ , TMCને ૪૭ , લેફટફ્રન્ટને ૨૬ , ભાજપે એક પણ મુસ્લિમ ઉમેદવારને બંગાળમાં ટિકિટ ન આપી

## પક્ષના નેતાઓનું કહેવું છેકે ભૂતકાળમાં મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપવા છતાં પરિણામો ધાર્યા મુજબ મળ્યા નથી

**અબતક, રાજકોટ**

પશ્ચિમ બંગાળની આગામી ચૂંટણી માટે ભાજપે પોતાના તમામ ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે, પરંતુ આશ્ચર્યજનક રીતે આ યાદીમાં એક પણ મુસ્લિમ ઉમેદવારને સ્થાન આપવામાં આવ્યું નથી. અગાઉની ચૂંટણીઓની સરખામણીએ આ એક મોટો ફેરફાર છે. ભાજપે ઉમેદવાર પસંદગીમાં જીતવાની ક્ષમતા ને મુખ્ય આધાર બનાવ્યો છે.

પક્ષના નેતાઓનું કહેવું છે કે ભૂતકાળમાં મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપવા છતાં પરિણામો ધાર્યા મુજબ મળ્યા નથી. ભાજપના લઘુમતી મોરચાના પ્રમુખ અલી હુસૈનનું કહેવું છેકે કોઈ સમુદાય પ્રત્યેની જવાબદારી માત્ર તેને ટિકિટ આપવાથી સાબિત નથી થતી. ૨૦૨૧માં ભાજપે ૮ અને ૨૦૧૬માં ૩ મુસ્લિમ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા. જોકે આ વખતે તે સંખ્યા શૂન્ય છે.મુસ્લિમ ઉમેદવારો ભાજપની ટિકિટ પર જીતી શકે તેવી શક્યતા ઓછી હોવાથી ,ભાજપની વિચારધારા અને મુસ્લિમ મતદારો વચ્ચે મોટું અંતર હોવાથી, ટિકિટ આપવાને બદલે માત્ર જીતી શકે તેવા સમીકરણો પર જ ધ્યાન આપવાની નવી રણનીતિ બંગાળમાં ભાજપ પાસે અંદાજે ૨ લાખ મુસ્લિમ કાર્યકર્તાઓ હોવા છતાં, ચૂંટણી લડવા માટે એક પણ મુસ્લિમ ચહેરા પર પસંદગી ઉતારવામાં આવી નથી.

બંગાળ જેવા રાજ્યમાં જ્યાં મુસ્લિમ વસ્તી અને મતો નિર્ણાયક છે, ત્યાં ભાજપની આ રણનીતિ રાજકીય રીતે ખૂબ મોટી ચર્ચાનો વિષય છે.

# આગામી ગુરૂવારે સ્પેશ્યલ સત્રમાં મહિલા અનામત બીલ પાસ કરાવશે સરકાર

## સંસદમાંથી મંજૂરી મળ્યા બાદ કાયદો ૩૧ માર્ચ ૨૦૨૯થી લાગુ પડશે

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં બુધવારે યોજાયેલી કેબિનેટ બેઠકમાં નારી શક્તિ વંદન અધિનિયમમાં સુધારાના ડ્રાફ્ટ બિલને મંજૂરી આપવામાં આવી. આ પ્રસ્તાવ હેઠળ લોકસભાની બેઠકો હાલની ૫૪૩થી વધારીને ૮૧૬ કરવામાં આવશે, જેમાં ૨૭૩ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે.

સરકારે બજેટ સત્રને લંબાવીને ૧૬ થી ૧૮ એપ્રિલ સુધી સંસદનું વિશેષ સત્ર બોલાવ્યું છે, જેમાં આ સુધારા બિલને પસાર કરવામાં આવે તેવી સંભાવના છે.

સંસદમાંથી મંજૂરી મળ્યા બાદ આ કાયદો ૩૧ માર્ચ ૨૦૨૯થી લાગુ પડશે. તે જ વર્ષે યોજાનારી લોકસભા ચૂંટણી અને કેટલાક રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓમાં પ્રથમ વખત પ્રભાવી થશે. પ્રસ્તાવ મુજબ અનામત વર્ટિકલ આધાર પર લાગુ પડશે, એટલે કે અનુસૂચિત જાતિ અને જનજાતિની અનામત બેઠકોમાં પણ મહિલાઓ માટે હિસ્સો નક્કી કરવામાં આવશે. રાજ્યોની વિધાનસભાઓમાં પણ આ જ પ્રમાણમાં બેઠકોનું આરક્ષણ થશે.

સરકાર એક બંધારણીય સુધારા બિલની સાથે-સાથે સીમાંકન કાયદામાં સુધારા માટે અલગ સામાન્ય બિલ પણ લાવશે. જેથી નવેસરથી બેઠકોનું નિર્ધારણ થઈ શકે.



આર્થિક ડામાડોળ પરિસ્થિતિએ કૈલાશ માનસરોવરની યાત્રા મોંઘી કરી

# હવે કૈલાશ માનસરોવરમાં ૨૦% પેકેજના વધારા સાથે રૂ. ૩ લાખ ખર્ચવા પડશે

## મધ્ય પૂર્વમાં ચાલી રહેલી યુદ્ધ જેવી સ્થિતિને કારણે વિમાનના ભાડા અને ટ્રાન્સપોર્ટ મોંઘા થયા છે

**અબતક, અમદાવાદ**

કૈલાશ માનસરોવર જવાનું સપનું જોતા શ્રદ્ધાળુઓ માટે આંચકાજનક સમાચાર છે. આ વર્ષે યાત્રાના પેકેજમાં ૨૦%નો વધારો થયો છે, જેના કારણે હવે એક વ્યક્તિનો ખર્ચ રૂ.૩ લાખ સુધી પહોંચી ગયો છે. ગયા વર્ષ સુધી આ ખર્ચ આશરે રૂ. ૨.૫ લાખ હતો. મધ્ય પૂર્વમાં ચાલી રહેલી યુદ્ધ જેવી સ્થિતિને કારણે વિમાનના ભાડા અને ટ્રાન્સપોર્ટ મોંઘા થયા છે.

નેપાળના ટૂર ઓપરેટરોએ હોટેલ, જમવા અને સ્ટાફના ખર્ચમાં વધારો કર્યો છે. ચીન તરફથી પણ વ્યક્તિદીઠ આશરે ૧૫૦ ડોલરનો વધારો કરવામાં આવ્યો છે. હેલિકોપ્ટર રૂટ પર રૂ. ૧૫,૦૦૦ થી રૂ. ૨૫,૦૦૦ સુધીનો સીધો વધારો થયો છે. પાંચ વર્ષના લાંબા વિરામ બાદ ગયા વર્ષે જ આ યાત્રા પૂરી રીતે શરૂ થઈ હતી, અને હવે તરત જ રૂ.૫૦,૦૦૦ જેવો મોટો વધારો ઝીંકવામાં આવતા મધ્યમ વર્ગના ભક્તોના બજેટ ખોરવાઈ શકે છે. ગુજરાતમાંથી દર વર્ષે અંદાજે ૫,૦૦૦ જેટલા લોકો નેપાળના રસ્તે માનસરોવર જાય છે જો ચીન સરકાર ભોજન માટે 'સેન્ટ્રલાઈઝ્ડ કિચન' સિસ્ટમ લાવશે, તો ખર્ચ હજુ પણ વધી શકે તેવી શક્યતા છે.

# રાજ્ય સરકાર-ચૂંટણી પંચ વચ્ચે ઘર્ષણ ચરમસીમાએ તામિલનાડુના ચીફ સેક્રેટરી ડીજીપીનું ટ્રાન્સફર!

## તમિલનાડુના મુખ્યમંત્રી અને ડીએમકે અધ્યક્ષ એમ.કે. સ્ટાલિનએ આ નિર્ણયની તીવ્ર નિંદા કરતા ચૂંટણી પંચને "બીજેપીની શાખા" તરીકે વર્ણવ્યું



**અબતક, રાજકોટ**

તમિલનાડુમાં મુખ્ય સચિવ અને ડીજીપીના સ્થાનાંતરણના નિર્ણયને લઈને રાજ્ય સરકાર અને ભારતીય ચૂંટણી પંચ વચ્ચે તીવ્ર ઘર્ષણ સર્જાયું છે.૨૩ એપ્રિલે યોજાનાર તમિલનાડુ વિધાનસભા ચૂંટણીનો રાજકીય વિવાદ ચરમસીમાએ પહોંચી ગયો છે.ચૂંટણી પંચે તમિલનાડુના મુખ્ય સચિવ એન. મુરુગાનંદમને તાત્કાલિક અસરથી હટાવીને તેમના સ્થાને વરિષ્ઠ અધિકારી એમ. સાઈ કુમાર (૧૯૯૦ બેચના આઈએએસ)ને નિયુક્ત કર્યા. સાથે જ, આર્મ્ડ પોલીસ, વિજિલન્સ અને એન્ટી-કરપ્શન વિભાગના ડીજીપી એસ. ડેવિડસન દેવાસિર્વાથમને પણ હટાવીને તેમના સ્થાને સંદીપ મિત્તલને નિયુક્ત કરવામાં આવ્યા.

ચૂંટણી પંચે આ આદેશમાં સ્પષ્ટ જણાવ્યું કે આ ફેરફારો ચૂંટણી તૈયારીના ભાગરૂપે કરવામાં આવ્યા છે. આદેશમાં કહેવામાં આવ્યું કે બહાર જનાર અધિકારીઓને ચૂંટણી સંબંધિત કોઈ પણ પદ પર ન મૂકવામાં આવે અને નવા અધિકારીઓની જોડાણ અને અનુપાલન અહેવાલ સાંજે ૬ વાગ્યા સુધીમાં મોકલવામાં આવે.

તમિલનાડુના મુખ્યમંત્રી અને ડીએમકે અધ્યક્ષ એમ.કે. સ્ટાલિનએ આ નિર્ણયની તીવ્ર નિંદા કરી છે. તેમણે ચૂંટણી પંચને "બીજેપીની શાખા" તરીકે વર્ણવ્યું અને કહ્યું કે આ નિર્ણય એકપક્ષીય, અન્યાયી અને રાજકીય પ્રેરિત છે. સ્ટાલિને પ્રશ્ન કર્યો કે, "ચૂંટણી પંચ કોને મદદ કરવા માગે છે? ડીએમકેની જીતને કોઈ રોકી શકશે નહીં." તેમણે વધુમાં કહ્યું કે, થોડા

(અનુ. આઠમા પાને)

### બંગાળમાં ૯૧ લાખ મતદારોના નામ હટાવવામાં આવ્યા તો પણ મતદાન કરશે?

પશ્ચિમ બંગાળમાં એસઆઈઆરની પ્રક્રિયા પૂર્ણ થયા પછી લગભગ ૯૧ લાખ મતદારોના નામ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. ઓક્ટોબર ૨૦૨૫માં કુલ મતદારો ૭.૬૬ કરોડ હતા. તેમાંથી અત્યાર સુધીમાં ૯૦.૮૩ લાખ નામ હટાવવામાં આવ્યા. લગભગ ૧૧.૮૫% મતદારો ઓછા થયા. એટલે કે હવે રાજ્યમાં ૬.૭૬ કરોડ મતદારો છે.ચૂંટણી પંચે હજુ અંતિમ આંકડા જાહેર કર્યા નથી. આ ઉપરાંત, તપાસ હેઠળ આવેલા ૬૦.૦૬ લાખ મતદારોમાંથી ૨૭.૧૬ લાખના નામ હટાવવામાં આવ્યા. બાંગ્લાદેશ સરહદને અડીને આવેલા જિલ્લાઓમાં પણ મોટા પાયે નામ હટાવવામાં આવ્યા. નોર્થ ૨૪ પરગણામાં ૫.૯૧ લાખમાંથી ૩.૨૫ લાખ નામ હટાવવામાં આવ્યા. જ્યારે, ૮.૨૮ લાખમાંથી ૨.૩૯ લાખ નામ હટાવવામાં આવ્યા.

બાળક નહીં, પરિસ્થિતિ જ દોષી

# શિક્ષણમાં 'ઢ' પણા માટે જવાબદાર કોણ, માતા-પિતા, શિક્ષક કે પ્રણાલી ?

## મોટા ધોરણના છાત્રો પણ ગુજરાતી કડકડાટ વાંચી શકતા નથી અને ૧ થી ૧૦૦ની સંખ્યા ઓળખી શકતા નથી: આજે દરેક વર્ગમાં દસ ટકાથી વધુ છાત્રો ગણન પ્રક્રિયામાં નબળા જોવા મળે છે

વાંચન, ગણન અને લેખનમાં દેખાતું 'ઢ' પણું ઘણીવાર બાળકની ક્ષમતાનો અભાવ નહીં, પરંતુ આસપાસની પરિસ્થિતિઓનું પ્રતિબિંબ હોય છે. ઘરમાં અભ્યાસ માટે યોગ્ય વાતાવરણનો અભાવ, માતા-પિતાની વ્યસ્તતા કે માર્ગદર્શનની અછત, શાળામાં ગુણવત્તાપૂર્ણ શિક્ષણ અને વ્યક્તિગત ધ્યાનનો અભાવ, તેમજ અતિશય સ્ક્રીન ઉપયોગ જેવા પરિબળો બાળકના મૂળભૂત કૌશલ્યોને અસર કરે છે. દરેક બાળક શીખવાની ગતિ અને રીતમાં અલગ હોય છે, તેથી તેને 'ઢ' કહેવા કરતાં તેની મુશ્કેલીઓને સમજવી અને યોગ્ય માર્ગદર્શન આપવું વધુ જરૂરી છે. સાચી દિશા, પ્રોત્સાહન અને સહાયક વાતાવરણ મળવાથી કોઈપણ બાળક પોતાની ક્ષમતાને વિકાસ આપી શકે છે. શિક્ષણમાં 'ઢ' પણા માટે જવાબદાર કોણ, માતા-પિતા, શિક્ષક કે પ્રણાલી ? વાંચન-ગણન-લેખનમાં 'ઢ' પણા માટે કોણ જવાબદાર? આ પ્રશ્ન ચિંતા અને ચિંતનનો છે. વાંચન-ગણન-લેખન જેવા શિક્ષણનાં પાયાના ત્રણ સ્ટેપમાં નબળા છાત્રોનો વિકાસ રૂંધાઈ જાય છે. વર્ષોથી આ સમસ્યા શિક્ષણને નડી રહી છે. ખાનગી કે સરકારી શાળા આવા નબળા બાળકોની સમસ્યા એક સરખી જ જોવા મળે છે. આજે તો બાળક જોઈને પણ સાચું લખી શકતો નથી, આરોહ-અવરોહથી નિયમિત વાંચન સાથે ભાષા અને ગણિત જેવા વિષયો પર પ્રારંભથી જ ભાર મૂકવાની જરૂર છે.



પ્રાથમિક શાળાના છાત્રો કક્કો-બારાક્ષરી વાંચી શકતા નથી. હાલના યુગમાં સ્માર્ટ ફોનને કારણે બાળકો 'સ્માર્ટ' થયા પણ શિક્ષણમાં 'ઢ' થઈ ગયા છે. વાંચન ગણન અને લેખનમાં અપરિપકવતા અને ઢ પણાની સમસ્યા માત્ર શાળામાં ભણતા વિદ્યાર્થીઓ પૂરતી મર્યાદિત નથી બાળ વિદ્યાર્થીઓ જ નહીં પણ આપણે સૌ મોટેરા પણ જીવનના ભણતરમાં ઢ સાબિત થાય તેવી પરિસ્થિતિ છે. કુદરતે મનુષ્યને શક્તિશાળી મગજનું ઉપહાર આપ્યું છે તેનો ઉપયોગ કરવાનું ભૂલી ગયા છીએ અત્યારે વિદ્યાર્થીઓ માટે વાંચન અને લેખનની જેમ સમાજના દરેક વ્યક્તિઓ માટે જીવનના મૂલ્યોનું અવલોકન સતત નવું શીખતું રહેવાનું કર્તવ્ય વિસરાઈ ગયું છે. મગજની અપરંપાર શક્તિનો તાગ જ આપણે મેળવી શક્યા નથી અને વાંચન ગણન અને લેખનથી દૂર થતા જઈએ છીએ. ભણવામાં હોશિયારી અને બધું શીખવાની જવાબદારી માત્ર વિદ્યાર્થીઓની જ નથી વાંચન ગણન લેખનમાં ઢ માટે સમાજમાં કોણ જવાબદાર છે, તેમાં વિદ્યાર્થીઓ સાથે મોટેરા પણ આવી જાય કુદરતે આપેલી વિરાટ શક્તિ જેવી મગજ શક્તિનો અત્યારે ઉપયોગ કરવાનો વિસરાઈ ગયું છે, જો સતત શીખતું રહેવાની, અધ્યયન અને મનન કરવાની ચીવટ આપણે ભૂલી જઈશું તો વાંચન ગણન લેખનમાં સમાજ આખો ઢ થઈ જશે.




આજે શાળામાં ધો.૫ થી ૮ ના મોટા છાત્રો પણ કડકડાટ વાંચી શકતા નથી. ઘણી હાઈસ્કુલમાં અભ્યાસ કરતા ધો.૯ ના છાત્રો સરખુ વાંચી શકતા નથી. પ.ય,ટ,ડ,ઢ,ઠ, ધ,ઘ, જેવા અક્ષરને ઓળખી શકતા નથી. લેખનની વાત આવે ત્યારે આવા શબ્દો ખોટા લખે છે. આપણા ગુજરાતમાં સરકારી હોય કે ખાનગી શાળાના છાત્રોમાં વાંચન શુદ્ધિનો અભાવ જોવા મળે છે. અંગ્રેજી માધ્યમની શાળાના બાળકોને ગુજરાતી વાંચતા જ નથી આવડતું. ગુજરાતીમાં મોબાઈલ નંબર બોલો તો ના લખી શકે તેને તો આંકડા અંગ્રેજીમાં બોલવા પડે છે. આપણા ગુજરાતમાં રહેતા છાત્રોને ગુજરાતી બોલતા કે લખતા ન આવડે તે કેમ ચલાવી લેવાય.

બાળ સંર્વાગી વિકાસની બુનિયામાં વાંચન ગણન અને લેખન જેવા ત્રણ સ્ટેપ પાયામાં સમાયેલા છે. આજ દિવસ સુધી આપણા છાત્રો એમાંજ કાચા હોવાથી તેમનો ઓવરઓલ શિક્ષણ વિકાસ અટકી જાય છે. આજે તમે પણ જોયુ હશે કે ધો.૬ થી ૮ કે ધો.૯ -૧૦નો છાત્ર બરોબર વાંચી નથી શકતો, જોડયા શબ્દો શુધ્ધ ઉચ્ચારણ સાથે બોલી શકતો નથી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પ્રથમ પાંચ વર્ષમાં આ ઉપર વિશેષ કામગીરી થયા બાદ બીજા સ્ટેપમાં ૩ વર્ષનો અભ્યાસ ક્રમ આવે છે. એટલે શરૂના દસ વર્ષ આ બાબતે તેની વિશેષ દરકાર કરાશે. હવે તો ધો.૧ થી ૫ સુધી ગુજરાતીમાં ભણાવાય છે, છતાં ઘણી અંગ્રેજી માધ્યમની સ્કૂલ બાલમંદિર થી જ અંગ્રેજીમાં ભણાવે છે.

સરકારનાં શિક્ષણવિભાગ દ્વારા વાંચન-ગણન અને લેખન બાબતોના ઉપચારત્મક શિક્ષણ વર્ગો પણ કર્યા આ ત્રણેયમાં નબળા બાળકોને શાળા છૂટયા બાદ પણ ભણાવ્યા પણ રીઝલ્ટ મળેલ નથી. સરકારી શાળાઓમાં આ સમસ્યા વિશેષ જોવા મળે છે. સાદા શબ્દો-કાનાવાળા શબ્દો જોડયા શબ્દો સાથે વાકયો ફકરો લખવાનો કે બોલવાનો મહાવરો સતત છાત્રોને મળે તો જ બાળકો આ કૌશલ્ય હસ્તગત કરી શકે છે. ધો.૧-૨ માં પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન અર્થાત પ્રજ્ઞા અભિગમમાં તેની ક્ષમતા સિધ્ધ થયા બાદ જ આગળનાં સ્ટેપે જવા દેવામાં આવે છે. બે વર્ષની આ પ્રક્રિયાબાદ ધો.૩-૪ સતત આજ દ્દઢિકરણને કારણે તેનો વિકાસ કરાય છે.

પાયાના શિક્ષણ કે પ્રાથમિક શિક્ષણમાં જો બાળકને વાંચતા લખતા જ ન આવડે તો તેને પ્રશ્નોના જવાબ લખતા કેમ કરી શકો, આ સમસ્યા શિક્ષક ને સતત મુંઝવે છે. ભાષા સાથે ગણિતની અગત્યતા છે. પ્રારંભે સંખ્યા જ્ઞાન મેળવ્યા બાદ સરવાળા-બાદબાકી-ગુણાકાર અને ભાગાકાર શિખવી શકો છો. ૧ થી ૧૦૦ સુધી ન ઓળખનારો બાળક ગણન પ્રક્રિયા કેમ કરી શકે. અંક તોરણ-પ્લેકાર્ડ જેવા ઘણાં શૈક્ષણીક રમકડાના માધ્યમથી તમો બાળકોને ઝડપથી શિખવી શકો છો, રમતા રમતાં પણ બાળક ગણિત શિખી શકે છે.

જી.સી.ઈ.આર.ટી. દ્વારા વાંચન ગણન-લેખનના માપદંડ નકકી કરાયા છે. જેમાં મોટા ફકરાનું વાંચન, આરોહ અવરોહ સાથેનું વાંચન, અર્થગ્રહણ ફકરાનું વાંચન, જોડાક્ષર વાળા ફકરાનું શ્રુતલેખન સાથે ફકરામાં વિરામ ચિન્હોનો ઉપયોગ સાથે સરવાળા -ભાગાકાર, બાદબાકી ગુણાકાર જેવા વ્યવહારિક દાખલા માં કુલ ૨૫ ટકા બાળકો કરી શકે છે, તેવું જોવા મળે છે.વાંચન- લેખનમાં તો આનાથી પણ ઓછી ટકાવારીનું પ્રમાણ જોવા મળ્યું છે. શિક્ષણ એ આજીવન ચાલતી પ્રક્રિયા છે. શિક્ષણ દ્વારા વાંચન-ગણન-લેખન શીખવી તેનામાં વિવિધ મૂલ્યો વિકસાવી જીવન જીવવાની કળાના આવશ્યક કૌશલ્યો કેળવીને સમાજનો ઉતમ નાગરીક બનાવવાનો છે. ધો.૩ થી ૮નાં તમામ વિદ્યાર્થીઓને ભાષા-ગણિત જેવા વિષયોમાં નિપુણ બનાવવાનો છે. વિદ્યાર્થીઓમાં વાંચન-ગણન અને લેખનની ત્રણેય બાબતમાં કચાશ દૂર થાય તેવું વાર્ષિક આયોજન વર્ગ શિક્ષકે કરવું જ પડશે. ભાષા સજજતા અને ગાણિતીક કૌશલ્યોના ગુણાંક માટે યોગ્ય મૂલ્યાંકન અને તેનું મોનીટરીંગ પણ હોવું જરૂરી છે. બાળક ફકરો વાંચીને તેનો ટુકસાર 'સાર લેખન' માં પોતે જાતે ભૂલ વગર લખી શકે એટલો પાવર ફુલ હોવો જોઈએ. નિયમિત લેખન કૌશલ્યના વિકાસ માટે ગુજરાતી-હિન્દી-અંગ્રેજી આ ત્રણેય ભાષાની દસ લીટી સતત લખવી જરૂરી છે. આ કારણે વાંચન કૌશલ્યનુ મહત્વ ઓછુ આંકી ન શકાય કે તેની ઉપેક્ષા કરી શકાય નહીં.શાળા અનેક વિષયોનાં અભ્યાસ થકી વિદ્યાર્થીઓમાં જ્ઞાનનું સિંચન કરે છે, જેમકે ઈતિહાસનાં શિક્ષણ દ્વારા માનવીના ભૂતકાળને સમજી તેનું મૂલ્યાંકન કરે તો નાગરીક-ભૂગોળ દ્વારા સારી રીતભાત રહેણી કરણી અને મનુષ્યના જીવનનો સાચા અર્થમાં પરિચય પ્રાપ્ત કરે છે. ગણિત દ્વારા કુદરતની ગર્ભિત બાબતો સમજવાનો પ્રયાસ કરે છે. જયારે ભાષા દ્વારા તે વિચારોના વિનીમય માટે જરૂરણી કૌશલ્યો કેળવે છે. વિવિધ વિષયો દ્વારા જ્ઞાન મેળવે છે, પણ આ બધા વિષયો દ્વારા જ્ઞાન મેળવવાનું અસરકારક અને સક્ષમ કોઈ સાધન હોય તો તે છે વાંચન.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

### માતૃભાષાને આધાર બનાવીને અંગ્રેજી શીખવવાનો સંતુલિત અભિગમ વધુ અસરકારક સાબિત થાય

અંગ્રેજી માધ્યમમાં ભણતા ઘણા વિદ્યાર્થીઓ માટે માતૃભાષા ગુજરાતીમાં વાંચન, લેખન અને ગણન નબળું રહેવાનું એક વાસ્તવિક પરિબળ બની ગયું છે. કારણ કે બાળકનો પ્રાથમિક વિચાર વિકાસ તેની પોતાની ભાષામાં વધુ સ્વાભાવિક રીતે થાય છે, જ્યારે શરૂઆતથી જ અંગ્રેજી પર ભાર મૂકવાથી સમજ કરતાં રટણ વધારે થાય છે. પરિણામે, બાળકો ન તો અંગ્રેજીમાં પૂરી રીતે પકડ બનાવી શકે છે અને ન જ પોતાની ભાષામાં મજબૂત બની શકે છે. શાળાઓમાં પણ ગુજરાતી માટે પૂરતું ધ્યાન ન આપવાના કારણે આ ખામી વધે છે. તેથી, બાળકના મજબૂત બૌદ્ધિક વિકાસ માટે માતૃભાષાને આધાર બનાવીને અંગ્રેજી શીખવવાનો સંતુલિત અભિગમ વધુ અસરકારક સાબિત થાય છે.

**અંગ્રેજી માધ્યમમાં ભણતા ઘણા વિદ્યાર્થીઓ માટે ગુજરાતીમાં વાંચન, લેખન અને ગણન નબળું રહેવાનું એક વાસ્તવિક પરિબળ બની ગયું છે: બાળ સંર્વાગી વિકાસમાં વાંચન ગણન અને લેખન જેવા ત્રણ સ્ટેપ પાયામાં સમાયેલા છે**

# શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના ૫૪૯માં પ્રાગટ્ય પર્વે બ્રહ્મસંબંધ દીક્ષાનું આયોજન

## વૈષ્ણવાચાર્ય ગોસ્વામી શ્રીમાન પરાગકુમારજી મહોદય દ્વારા સર્વોત્તમ હવેલી ખાતે બ્રહ્મસંબંધ દીક્ષા અપાશે

**અબતક, રાજકોટ**

પુષ્ટિમાર્ગના સ્થાપક જગદગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના ૫૪૯મા પાવન પ્રાગટ્ય મહોત્સવની રાજકોટમાં અલૌકિક ઉજવણી કરવામાં આવશે. આ મંગલ અવસરે શહેરના ગોંડલ રોડ પર પી.ડી.એમ. કોલેજ પાસે, ૬/૮ અંબાજી કડવા પ્લોટમાં આવેલી શ્રી સર્વોત્તમ હવેલી ખાતે બ્રહ્મસંબંધ દીક્ષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૧૩ એપ્રિલને સોમવારે ચૈત્ર વદ એકાદશીના પવિત્ર દિવસે સવારે ૯ કલાકે યુવા વૈષ્ણવાચાર્ય ગોસ્વામી શ્રીમાન પરાગકુમારજી મહોદયશ્રી દ્વારા વૈષ્ણવોને બ્રહ્મસંબંધ દીક્ષા આપવામાં આવશે.આ અવસરે બ્રહ્મસંબંધ દીક્ષા લેવા ઈચ્છતા વૈષ્ણવોએ તારીખ ૧૧ એપ્રિલ સુધીમાં નામની નોંધણી કરાવવાની રહેશે. નામ નોંધણી તથા વધુ વિગતો માટે રઘુરાજભાઈ સિસોદિયાના મો.નં. ૯૩૭૬૯૪૭૧૩૧, પ્રકાશભાઈ મેંદપરા ૯૮૨૫૨૨૭૬૦૧, હિરેનભાઈ પટેલ ૯૦૩૩૩ ૫૦૮૨૬, આશિષભાઈ વીશપરા ૯૯૦૯૨ ૯૦૦૯૮ અથવા હરેન્દ્રભાઈ નથવાણી ૯૮૨૪૪ ૧૭૦૧૮નો સંપર્ક કરી શકાશે.



# જૂનાગઢ વેટરનરી કોલેજના વિદ્યાર્થીઓને સંક્રમિત રોગથી બચાવ રસીકરણનું મહત્વ સમજાવાયું

## વર્લ્ડ હેલ્થ ડે નિમિત્તે આરોગ્ય જાગૃતિ અંગે યોજાયો સેમિનાર

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢમાં વર્લ્ડ હેલ્થ ડે નિમિત્તે તા. ૭ એપ્રિલે, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનું વિશ્વવિદ્યાલય, ખાતે એન.એસ.એસ યુનિટ અને જેન્ડર ચેમ્પિયન ક્લબ દ્વારા હેલ્થ એન્ડ હેલ્ધી લાઈફ વિષય પર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, સ્ટાફ અને પ્રાધ્યાપકોનો ઉત્સાહપૂર્ણ પ્રતિસાદ રહ્યો હતો.

એન.એસ.એસ સ્વયંસેવક દ્વારા હેલ્થ અવેરનેસ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. ઉપરાંત, વ્યક્તિગત સ્વચ્છતા, સંક્રમિત રોગોથી બચાવ, રસીકરણનું મહત્વ અને પર્યાવરણ સ્વચ્છ રાખવાની જવાબદારી, આરોગ્યપ્રદ જીવનશૈલી, સંતુલિત આહાર, નિયમિત વ્યાયામ, પૂરતી ઊંઘ અને માનસિક આરોગ્યના મહત્વ અંગે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષ તરીકે વેટરનરી કોલેજ, જૂ'નાગઢના આચાર્ય ડો. એમ. ડી. ઓડેદરા હાજર રહ્યા હતા. આભાર વિધિ ડો. મોનાલી ભેસાણીયા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ડો. પ્રણવ અંજારિયા દ્વારા કરવામાં આવ્યું હતું.



# જસદણઃ વર્ધમાન ચેરી. ટ્રસ્ટ દ્વારા જલારામ મંદિર ખાતે મંગળવારે દંતયજ્ઞ કેમ્પ યોજાશે

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

ધીરગુરુદેવની પ્રેરણાથી વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ તથા ડીવાઈન ચેરીટેબલ ફોર હેલ્થ એજ્યુકેશન રાજકોટ દ્વારા શ્રી જલારામ મંદિર જસદણના સહયોગથી જસદણ ખાતે આગામી તા.૧૪/૦૪/૨૬ ને મંગળવારના ભવ્ય દંતયજ્ઞ નિદાન કેમ્પનું આયોજન કરેલ છે. આ કેમ્પમાં દાંતના દર્દીઓનું નિદાન, દવાઓ તથા બત્રીસી (ચોકઠા) વિના મુલ્યે સ્થળ ઉપર માપ લઈ બનાવી આપવામાં આવશે. હલતા, દુઃખતા, સડેલ દાંત દાઢ આર્યુવેદની જાલંધર બંધ યોગ પધ્ધતિ થી વિના મુલ્યે કાઢી આપવામાં આવશે. આ કેમ્પમાં જાણીતા ડો.જયસુખભાઈ મકવાણા તથા તેમની ટીમ સેવા આપશે. નિદાન કેમ્પનું સ્થળ જલારામ મંદિર પટેલ સ્ટ્રીટ જસદણ ખાતે સવારે ૯ થી બપોર ૧ સુધી રાખેલ છે. આ કેમ્પનો બહોળી સંખ્યામાં દર્દીઓને લાભ લેવા અનુરોધ કરાયો છે.




# દ્વારકાના બ્રહ્માકુમારીઝ ત્રિલોકદર્શન આર્ટ ગેલેરી ખાતે કાલથી રાજયોગ ધ્યાન શિબિરનો પ્રારંભ



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાના બ્રહ્માકુમારીઝ ત્રિલોકદર્શન આર્ટ ગેલેરી ખાતે તા. ૧૦ એપ્રિલના રોજ રાજયોગ નિઃશુલ્ક ધ્યાન શિબિરનું આયોજન સાંજે ૫થી ૭ સુધી કરવામાં આવેલ છે. આજના બદલાતા આધુનિક યુગમાં મનુષ્ય અનેક શારીરિક, માનસિક અને સામાજિક સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે. મનુષ્યને તણાવમુક્ત જીવનમાથી સંપૂર્ણ સ્વાસ્થ્ય તરફ લઈ જવાના હેતુથી આ રાજયોગ ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આ ધ્યાન શિબિરમાં જોડાવવા રજી. ૬૩૫૪૮ ૫૭૨૪૬, ૯૯૨૪૬ ૬૩૯૯૦ પર રજીસ્ટ્રેશન કરાવવા જણાવ્યું છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૯-૦૪-૨૦૨૬ ગુરુવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કરસનદાસ પે એન્ડ યુઝ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (નરગીસ કોફતા)+(પનીર બેગમ બહાર)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.વિશાલ પોપટાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૦-૦૪-૨૦૨૬ શુક્રવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૦-૪ -૨૦૨૬ શુક્રવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ચૈત્ર વદ આઠમ કાલષ્ટમી
**નક્ષત્ર** પુર્વાષાઢા
**યોગ** શિવ **કરણઃ** બાલવ
**સુર્યોદય** ૬.૩૩ **સુર્યાસ્તઃ** ૭.૦૪
**ચંદ્ર રાશી** ધન સાંજે ૬.૦૫થી મકર
**રાશિ અક્ષર** ભ.ફ.ધ/ખ.જ.
**દિશાશૂળ** પશ્ચીમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા** ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા** રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૫ થી ૧.૧૪

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૦૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૪ | | | | ૫ | | |
| ૫ | | | | | ૮ | | | ૪ |
| | ૨ | | | ૬ | | | | |
| ૭ | | ૨ | | | ૯ | | ૩ | |
| | | | ૭ | | ૬ | | | ૯ |
| | | | | | | | | |
| | ૬ | | ૯ | | | ૨ | | |
| | | | | | ૫ | | | |
| | | ૩ | | | | | ૧ | ૮ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૦૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૫ | ૯ | ૭ | ૩ | ૬ | ૪ | ૮ |
| ૮ | ૩ | ૬ | ૧ | ૪ | ૫ | ૨ | ૯ | ૭ |
| ૭ | ૪ | ૯ | ૬ | ૨ | ૮ | ૧ | ૩ | ૫ |
| ૫ | ૮ | ૨ | ૪ | ૩ | ૧ | ૯ | ૭ | ૬ |
| ૬ | ૧ | ૪ | ૮ | ૯ | ૭ | ૫ | ૨ | ૩ |
| ૯ | ૭ | ૩ | ૫ | ૬ | ૨ | ૪ | ૮ | ૧ |
| ૩ | ૫ | ૭ | ૨ | ૧ | ૯ | ૮ | ૬ | ૪ |
| ૪ | ૯ | ૧ | ૭ | ૮ | ૬ | ૩ | ૫ | ૨ |
| ૨ | ૬ | ૮ | ૩ | ૫ | ૪ | ૭ | ૧ | ૯ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૦.૪.૨૦૨૬ શુક્રવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર વદ આઠમ, પૂર્વાષાઢા નક્ષત્ર, શિવ યોગ કૌલવ કરણ આજે સાંજે ૬.૦૪ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ ધન (ધ,ભ,ફ,ઢ) ત્યારબાદ મકર (ખ,જ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : આંતરિક શકિત વધે, દિવ્ય ચેતનાનો વિકાસ થાય, લાભ આપતો દિવસ,પ્રગતિ થાય.
**વૃષભ** (બ,વ,ઉ) : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, ધાર્યા કામ પાર પાડી શકો.
**મિથુન** (ક,છ,ઘ) : મનમાં ચીડિયાપણું રહે, માનસિક વ્યગ્રતા રહે, મન નું ધાર્યું ના થાય,મધ્યમ દિવસ.
**કર્ક** (ડ,હ) : ભાગીદારીમાં કામ કરતા મિત્રોને સારું રહે, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.
**સિંહ** (મ,ટ) : તબિયતની કાળજી લેવી, ખાણી પીણી બાબત ધ્યાન રાખવા સલાહ છે, જીવનપદ્ધતિમાં ફેરફાર કરવા પડે.
**કન્યા** (પ,ઠ,ણ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો,મનની વાત વ્યક્ત કરી શકો. દિવસ ખુશનુમા વીતે.
**તુલા** (ર,ત) : તમારા પોતાના શોખ માટે સમય ફાળવી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, દિવસ આનંદમાં પસાર કરી શકો.
**વૃશ્ચિક** (ન,ય) : નવી પ્રતિભા કેળવી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**ધન** (ધ,ભ,ફ ,ઢ) : તમારા સૌમ્ય વાણી-વર્તનથી લાભ થાય, નોકરિયાતવર્ગને સારું રહે, પ્રગતિકારક દિવસ રહે.
**મકર** (ખ,જ) : તમારા ક્ષેત્રમાં આગળ વધી શકો, વેપારીવર્ગને સારું રહે, સ્તિરવર્ગને મધ્યમ રહે,કામકાજમાં સફળતા મળે.
**કુંભ** (ગ,સ,શ) : ખર્ચ પર અંકુશ રાખવો પડે, આવક જાવક નો મેળ કરવો જરૂરી. વધુ વિશ્વાસે ના ચાલવું.
**મીન** (દ,ચ,ઝ,થ) : નસીબ સાથ આપતું જણાય, આકસ્મિત લાભ થાય, ગમતી વ્યક્તિ સાથે સમય વિતાવી શકો.

# કોર્પોરેશનમાં આઠ વાર ભાજપને બહુમતઃ કોંગ્રેસે પણ એક વાર સત્તાસુખ ભોગવ્યું

## ૨૦૦૦થી ૨૦૦૫ સુધીની ટર્મમાં રાજકોટવાસીઓએ માત્ર એક વાર જ કોંગ્રેસને બહુમત આપ્યો બાકી તમામ ચૂંટણીમાં રાજકોટમાં કમળ જ ખીલ્યું

### ૧૯૯૫થી ૨૦૦૦ સુધીનો સમય કોંગ્રેસ માટે લાધાયુગ

૧૯૯૫થી ૨૦૦૦ સુધીનો પાંચ વર્ષનો સમય રાજકોટ મહાનગરપાલિકામાં કોંગ્રેસ માટે લાધાયુગ રહ્યો હતો. કારણ કે, શહેરના ૨૦ વોર્ડની ૬૦ બેઠકો પૈકી એક માત્ર બેઠક પર કોંગ્રેસના પ્રતિક એવા પંજા પરથી ચૂંટણી લડતા લાધાભાઈ બોરસદિયા વિજેતા બન્યા હતાં. જ્યારે બાકીની ૫૯ બેઠકો પર ભાજપના ઉમેદવાર જીત્યા હતાં. આજની તારીખે આ સમય ગાળાને લાધાયુગ તરીકે ઓળખવામાં આવે છે. તે સમયના શાસકો તંદુરસ્ત રાજકારણમાં માનતા હતાં. કોંગ્રેસ પાસે માત્ર એક બેઠક હોવા છતાં વિરોધપક્ષને જે સુવિધાઓ મળવી જોઈએ તે આપવામાં આવી હતી. એક માત્ર કોર્પોરેટર હોવા છતાં લાધાભાઈની ચેમ્બરની પણ ફાળવણી કરવામાં આવી હતી. જે કોંગ્રેસ ૧૯૯૫થી ૨૦૦૦ સુધીની ટર્મમાં માત્ર એક જ બેઠક જીતી શકી હતી તે ૨૦૦૦ની ચૂંટણીમાં ૪૪ બેઠકો જીતી પુર્ણ બહુમત સાથે સત્તામાં આવી હતી.

### મેયરની નામાવલી

- રમેશભાઈ છાયા (સરકાર નિયુક્ત)
- અરવિંદભાઈ મણીયાર
- વજુભાઈ વાળા
- વિનોદભાઈ શેઠ
- વજુભાઈ વાળા
- ભાવનાબેન જોશીપુરા
- વિજયભાઈ રૂપાણી
- ઉદયભાઈ કાનગડ
- ગોવિંદભાઈ સોલંકી
- મંજુલાબેન પટેલ
- અશોકભાઈ ડાંગર
- મનસુખભાઈ ચાવડા
- ગૌરીબેન સિંધવ
- ધનસુખભાઈ ભંડેરી
- સંધ્યાબેન વ્યાસ
- જનકભાઈ કોટક
- રક્ષાબેન બોળિયા
- ડો. જયમન ઉપાધ્યાય
- બિનાબેન આચાર્ય
- ડો. પ્રદિપ ડવ
- નયનાબેન પેઢડિયા

### ૨૦૦૫માં મેયર પદની અને ૨૦૧૫ સ્ટે.ચેરમેનની મુદત અઢી વર્ષની થઈ

રાજકોટ મહાનગરપાલિકામાં ૨૦૦૦ સુધી મેયર પદની મુદ્દત એક વર્ષની હતી એટલે કે, પાંચ વર્ષની ટર્મમાં પાંચ-પાંચ મેયર બદલી જતાં હતાં દરમિયાન રાજ્ય સરકાર દ્વારા ૨૦૦૦ની સાલમાં પ્રથમ નાગરિકની મુદત એક વર્ષથી વધારી અઢી વર્ષ કરવામાં આવી હતી જો કે, ત્યારે ડે. મેયર અને સ્ટે. કમિટિના ચેરમેનની મુદત એક-એક વર્ષની યથાવત રાખવામાં આવી હતી. ૨૦૧૫માં રાજ્યસરકાર દ્વારા ડે. મેયર, સ્ટે. કમિટિના ચેરમેન, શાસકપક્ષના નેતા, પક્ષના દંડક અને ૧૫ ખાસ સમિતિઓના ચેરમેનની મુદત એક વર્ષથી વધારી અઢી વર્ષ કરવામાં આવી હતી.

**અબતક, રાજકોટ**

રાજકોટને ૧૯ નવેમ્બર ૧૯૭૩ના રોજ મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યો હતો. ૧૯૭૫માં કોર્પોરેશનની પ્રથમ સામાન્ય ચૂંટણી થઈ હતી. અત્યાર સુધીમાં નવ વખત મહાપાલિકાની ચૂંટણી થઈ ચુકી છે. જેમાં રાજકોટવાસીઓએ આઠ વખત ભાજપને સ્પષ્ટ બહુમતી સાથે શાસનની ધુરા સોંપી છે. કોંગ્રેસને પણ એક વાર સત્તાસુખ પ્રાપ્ત થયું છે. સૌથી મોટી વાત એ છે કે, આજ સુધી એક પણ વખત એક પણ બેઠક પર ત્રીજા મોરચા કે, અપક્ષ ઉમેદવારની ક્યારેય જીત થઈ નથી. આ વણલખી પરંપરા આ વખતે પણ ચૂંટણીમાં જળવાઈ રહેશે કે આમ આદમી પાર્ટી ખાતુ ખોલાવવામાં સફળ રહેશે તે વાત પરથી ૨૮ એપ્રિલના રોજ પડદો ઉંચકાઈ જશે હાલના સમિકરણો અને માહોલ જોતા રાજકોટમાં પરિવર્તનની કોઈ જ શકયતા દેખાતી નથી. કોર્પોરેશનમાં કોર્પોરેશન ફરી એક વખત કમળ જ સત્તારૂપ થાય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

મહાપાલિકાનો દરજ્જો મળ્યા બાદ પ્રથમ વખત ૧૯૭૫માં સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. તે સમયે શહેરમાં ૧૮ વોર્ડ અસ્તિત્વમાં હતાં અને વોર્ડદીઠ ત્રણ બેઠકો રાખવામાં આવી હતી. એટલે કે, જનતાએ કુલ ૫૧ કોર્પોરેટરોને ચૂંટવાના રહેતા હતાં. બહુમતી માટે ૨૬ બેઠકોની આવશ્યકતા હતી તે સમયે ભાજપનું અસ્તિત્વ ન હતું પરંતુ જનતા મોરચો હતો. ૫૧ બેઠકો પૈકી ૩૨ બેઠકો પર જનતા મોરચાના ઉમેદવારો વિજેતા બન્યા હતાં. જ્યારે કોંગ્રેસના ફાળે ૧૯ બેઠખો આવી હતી. પ્રથમ બોર્ડ ૮ નવેમ્બર ૧૯૭૫ના રોજ મળ્યું હતું. શહેરના પ્રથમ ચુંટાયેલા મેયર તરીકે અરવિંદભાઈ મણીયારની વરણી કરવામાં આવી હતી. તેઓએ ૧૮ જુલાઈ ૧૯૮૦ સુધી પ્રથમ નાગરિક તરીકે જવાબદારી નિભાવી હતી. ત્યાર બાદ ૧૯૮૧માં બીજીવાર કોર્પોરેશનની ચૂંટણી યોજાઈ હતી. આ વેળાએ જનતા મોરચાનું ભારતીય જનતા પાર્ટીમાં મર્જ થઈ ગયું હતું વોર્ડની સંખ્યા ૧૮ રહેવા પામી હતી અને બેઠક પણ ૫૧ રહી હતી. મહાનગરપાલિકાની આ ચુંટણી સૌથી વધુ રોમાંચક રહી હતી. બહૂમતિ માટે જરૂરી એવી ૨૬ બેઠકો ભાજપને મળી હતી. સામા પક્ષે કોંગ્રેસના ૨૫ ઉમેદવારો વિજેતા બન્યા હતાં. માત્ર ૧ બેઠકની પાતળી બહુમતી છતાં ભાજપે પાંચ વર્ષ સુધી સત્તા ટકાવી રાખી હતી. ભાજપના એક કોર્પોરેટર પક્ષપલટાના મુડમાં હતાં. જો આવું થાય તો કોંગ્રેસની બહુમતિ થઈ જાય અને કોર્પોરેશનમાં સત્તા પરિવર્તન થઈ જાય આ સંભાવનાને પારખી તે સમયના લડાયક નેતા ચિમનભાઈ શુકલએ ત્રિકોણબાગ ખાતે ઉપવાસ આંદોલન શરૂ કર્યુ હતું.



સામાપક્ષે કોંગ્રેસના કદાવર નેતા મનોહરસિંહ જાડેજાએ પણ પક્ષ પલ્ટાથી સત્તા મળતી હોય તો અમારે સત્તા પર નથી આવું તેમ કહી સત્તાને ઠુકરાવી દીધી હતી. આજના તમામ રાજકીય પક્ષો અને ખુરશી માટે પક્ષ પલ્ટો કરી જેનાદેશ સાથે ગદ્દારી કરતા નેતાઓ માટે આ સૌથી મોટી પ્રેરણાદાયી ઘટના હતી. આ ટર્મમાં ૭ ફેબ્રુઆરી ૧૯૮૧થી લઈ ૧૬ ફેબ્રુઆરી ૧૯૮૩ સુધી અરવિંદભાઈ મણીયારની મેયર તરીકે નિયુક્તી કરવામાં આવી હતી. જ્યારે ૧૬ ફેબ્રુઆરી ૧૯૮૩થી ૬ ફેબ્રુઆરી ૧૯૮૭ સુધી વજુભાઈ વાળા મેયર રહ્યા હતાં. ઉપરાઉપર બે વખત દુષ્કાળ પડવાના કારણે બોડીની મુદ્દત બે વર્ષ માટે વધારી દેવામાં આવી હતી.

તે સમયે શહેરમાં પાણીની તિવ્ર કટોકટી હતી. ત્યારે ટ્રેનમાં પાણી લાવી રાજકોટવાસીઓની તરસ છીપાવવામાં આવી હતી. આ ઘટનાને પગલે વજુભાઈ વાળાને પાણીવાળા મેયરનું બિરુદ આપવામાં આવ્યું હતું. ૧૯૮૭માં મહાપાલિકાની ત્રિજી ચૂંટણી યોજાઈ હતી. જેમાં શહેરમાં એક વોર્ડ વધ્યો હતો. વોર્ડની સંખ્યા ૧૯ અને બેઠકો ૫૯ થવા પામી હતી. બહુમતિ માટે ૩૦ બેઠક જરૂરી હતી. જેની સામે ભાજપ ૩૨ બેઠકો પર વિજેતા બન્યું હતું. જ્યારે કોંગ્રેસને ફાળે ૨૭ બેઠક આવી હતી. ૮ ફેબ્રુઆરી ૧૯૮૭થી ૭ ફેબ્રુઆરી ૧૯૮૮ સુધી મેયર તરીકે વજુભાઈ વાળા, ૮ ફેબ્રુઆરી ૧૯૮૮ થી ૧૬ ફેબ્રુઆરી ૧૯૯૧ સુધી મેયર પદે વિનોદભાઈ શેઠ અને ૧૬ ફેબ્રુઆરી ૧૯૯૧થી ૩૧ ઓક્ટોબર ૧૯૯૩ સુધી ફરી મેયર પદે વજુભાઈ વાળાની નિયુક્તી કરવામાં આવી હતી. ૧૯૯૫માં શહેરનો વ્યાપ વધતા વોર્ડની સંખ્યા ૨૦ થવા પામી હતી અને બેઠકો ૬૦ થઈ હતી ચૂંટણીમાં ભાજપનું બુલડોઝર ફરી વળ્યું હતું. ૬૦માંથી ૫૯ બેઠકો પર કમળ ખીલ્યું હતું. જ્યારે કોંગ્રેસને સમખાવા પુરતી માત્ર એક જ બેઠક પ્રાપ્ત થઈ હતી. આ પાંચ વર્ષની ટર્મમાં મેયરનો કાર્યકાળ એક વર્ષનો રહ્યો હતો. જેમાં પ્રથમ એક વર્ષ માટે મેયર તરીકે ભાવનાબેન જોશીપુરાની વરણી કરાઈ હતી. જે રાજકોટના પ્રથમ મહિલા મેયર હોવાનું બહુમાન ધરાવે છે. ત્યાર બાદ મેયર તરીકે પૂર્વ મુખ્યમંત્રી દિવંગત વિજયભાઈ રૂપાણી, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ગોવિંદભાઈ પટેલ અને મંજુલાબેન પટેલની ક્રમશઃ એક-એક વર્ષ માટે નિયુક્તિ કરાઈ હતી.

વર્ષ ૨૦૦૦માં રાજકોટવાસીઓએ પરિવર્તનનો પવન ફુંક્યો હતો શહેરના સિમાડા વધવાના કારણે વોર્ડની સંખ્યા ૨૦થી વધી સીધી ૨૩ થવા પામી હતી. આ વેળાએ બેઠકો ૬૯ થઈ હતી. જેમાં ભાજપ સત્તાથી વિમુખ થઈ ગયું હતું. ૪૪ બેઠકો સાથે પ્રથમવાર કોંગ્રેસને રાજકોટ મહાનગરપાલિકામાં સત્તાસુખ પ્રાપ્ત થયું હતું. ભાજપ માત્ર ૨૫ બેઠકો જીતી શકી હતી. આ સમયમાં મેયરનો કાર્યકાળ જે અગાઉ એક વર્ષનો હતો તે વધીને અઢીવર્ષ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસના પ્રથમ મેયર તરીકે ૧૫ ઓક્ટોબરના રોજ અશોકભાઈ ડાંગરની વરણી કરવામાં આવી હતી. તેઓની મુદ્દત ૧૮ ફેબ્રુઆરી ૨૦૦૩ સુધીની રહી હતી. ત્યાર બાદ ૧૮ ફેબ્રુઆરી ૨૦૦૩ના રોજ મેયર તરીકે મનસુખભાઈ ચાવડાની નિયુક્તિ કરાઈ હતી. તેઓ વિવાદમાં આવતા ૨૭ એપ્રિલ ૨૦૦૪ના રોજ તેઓના સ્થાને ગવરીબેન સિંધવને કોંગ્રેસે મેયર પદે બેસાડી દીધા હતાં. જેઓ ૧૪ ઓક્ટોબર ૨૦૦૫ સુધી પ્રથમ નાગરિક તરીકે રહ્યા હતાં. ૨૦૦૫માં યોજાયેલી મહાપાલિકાની ચૂંટણીમાં ભાજપ કોંગ્રેસ પાસેથી સત્તા આંચકી લેવામાં સફળ રહ્યું હતું. ૨૩ વોર્ડની ૬૯ બેઠકો પૈકી ભાજપ ૫૯ બેઠકો પર વિજેતા બન્યુ હતું. જ્યારે કોંગ્રેસને ૧૦ બેઠકો મળી હતી. ૨૭ ઓક્ટોબર ૨૦૦૫ના રોજ મેયર તરીકે ધનસુખભાઈ ભંડેરીની નિયુક્તી કરવામાં આવી હતી. તેઓનો અઢી વર્ષનો કાર્યકાર ૧૯ જૂન ૨૦૦૮ના રોજ પૂર્ણ થતાં સંધ્યાબેન વ્યાસને મેયર બનાવવામાં આવ્યા હતાં. ૨૦૧૦માં યોજાયેલી કોર્પોરેશનની ચૂંટણીનું પરિણામ ૨૦૦૫ જેવું જ રહેવા પામ્યું હતું. ભાજપની એક બેઠક ઘટી હતી. જ્યારે કોંગ્રેસની એક બેઠક વધી હતી. ૫૮ બેઠકો સાથે ભાજપ સત્તારૂઢ થયું હતું. કોંગ્રેસને માત્ર ૧૧ બેઠક મળી હતી. ૧૫ ડિસેમ્બર ૨૦૧૦ના રોજ મેયર તરીકે જનકભાઈ કોટકની નિયુક્તિ કરવામાં આવી હતી. તેઓની અઢી વર્ષની ટર્મ પૂર્ણ થતાં ૧૪ જૂન ૨૦૧૩ના રોજ શહેરના પ્રથમ નાગરિકની જવાબદારી રક્ષાબેન બોળિયાના શિરે પક્ષે મુકી હતી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહિલાઓને ૩૩ ટકાના બદલે ૫૦ ટકા અનામતનો લાભ ૨૦૧૫થી આપવામાં આવ્યો હતો. ૫૦ ટકા મહિલા અનામત બાદ યોજાયેલી રાજકોટ મહાપાલિકાની સામાન્ય ચૂંટણીમાં શહેરના ૧૮ વોર્ડની ૭૨ બેઠકો પૈકી કોંગ્રેસ અને ભાજપ વચ્ચે રોમાંચક ટક્કર થઈ હતી. મતગણતરી વેળાએ બન્ને પક્ષો એક સમયે ૩૪-૩૪ બેઠકો જીતી સાથે ચાલતા હતાં. દરમિયાન વોર્ડ નં. ૬ ની છેલ્લે હાથ ધરવામાં આવેલી મત ગણતરીમાં તમામ ચારેય બેઠકો ભાજપને ફાળે જતાં ભાજપને ૩૮ બેઠકો સાથે સ્પષ્ટ બહુમતિ મળી હતી. ૧૪ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ ડો. જયમનભાઈ ઉપાધ્યાયની મેયર તરીકે વરણી કરવામાં આવી હતી. તેઓની અઢી વર્ષની ટર્મ પૂરી થતાં ૧૫ જૂન ૨૦૧૮ના રોજ બિનાબેન આચાર્યને મેયર પદે બેસાડવામાં આવ્યા હતાં. કોરોનાના કારણે ૨૦૨૧માં પણ કોર્પોશનની ચૂંટમી ત્રણ મહિના પાછી ઠેલાઈ હતી. ૨૦૨૧માં યોજાયેલી ૧૮ વોર્ડની ૭૨ બેઠકો પૈકી ૧૭ વોર્ડની ૬૮ બેઠકો પર ભાજપના ઉમેદવારો વિજેતા બન્યા હતાં. જ્યારે એક માત્ર વોર્ડ નં. ૧૫માં કોંગ્રેસના ચારેય ઉમેદવારોને જીત મળી હતી. ગત ટર્મ મેયર પદની પ્રથમ અઢી વર્ષની ટર્મ ઓબીસી કેટેગરી માટે અનામત હોય મેયર તરીકે યુવા નેતા ડો. પ્રદિપ ડવની નિયુક્તિ કરવામાં આવી હતી. જ્યારે પાછલા અઢી વર્ષની મહિલા અનામત માટે મેયર પદે નયનાબેન પેઢડિયાને નિયુક્ત કરાયા હતાં. આમ કોર્પોરેશન અત્યાર સુધી યોજાયેલી ૯ ચૂંટણીમાં ૮ વાર ભાજપ બહુમત સાથે સત્તામાં રહ્યું છે. જ્યારે એક વખત કોંગ્રેસને સત્તાસુખ મળ્યું છે.

---

બાર એસોસિએશન આયોજીત

# સ્વ. રાજકુમારસિંહ પરમારની સ્મૃતિમાં કાલથી રાત્રિ પ્રકાશ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ

## અટલ સરોવર સામે, રુદ્રાક્ષ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ત્રણ દિવસ વકીલો દલીલ બાજીને બદલે ક્રિકેટ ખેલશે

**અબતક, રાજકોટ**

રાજકોટ બાર એસોસીએશન આયોજીત સ્વ. રાજકુમારસિંહજી ક્રિપાલસિંહજી પરમાર મેમોરિયલ દ્વારા રાત્રી પ્રકાશ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું તારીખ ૧૦ ને શુક્રવારથી ત્રણ દિવસનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વધુ વિગત મુજબ રાજકોટ બાર એસોસીએશન આયોજિત સ્વ.રાજકુમારસિંહજી ક્રિપાલસિંહજી પરમાર મેમોરિયલ રાત્રી પ્રકાશ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું તા.૧૦ થી ૧૨ એપ્રીલ ૨૦૨૬ ના રોજ અટલ સરોવર સામે, ગોકુલ પાર્ટી પ્લોટ પાછળ રુદ્રાક્ષ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.આ ટુર્નામેન્ટમાં બાર ની ૧૬ ટીમે ભાગ લીધેલ છે.



રાજકોટ બાર એસોસીએશનના પ્રમુખ સુમીત વોરા, બાર કાઉન્સીલ ઓફ ગુજરાત સભ્ય દિલીપભાઈ પટેલ, અમૃતાબેન ભારદ્વાજ, પુર્વ પ્રમુખ પરેશ મારુ, ઉપપ્રમુખ સિધ્ધરાજસિંહ જાડેજા, સેક્રેટરી નિલેશ પટેલ, જોઈન્ટ સેક્રેટરી જયેન્દ્ર ગોંડલીયા, ટ્રેઝરર પ્રગતિ માકડીયા, લાઈબ્રેરી સેક્રેટરી કેતન મંડ, કારોબારી સભ્યો સ્તવન મહેતા, ભાર્ગવ પંડયા, વિજય રૈયાણી, સંજય ડાંગર, અશ્વિન રામાણી, કલ્પેશ સાકરીયા, દિપ વ્યાસ મહિલા કારોબારી સભ્યો હિરલ જોશી, નિશા લુણાગરીયા, મીનલ સોનપાલ, કો-ઓપ્ટ સભ્ય રક્ષાબેન ઉપાધ્યાય, હસુભાઈ સાગઠીયા માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. બાર એસોસીએશનના આયોજનમાં રુપરાજસિંહ પરમાર દ્વારા ખાસ સહયોગ આપવામાં આવેલ છે. ક્રિકેટ ટુર્નામેન્ટને. સફળ બનાવવા ક્રિકેટ કમીટીના સભ્યો ઈન્દુભા ઝાલા, વિશાલ ગોસાઈ, હિમાલય મીઠાણી, ધવલ તન્ના, કપીલ શુકલ, રાજભા ગોહીલ, પાર્થરાજસિંહ ઝાલા, હરેશ

(અનુ. આઠમા પાને)

બાર એસોસીએશન આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટ અબતક પર લાઈવ નિહાળો

અબ તક CHANNEL

| ઈન કેબલ | ડેન નેટવર્ક | રિયલ જીટીપીએલ-સુરત | સહયોગ નેટવર્ક |
|---|---|---|---|
| ૫૬૧ | ૫૭૩ | ૩૫૦ | ૧૦૫ |

YouTube Live
f LIVE
@abtakmedia

બાર એસોસીએશન આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટ અબતક પર લાઈવ નિહાળો તા.૧૦ થી ૧૨ એપ્રીલ સાંજે ૭.૦૦ કલાકે

---

# ૭૨ ટકા લોકોના મતે ટ્રાફિકના નિયમોનો ઉલાળીયો કરવો "સ્વેગ" બની ગયોઃ સર્વે

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવન દ્વારા ૧૪૫૬ લોકો પર થયેલ સર્વે રસ્તાઓ પર ડ્રાઈવિંગ કરતી વખતે લોકોની માનસિકતાના અનેક સ્તરોને ઉજાગર કરે છે

### સર્વેના તારણો

૧. તમે સામાન્ય રીતે રસ્તા પર હોવ ત્યારે કેવો અનુભવ કરો છો?
**પરિણામઃ** ૫૪.૩% શાંત, ૩૭.૩% ઉતાવળિયા, ૮.૧% ગુસ્સાનો અનુભવ.

૨. શું તમને વાહન ઝડપથી ચલાવતી વખતે સાહસ કે આનંદનો અનુભવ થાય છે અથવા શું તમે માનો છો કે ઝડપ એ સફળતા કે મર્દાનગીની નિશાની છે?
**પરિણામઃ** ૩૬.૯% હા (સફળતા/મર્દાનગી), ૬૩.૧% ના.

૩. જ્યારે તમે કોઈને જોખમી સ્ટંટ કરતા જુઓ છો ત્યારે તમને તે બહાદુરી લાગે છે કે મૂર્ખામી?
**પરિણામઃ** ૨૭.૨૦% બહાદુરી, ૭૨.૮% મૂર્ખામી.

૪. ટ્રાફિક સિગ્નલ બંધ હોય ત્યારે હોર્ન વગાડવાથી જલ્દી ખુલી જશે એવું તમને લાગે છે?
**પરિણામઃ** ૧૫% હા, ૮૫% ના.

૫. જો આગળનું વાહન થોડું ધીમું હોય તો શું તમને તરત જ ગુસ્સો આવે છે?
**પરિણામઃ** ૩૨.૭% હા, ૬૭.૩% ના.

૬. ''માત્ર ૨ મિનિટ માટે જ ઊભું રહેવું છે'' એમ વિચારીને રસ્તા વચ્ચે વાહન પાર્ક કરવું તમને યોગ્ય લાગે છે?
**પરિણામઃ** ૧૯% યોગ્ય, ૮૧% અયોગ્ય.

૭. શું તમે ક્યારેય એવો વિચાર કર્યો છે કે તમારા ખોટા પાર્કિંગથી કોઈ એમ્બ્યુલન્સ કે જરૂરિયાતમંદ વ્યક્તિ અટવાઈ શકે છે?
**પરિણામઃ** ૮૧.૫% એ વિચાર કર્યો છે, ૧૮.૫% એ નથી કર્યો.

૮. રેલ્વે ફાટક બંધ હોય ત્યારે રોંગ સાઈડમાં વાહન ઉભું રાખી આગળ નીકળી જવાની વૃત્તિ પાછળનું મુખ્ય કારણ?
**પરિણામઃ** ૨૭.૬% સમયની બચત, ૩૭.૩% દેખાદેખી, ૩૫.૧% અન્ય.

૯. નંબર પ્લેટ ગંદી કે અસ્પષ્ટ રાખવા પાછળનો હેતુ કાયદાથી બચવાનો હોય છે કે આળસ?
**પરિણામઃ** ૪૪.૧% કાયદાથી બચવા, ૫૫.૯% આળસ.

૧૦. શું તમને લાગે છે કે જો દંડ ન હોય, તો લોકો ટ્રાફિકના નિયમો પાળશે ખરા?
**પરિણામઃ** ૫૨% પાળશે, ૪૮% નહીં પાળે.

૧૧. શું ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરવું એ લોકો માટે હવે 'સ્વેગ' કે 'સ્માર્ટનેસ' બની ગયું છે?
**પરિણામઃ** ૭૨.૪% હા, ૨૭.૬% ના.

૧૨. રસ્તા પર શિસ્ત લાવવા માટે કડક કાયદા વધુ જરૂરી છે કે લોકોની માનસિકતામાં બદલાવ?
**પરિણામઃ** ૩૧.૬% કડક કાયદા, ૬૮.૪% માનસિકતામાં બદલાવ.

૧૩. શું તમે ક્યારેય તમારા મિત્રો કે અન્ય વાહનચાલકોને જોઈને વધુ ઝડપથી વાહન ચલાવ્યું છે?
**પરિણામઃ** ૨૮.૧% હા, ૭૧.૯% ના.

૧૪. જ્યારે કોઈ બીજા નિયમ તોડે છે, ત્યારે શું તમને એવું લાગે છે કે જો તે તોડે છે તો હું કેમ નહીં?
**પરિણામઃ** ૨૨.૯% હા, ૭૭.૧% ના.

૧૫. તમે ટ્રાફિક નિયમો કેમેરા કે પોલીસને જોઈને પાળો છો કે તમારી પોતાની સુરક્ષા માટે?
**પરિણામઃ** ૪૬.૨% પોલીસ/કેમેરા જોઈને, ૫૩.૮% પોતાની સુરક્ષા માટે.




અકસ્માતો અને ટ્રાફિક જામની સમસ્યા નિવારી શકાય છે. ડ્રાઈવિંગ એ માત્ર મશીન ચલાવવાની પ્રક્રિયા નથી, પણ તમારી સભ્યતા અને સંસ્કારનું પ્રદર્શન છે.

**અબતક, રાજકોટ**

ટ્રાફિક જામ, બંધ સિગ્નલ કે રેલ્વે ફાટક જેવા સંજોગોમાં, જ્યાં પરિસ્થિતિ આપણા હાથમાં નથી, ત્યાં સતત હોર્ન વગાડવા કે ઉતાવળ કરવી એ મનોવિજ્ઞાનની દ્રષ્ટિએ અત્યંત ગંભીર અને નકારાત્મક માનસિકતાના લક્ષણો છે. આવા લોકો પર ગુસ્સો કરવાને બદલે દયા રાખવી જોઈએ કેમ કે તેઓ માનસિક તકલીફમાં છે તેની તેમને ખબર નથી.પ્રોફેસર યોગેશ જોગસણ અને ડો. ધારા આર. દોશીના માર્ગદર્શનમાં જમોડ જયા , રામાણી સ્મિત, લાગરીયા ગૌતમ અને જાબુંસા દિવ્યા દ્વારા ૧૪૫૬ લોકો પર સર્વે હાથ ધરવામાં આવ્યો. પ્રોફેસર યોગેશ જોગસણ અને ડો. ધારા આર. દોશીના માર્ગદર્શન હેઠળ થયેલો આ સર્વે ભારતીય રસ્તાઓ પર ડ્રાઈવિંગ કરતી વખતે લોકોની માનસિકતાના અનેક સ્તરોને ઉજાગર કરે છે. આ સર્વે એ સાબિત કરે છે કે જો આપણે આપણી માનસિકતામાં થોડો બદલાવ લાવીએ અને ધીરજ રાખીએ, તો રસ્તા પરના ૯૦%

### મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ શા માટે લોકો નિયમો તોડે છે?

૧. નિરીક્ષણની અસર ૬૨.૮% લોકો કેમેરા ન હોય તો નિયમ તોડવા પ્રેરાય છે. આ દર્શાવે છે કે લોકોમાં 'સ્વયં-નિયંત્રણ' ઓછું છે અને તેઓ માત્ર 'બાહ્ય ડર' થી જ ડરે છે.

૨. સામૂહિક નૈતિકતાનો અભાવ ૭૨.૪% લોકો નિયમ ભંગને 'સ્વેગ' માને છે. જ્યારે સમાજમાં ખોટું કાર્ય ગર્વની વાત બને, ત્યારે વ્યક્તિગત જવાબદારી ઘટે છે.

૩. સત્તાનો અહંકાર મોટા વાહન ચલાવનારાઓ દ્વારા નાના વાહનોને ઓછું મહત્વ આપવું (૬૦%) એ સામાજિક દરજ્જાના અહંકારનું પરિણામ છે.

૪. જ્ઞાનાત્મક ક્ષતિ હોર્ન વગાડવાથી સિગ્નલ ખુલશે એવું માનવું (૧૫%) એ મગજની ભ્રામક માન્યતા છે કે હું ઘોંઘાટ કરીને પરિસ્થિતિ બદલી શકું છું.

### અનંત અંબાણીના ૩૧માં જન્મદિને

# દ્વારકાધીશના ચરણોમાં 'અનંત સેવા': ભાવિકો માટે રૂ.૩૦ કરોડના ખર્ચે બનશે અદ્યતન યાત્રી ભવન

## સાળંગપુરધામમાં પણ રૂ.૧૫ કરોડના ખર્ચે અત્યાધુનિક ગૌશાળાનું નિર્માણ થશે

**અબતક, રાજકોટ**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અનંત અંબાણીના ૩૧માં જન્મદિનના પાવન અવસરે અંબાણી પરિવારે દ્વારકા યાત્રાધામ અને સાળંગપુર ખાતે ભક્તિ અને માનવ સેવાના કાર્યો દ્વારા અનોખી ઉજવણી કરી છે. ભગવાન શ્રી દ્વારકાધીશ પ્રત્યે અત્યંત ગાઢ શ્રદ્ધા ધરાવતા અનંત અંબાણીએ દ્વારકા ખાતે શ્રદ્ધાળુઓની સુવિધામાં વધારો કરવા માટે એક મોટી ભેટ અર્પણ કરી છે.

દ્વારકા જગત મંદિર ખાતે રૂ૩૦ કરોડનું અનુદાન

દ્વારકાધીશના દર્શનાર્થે આવતા લાખો ભાવિકોની સંખ્યામાં દિન-પ્રતિદિન થઈ રહેલા વધારાને ધ્યાને લેતા, અનંત અંબાણીએ પોતાની ભક્તિ અને કૃતજ્ઞતાના ભાવ સાથે અત્યંત વિનમ્રતાપૂર્વક રૂ૩૦ કરોડના આર્થિક અનુદાનની જાહેરાત કરી છે. આ અનુદાન દ્વારા દ્વારકા ખાતે એક અદ્યતન 'યાત્રી ભવન'નું નિર્માણ કરવામાં આવશે, જે શ્રદ્ધાળુઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. શ્રી દ્વારકાધીશ મંદિર વ્યવસ્થાપક સમિતિએ આ નિઃસ્વાર્થ સેવાનો સ્વીકાર આભારપૂર્વક કર્યો છે અને અંબાણી પરિવાર પર ભગવાનના આશીર્વાદ કાયમ રહે તેવી મંગલ કામના વ્યક્ત કરી છે.



છેલ્લા કેટલાક વર્ષોમાં દેવભૂમિ દ્વારકા આવતા શ્રદ્ધાળુઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો જોવા મળ્યો છે. ઘણીવાર તહેવારો અને રજાઓના દિવસોમાં યાત્રાળુઓને રહેવા અને પાયાની સુવિધાઓમાં મુશ્કેલી પડતી હોય છે.

આ સમસ્યાના ઉકેલ માટે અંબાણી પરિવાર દ્વારા નિર્મિત થનારું આ ગેસ્ટ હાઉસ આશીર્વાદરૂપ સાબિત થશે. આ ભવનમાં પ્રવાસન ક્ષેત્રની પાયાની સુવિધાઓમાં વધારો કરવામાં આવશે, જેથી દૂર-દૂરથી આવતા ભક્તો સુખરૂપ દર્શન કરી શકે.મુકેશ અંબાણી હોય કે અનંત અંબાણી, અંબાણી પરિવાર અવારનવાર દ્વારકાધીશના આશીર્વાદ લેવા આવતા રહે છે. અનંત અંબાણીના જન્મદિન નિમિત્તે આટલી મોટી રકમનું દાન આપીને પરિવારે સાબિત કર્યું છે કે તેમના જીવનમાં ધર્મ અને સેવાનું વિશેષ મહત્વ છે. આ ભવ્ય નિર્માણથી દ્વારકાના પ્રવાસનને પણ નવો વેગ મળશે.આ સાથે જ, શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર-સાળંગપુર ખાતે પણ અંબાણી પરિવાર દ્વારા ગૌ-સેવાનું મહાપર્વ ઉજવવામાં આવ્યું હતું. સાળંગપુર ધામના ૨૮ એકરના પરિસરમાં સ્વીડનની વિખ્યાત કંપનીના સહયોગથી કુલ રૂ૧૫ કરોડના ખર્ચે અત્યાધુનિક ગૌશાળાનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટમાં અંબાણી પરિવાર મુખ્ય યજમાન તરીકે જોડાયો છે અને આ ગૌશાળામાં ૫૦૦ ગાયો માટે આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓ ઉપલબ્ધ હશે. કોઠારી સ્વામી વિવેકસાગરદાસજીના આશીર્વાદ સાથે આ પ્રસંગે ખાસ મારુતિયજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

અનંત અંબાણીના જન્મદિને કરવામાં આવેલી આ 'અનંત સેવા' આવનારી પેઢીઓ માટે જનસેવા અને ધર્મપરાયણતાનો એક ઉત્તમ સંદેશ પૂરો પાડે છે.અંબાણી પરિવાર માટે ધર્મ અને સેવા માત્ર શબ્દો નથી, પણ જીવનશૈલી છે. અનંત અંબાણીના વ્યક્તિત્વમાં રહેલી ગૌ-ભકિત અને દ્વારકાધીશ પ્રત્યેનું સમર્પણ આ પ્રોજેક્ટ્સમાં સ્પષ્ટ દેખાય છે. દેશના આર્થિક વિકાસમાં મોટું પ્રદાન આપનાર આ પરિવાર જ્યારે આસ્થાના કેન્દ્રોના ઉત્થાન માટે આગળ આવે છે, ત્યારે તે સમાજ માટે નવી દિશા ખોલે છે. સાળંગપુરમાં ૨૮ એકરમાં ફેલાયેલી ગૌશાળા માત્ર આશ્રયસ્થાન નહીં, પરંતુ ગૌ-સંવર્ધનનું વૈશ્વિક કેન્દ્ર બનશે.

સાળંગપુર મંદિરના કોઠારી સ્વામી વિવેકસાગરદાસજીએ આશીર્વાદ પાઠવતા જણાવ્યું કે,

(અનુ. આઠમા પાને)

# એસજીવીપી ખાતે ગુરુકુળ પ્રીમિયમ લીગમાં ગીર જૂનાગઢ અને નીલકંઠ એકેડમીની જીત

## અરઝાન નાગવાસવાલાની ઘાતક બોલિંગ અને બેટ્સમેનોની તોફાની ફટકાબાજી આકર્ષણનું કેન્દ્ર બની

**અબતક,રાજકોટ**

અમદાવાદના એસ.જી. હાઈવે પર સ્થિત એસજીવીપી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાઈ રહેલી એસજી બીપી સૂર્યા સ્પોર્ટ્સ એકેડમી આયોજિત ગુરૂકુલ પ્રીમિયર લીગ-૧૫માં ૭ એપ્રિલના રોજ રસાકસીભર્યા મુકાબલા જોવા મળ્યા હતા. દિવસની પ્રથમ મેચમાં એસજીવીપી સૂર્ય સ્પોર્ટ્સ એકેડમીએ નિહાલ ચૌધરીના ૩૦ બોલમાં તોફાની ૭૭ રનની મદદથી ૨૦૮ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો, પરંતુ ગીર જૂનાગઢની ટીમે શાનદાર વળતી લડત આપી ૧૯.૪ ઓવરમાં ૨૧૦ રન બનાવી ૩ વિકેટે રોમાંચક વિજય મેળવ્યો હતો. આ મેચમાં ૩૩ બોલમાં ૫૪ રન કરનાર આસદીયા સાહિલ રામભાઈને મેન ઓફ ધ મેચ જાહેર કરાયા હતા.



બીજી મેચમાં બોલિંગમાં તરખાટ જોવા મળ્યો હતો, જ્યાં આરંભના બોલર અરઝાન નાગવાસવાલાએ માત્ર ૩.૪ ઓવરમાં ૨૦ રન આપી ૬ વિકેટ ઝડપી બાલ ભારતની ટીમને ૧૪૦ રનમાં ઓલઆઉટ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. બાલ ભારત તરફથી કુશાને ૮૨ રનની લડાયક ઈનિંગ રમી હતી, પરંતુ આરંભની ટીમે વળતી બેટિંગમાં આક્રમક રમત બતાવી માત્ર ૭.૫ ઓવરમાં ૩ વિકેટ ગુમાવી ૧૪૧ રન કરી ૭ વિકેટે જીત નોંધાવી હતી. શ્રેષ્ઠ બોલિંગ પ્રદર્શન બદલ અરઝાન નાગવાસવાલાને મેન ઓફ ધ મેચનો એવોર્ડ અપાયો હતો.

દિવસની ત્રીજી અને અંતિમ મેચમાં નીલકંઠ ક્રિકેટ એકેડમીએ સવિતા સ્પોર્ટ્સ એકેડમી સામે ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૨૧૫ રનનો તોતિંગ સ્કોર ખડક્યો હતો, જેમાં હરવંશ સિંહે અણનમ ૬૪ રન અને યુવરાજ ચૌધરીએ ૪૩ રન ફટકાર્યા હતા. લક્ષ્યાંકનો પીછો

(અનુ. આઠમા પાને)

# ઉમિયા સેવા પ્રગતિ મંડળ ટ્રસ્ટ દ્વારા શનિવારથી ત્રિ-દિવસીય 'સરદાર ગૌરવ ગાથા'નો આરંભ

## અબતક મીડિયાની શુભેચ્છા મુલાકાતે આવેલા ટ્રસ્ટના સભ્યોએ માહિતી પુરી પાડી

**અબતક, રાજકોટ**



રાજકોટ મુકામે ઉમિયા સેવા પ્રગતિ મંડળ ટ્રસ્ટ ધ્વારા છેલ્લા ૩૮ વર્ષથી સામાજીક, શૈક્ષણિક, ધાર્મિક, સેવાકિય પ્રવૃતિઓ ઉપરાંત વૃક્ષા રોપણ, બ્લડ ડોનેશન કેમ્પ, મેડીકલ કેમ્પ જેવી અનેક વિધ પ્રવૃતિઓ કરવામાં આવી રહેલ છે.

અબતક મીડિયાની શુભેચ્છા મુલાકાતે આવેલા પ્રમુખ ગૌતમ ધમસાણિયા, જસવંતભાઈ ઠોરીયા, ઓ.વી. ભોરણીયા, માવજીભાઈ રામોલિયા સહિતના સભ્યોએ માહિતી આપતા જણાવ્યું હતું કે, પ્રવર્તમાન સમયમાં ઉદ્દભવતિ સમસ્યાઓના નિરાકરણ માટે સરદાર વલ્લભભાઈ પટેલના આદર્શ જીવન ચરીત્રમાંથી સમાજને શીખ મળે અને સમાજમાં હંમેશા સદ્દભાવના જળવાય રહે અને સમાજના દરેક લોકો આવા સદ્દવિચારોથી પ્રેરાઈને સમાજ માટે પ્રેરણા સ્ત્રોત બને તેવા ઉમદા હેતુથી રાજકોટ શહેરમાં સૌ પ્રથમ વખત ઉમિયા સેવા પ્રગતિ મંડળ ટ્રસ્ટના માધ્યમથી જાણીતા યુવા મોટીવેશન સ્પીકર અને પૂર્વ કલાસ-૧ અધિકારી શૈલષભાઈ સગપરીયા ધ્વારા પ્રસ્તુત ''સરદાર ગૌરવ ગાથા'' નું તા.૧૧, ૧૨ અને ૧૩ એપ્રિલ, ૨૦૨૬ નારોજ દરરોજ સાંજે ૮-૦૦ વાગ્યે ત્રિ-દિવસીય વ્યાખ્યાન માળાનું ભવ્ય આયોજન રાજકોટ મુકામે શિલ્પન નોવા બિલ્ડીંગ સામે, ગંગોત્રી પાર્ક મેઈન રોડ, યુની. રોડ, રાજકોટ ખાતે કરવામાં આવેલ છે.

# ઉજડા હુઆ ગુલશન હૈ, રોતા હુઆ માલી હૈ...

## જ્યુબિલી ગાર્ડનની અવદશા



રંગીલા રાજકોટમાં જે ગાર્ડનનું ખૂબ જ મહત્વ હતું તે જ્યુબેલી ગાર્ડનની અવદશા થઈ ગઈ છે ત્યારે 'ઉજડા હુઆ ગુલશન હે, રોતા હુઆ માલી' ફિલ્મ ગીત યાદ આવી જાય છે. હસતા રમતા કિલ્લોલ કરતા બાળકો - પરિવારનો અનેરો જલ્વો આજના સ્થિતિમાં લુપ્ત થઈ ગયો છે. 'અબતક'ના કેમેરામાં કેદ થઈ ગયેલી આ તસ્વીર અવદશા જોઈને આજના વડિલોની આંખમાં આંસુ આવી જાય તેવી છે.

# ગાર્ડી વિદ્યાપીઠના મહિલા કર્મચારીઓ અને છાત્રાઓને મળશે રાહતદરે હોસ્પિટલની સુવિધા

## ગાર્ડી વિદ્યાપીઠ દ્વારા પાયલ મેટરનિટી એન્ડ સર્જિકલ હોસ્પિટલ સાથે મહત્વપૂર્ણ સમજુતી કરાર કરાયા

**અબતક,રાજકોટ**

રાજકોટની જાણીતી ગાર્ડી વિદ્યાપીઠ દ્વારા તાજેતરમાં પાયલ મેટરનિટી એન્ડ સર્જિકલ હોસ્પિટલ (મવડી) સાથે મહત્વપૂર્ણ સમજુતી કરાર કરવામાં આવ્યો હતો,. જેમાં ગાર્ડી વિદ્યાપીઠની ચાર સંસ્થાઓ એલ.આર. શાહ હોમિયોપેથી કોલેજ, બી.એચ. ગાર્ડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, એચ.વી. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ અને વી.એમ. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ તેમજ સેન્ટ્રલ લેવલે ગાર્ડી વિદ્યાપીઠનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કરારનો હેતુ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્ર વચ્ચે મજબૂત સહયોગ સ્થાપિત કરીને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવાનો હતો.આ સમજૂતી કરાર હેઠળ ગાર્ડી વિદ્યાપીઠની વિદ્યાર્થીનીઓ અને મહિલા સ્ટાફ માટે ઓપીડી અને આઈપીડી સારવાર વ્યાજબી દરે ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ એમઓયુનો મુખ્ય હેતુ ખાસ કરીને, સર્વાઈકલ કેન્સર વેક્સિન ઓછા ખર્ચે ઉપલબ્ધ કરાવવાનો છે. આ સહકાર દ્વારા વિદ્યાર્થીઓને કિલનિકલ પ્રોજેક્ટ્સ અને એસાઈનમેન્ટ્સ માટે પણ માર્ગદર્શન મળશે, જે તેમના પ્રાયોગિક જ્ઞાનને મજબૂત બનાવશે. આ એમઓયુ માટે પાયલ મેટરનિટી એન્ડ સર્જિકલ હોસ્પિટલના ડો. ગોવિંદ ભાદરકા (ડાયરેક્ટર અને ગાયનેકોલોજિસ્ટ) અને શેહઝાદ શુગરવાલા (હેડ - ઓપરેશન્સ અને એડમિનિસ્ટ્રેશન) હાજર રહ્યા હતા. જ્યારે ગાર્ડી વિદ્યાપીઠ તરફથી મેનેજિંગ ડિરેક્ટર જય મહેતા સહિત તમામ સંસ્થાઓના પ્રિન્સિપાલ ઉપસ્થિત રહ્યા હતા.



આ પહેલને સફળ બનાવવા માટે લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટ વિભાગના વડા બ્રિજમોહન યાજ્ઞિકના માર્ગદર્શન હેઠળ પ્રોફેસર લુબ્ના શુગરવાલા એ મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સહયોગ દ્વારા વિદ્યાર્થીઓ અને સ્ટાફના આરોગ્ય અને શૈક્ષણિક વિકાસ માટે મહત્વપૂર્ણ ફાયદો થશે.

# નચિકેતા અને સાંઈલક્ષ્મી ફાઉન્ડેશન દ્વારા કિડ્સ ફિએસ્ટા' માં જ્ઞાન અને ગમ્મતનો અનોખો સંગમ '

## શનિ-રવિ ભવ્ય આયોજન; પુસ્તકોની સાથે પપેટ શો, સાયન્સ ફેર અને એડવેન્ચર રાઈડ્સની જમાવટ

**અબતક, રાજકોટ**

શહેરના આંગણે આગામી ૧૧ અને ૧૨ એપ્રિલના રોજ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે જ્ઞાન અને ગમ્મતનો અનોખો સંગમ 'કિડ્સ ફિએસ્ટા' યોજાવા જઈ રહ્યો છે. જાણીતા હાસ્ય કલાકાર અને કેળવણીકાર સાંઈરામ દવેની સંસ્થા નચિકેતા સ્કૂલિંગ સિસ્ટમ તથા શ્રી સાંઈલક્ષ્મી ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ ગુજરાતનો સૌથી મોટો બાળ સાહિત્ય મેળો છે. આ આયોજનનો મુખ્ય હેતુ નવી પેઢી ડિજિટલ સ્ક્રીન અને સોશિયલ મીડિયાના વળગણમાંથી બહાર આવી પુસ્તકો તરફ વળે તેવો છે.

૩ થી ૧૫ વર્ષના બાળકો માટે ખાસ ડિઝાઈન કરાયેલા આ લિટરેચર ફેસ્ટિવલમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના શ્રેષ્ઠ પુસ્તકોનું પ્રદર્શન યોજાશે. વાંચનનો શોખ કેળવાય તે માટે આર.આર. શેઠ પ્રકાશન દ્વારા પુસ્તકો પર ૨૦ ટકા સુધીનું ખાસ ડિસ્કાઉન્ટ પણ આપવામાં આવશે. મેળાનું મુખ્ય આકર્ષણ નચિકેતાના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવનારી 'બુક ટોક' હશે, જેમાં બાળકો પોતે વાંચેલા પુસ્તકો વિશે અન્યને રસપ્રદ માહિતી આપશે.

માત્ર સાહિત્ય જ નહીં, પરંતુ બાળકોના સર્વાંગી વિકાસ માટે અહીં મેથ્સ-સાયન્સ ફેર, પપેટ શો, કરાઓકે, બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ જેવી પ્રવૃત્તિઓ પણ રાખવામાં આવી છે. આ ઉપરાંત સાયબર ક્રાઈમ અવેરનેસ, 'સનાતન વિથ



સાયન્સ' અને બાળકોની સુરક્ષા માટે 'ગુડ ટચ-બેડ ટચ' જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવશે. બાળકો માટે ફ્રી આઉટડોર રાઈડ્સ અને ફૂડ સ્ટોલ્સ પણ આકર્ષણનું કેન્દ્ર બનશે.

નોંધનીય છે કે 'કિડ્સ ફિએસ્ટા'નું આ સતત ત્રીજું વર્ષ છે અને અગાઉ ૧૦ હજારથી વધુ લોકો તેની મુલાકાત લઈ ચૂકયા છે. અંબિકા ટાઉનશીપ, જીવરાજ પાર્ક પાસે આવેલી નચિકેતા સ્કૂલ ખાતે બપોરે ૪ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી યોજાનારા આ કાર્યક્રમમાં તમામ માટે પ્રવેશ નિશુલ્ક રાખવામાં આવ્યો છે.

# 'શિક્ષણ' જીવનમાં મૂલ્યો, સંસ્કાર અને આત્મ વિશ્વાસ વિકસાવવાનું સાધન: પ્રિન્સિપાલ ડો. સ્નેહલ કોટક

## કણસાગરા મહિલા કોલેજમાં અર્થશાસ્ત્રના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓને ભાવભીનિ વિદાય અપાય

**અબતક,રાજકોટ**

કે. એસ. એન. કણસાગરા મહિલા કોલેજ ખાતે નવી શિક્ષણ નીતિ હેઠળ અભ્યાસ કરતા ત્રીજા વર્ષના અર્થશાસ્ત્રના વિદ્યાર્થીનીઓ માટે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદાય લેતા વિદ્યાર્થીનીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવાનો તેમજ તેમના શૈક્ષણિક જીવનના મહત્વપૂર્ણ તબક્કાને યાદગાર બનાવવાનો હતો.



કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીનીઓએ તેમના કોલેજ જીવનના સંસ્મરણો, અનુભવો અને લાગણીઓ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડો. સ્નેહલ કોટક મેડમે વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે શિક્ષણ માત્ર ડિગ્રી મેળવવાનો માધ્યમ નથી, પરંતુ જીવનમાં મૂલ્યો, સંસ્કાર અને આત્મવિશ્વાસ વિકસાવવાનું સાધન છે.

અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રો. રાજેન્દ્ર સેજલીયાએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી અને જણાવ્યું હતું કે એનઈપી અંતર્ગત મેળવેલ જ્ઞાન અને કૌશલ્ય તેમના કારકિર્દી વિકાસમાં મહત્વપૂર્ણ સાબિત થશે.

વર્ષ ૨૦૨૩-૨૬ સમગ્ર અભ્યાસ દરમિયાન બેજેટ વિશ્લેષણ, વસ્તી દિવસે ચાર્ટ, વિકસીત ભારત સ્વિઝ સ્પર્ધા, ફૂડ ન્યૂટ્રીશન વીક, હિન્દી દિવસ, વલ્ડ વોટર ડે, પર્યાવરણ જાગૃતિ અવેરનેસ, વકૃત્વ સ્પર્ધા, નિબધ સ્પર્ધા, ઈંટરશીપ વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ

(અનુ. આઠમા પાને)

### એસઓજીની નસીલા પદાર્થની હેરાફેરી કરતા તત્વો પર સર્જિકલ સ્ટ્રાઈક

# વામ્બે આવાસમાં રૂ.૯.૫૩ લાખના ગાંજા સાથે તરૂણી ઝડપાઈ

## રૂ.૫ હજારની લાલચે ૧૯.૦૬૧ કિલો ગાંજો સાચવવા આપનાર જંગલેશ્વરના કુખ્યાત દંપતી સંકજામા

**અબતક,રાજકોટ**

રાજકોટ શહેર એસસોજી નસીલા પદાર્થની હેરાફેરી કરતા તત્વોને ભરી પીવા મેદાનમાં ઉતરી છે ત્યારે નાશાના સોદાગરો પોલીસથી બચવા માટે બાળકો અને સગીરોને આ ઢાલની માફક ઉપયોગ કરી રહ્યા છે. શહેર એસઓજીની ટીમે વામ્બે આવાસમાં ૯.૫૩ લાખના ગાંજાના જથ્થા સાથે એકલી રહેતી તરૂણીને ઝડપી લીધી હતી. જેની પુછતાછ કરતા પેડલર દંપતીએ તેને આ ગાંજો સાચવવા આપ્યાનુ સામે આવ્યું હતું. જેથી પોલીસે તપાસ હાથ ધરી આ દંપતીને સકંજામાં લઈ લીધું હતું.શહેર યુવાધન નશાના રવાડે ના ચડે તથા નાર્કોટીકસ પદાર્થોનું વેચાણ અટકાવવા શે નો ટુ ડ્રગ્સ મિશન અંતર્ગત નાર્કોટીકસ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા શખસો વિરુધ્ધ કડક કાર્યવાહી કરવા પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી (ક્રાઈમ) ભરત બસીયા દ્વારા અપાયેલી સુચનાથી એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજા , પીએસઆઈ વી.કે.ઝાલા અને ટીમ પેટ્રોલીંગમાં હતી. ત્યારે હેડ કોન્સ્ટેબલ જયદીપસિંહ ચૌહાણ અને ઉપેન્દ્રસિંહ ઝાલાને કેવલમ મેઈન રોડ પર આવેલ વામ્બે આવાસના કવાર્ટરમાં ગાંજાનો મોટો જથ્થો હોવાની ચોક્કસ બાતમી મળી હતી.જે બાતમીના આધારે વામ્બે આવાસના કવાર્ટરમાં દરોડો પાડી ૧૭ વર્ષની સગીરાના ક્વાર્ટરમાંથી રૂ.૯.૫૩ લાખનો ૧૯.૦૬૧ કિલો ગાંજાનો જથ્થો પકડી પાડી સગીરાની અટકાયત કરી એન.ડી.પી.એસ. એકટ હેઠળ તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધી સગીરાને ચાઈલ્ડ વેલ્ફેર ઓફીસરને સોપી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. ગાંજાના જથ્થા સાથે પકડાયેલ સગીરાને જંગ્લેશ્વરના ન્યુ સાગર નગરમાં રહેતાં સોયબ અશરફ ઉર્ફે કચુ તૈલી અને તેની પત્ની જેબાબેન સોયબ તૈલીએ ગાંજો એક દિવસ પહેલાં સાચવવા આપ્યો હતો. જેના બદલામાં સગીરાને રૂ.૫ હજાર પણ મળ્યા હતાં. હાલ પોલીસે ગાંજાનો જથ્થો લઈ આવનાર કુખ્યાત પેડલર દંપતીને પણ સકંજામાં લઈ ગાંજો ક્યાં સપ્લાય કરવાનો હતો, તે અંગે તપાસ હાથ ધરી છે. કુખ્યાત પેડલર દંપતીએ અગાઉ જંગલેશ્વરની કુખ્યાત પેડલર રમાના પતિ જાવિદ પાસેથી પકડાયેલ ૫૩ કિલો ગાંજો પણ તેઓએ જ સપ્લાય કર્યો હતો. તે ગુનામાં તેમનું નામ પણ ખુલ્યું હતું.



### અમદાવાદથી ગાંજો લઈ આવી ક્વાર્ટરમાં રાખ્યો 'તો

વામ્બે આવાસમાંથી ગાંજાના જથ્થા સાથે ઝડપાયેલ સગીરા મૂળ જંગલેશ્વર વિસ્તારની છે, પેડલરનેબહેન અને સોયબને જીજાજી કહેતી હતી. પેડલર દંપતીએ કોઈને શંકા ન જાય તે માટે સગીરાનો ઉપયોગ કરી સાથે રાખી સફેદ કલરની કારમાં અમદાવાદથી ગાંજો લઈ આવી ક્વાર્ટરમાં રાખ્યો હતો.

# દસ માસથી સજાના વોરંટના નાસતો ફરતો આરોપી ઝડપાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર માં છેલ્લા દસ માસથી સજાના વોરંટ માં નાસ્તા ફરતા આરોપી દીપેનભાઈ મોહનભાઈ ચૌહાણ રહે નવલનગર મવડી પ્લોટ રાજકોટ વાળા પકડી માલવિયા પોલીસ સ્ટેશન દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ અંગે પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા,ડીસીપી ઝોન ૨ રાકેશ દેસાઈ દ્વારા નાસ્તા ફરતા આરોપી, દારૂના બુટલેગરો માથાભારે ઈસમો, બિન જામીન લાયક વોરંટ ના આરોપીને શોધી કાઢવા સૂચના આપેલ હોય જે અંગે માલવિયા પોલીસ સ્ટેશનના પીઆઈ જે.એમ. કૈલાના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતા એ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે છેલ્લા ૧૦ માસથી સજાના વોરંટના નાસ્તો ફરતો આરોપી નાસ્તો ફરતો આરોપી બીપીનભાઈ મોહનભાઈ ચૌહાણ રહેલ નવલનગર મવડી પ્લોટ રાજકોટ વાળા ને પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી આ અંગે માલવિયા પોલીસ સ્ટેશનના પીઆઈ જે એમ કૈલા પીએસઆઈ કે.ડી.મારુ એએસઆઈ કેતનભાઈ શેખલીયા હેર કોન્સ્ટેબલ અજયભાઈ, મનીષભાઈ સોઢીયા સહિતનો સ્ટાફ રોકાયો હતો



# શાપર-વેરાવળમાં યુવતીએ અગમ્ય કારણોસર એસિડ ગટગટાવ્યું

**અબતક, રાજકોટ**

શાપર વેરાવળમાં રહેતી ૧૮ વર્ષીય યુવતીએ અગમ્ય કારણોસર એસિડ પી લેતા પરિવારમાં દોડધામ મચી ગઈ છે. યુવતીને સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગત મુજબ, શાપર વેરાવળમાં પટેલ સમાજ પાસે રહેતા પ્રિયાબેન યોગેશભાઈ સાપડ (ઉં.વ. ૧૮) ગઈકાલે સવારે ૯:૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા, ત્યારે કોઈ અગમ્ય કારણોસર એસિડ પી ગટગટાવી લીધું હતું. પરિવારને જાણ થતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, પ્રિયાબેન પુસ્તક બનાવવાના કારખાનામાં કામ કરી પરિવારને આર્થિક મદદરૂપ થાય છે. તેઓ બે ભાઈ અને એક બહેનના પરિવારમાં સૌથી નાના છે. હાલમાં પોલીસ દ્વારા યુવતીનું નિવેદન લેવાની અને આગળની કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.

# નાગેશ્વર મંદિર પાસે ઓનલાઈન જુગાર રમતો વિદ્યાર્થી ઝડપાયો

**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર આવેલા નાગેશ્વર મંદિરની સામે ઓનલાઈન જુગાર રમતો વિદ્યાર્થીને એલસીબી ઝોન ૨ એ મોબાઈલ સાથે ઝડપી લીધો છે. એલસીબી ઝોન ૨ ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, જામનગર રોડ પર આવેલા નાગેશ્વર મંદિર ની સામે એક શખ્સ તેના મોબાઈલ વડે ઓનલાઈન જુગાર રમી રહ્યો છે. એલસીબી ઝોન ૨ની ટીમ નાગેશ્વર મંદિર પહોંચી માહિતી મળેલા શખ્સ પાસેથી તેનો મોબાઈલ જપ્ત કરી, મોબાઈલ ચેક કરતા તે . નામની વેબસાઈટમાં ગેમની આઈડી મેળવી યુઝર્સ નેમ અને પાસવર્ડ મેળવી જેમાં એવી એક્ટર ગેમમાં હારજીતના સદાઓ કરતો હતો. પોલીસે નાગેશ્વર મંદિર, ભવાની ચોકમાં આવેલા તીર્થ એપાર્ટમેન્ટમાં રહેતો અને અભ્યાસ કરતો દેવગન નિમેષભાઈ જોશી ને મોબાઈલ સાથે ઝડપી લીધો છે.

# ગાંધીગ્રામમાં ૨૨ વર્ષીય પરિણીતાનો તાવની બીમારીએ ભોગ લીધો

## તાવનું ઈન્ફેકશન મગજમાં પહોંચતા માથામાં ગાંઠ થઈ જતા મહિલાએ સારવારમાં દમ તોડ્યો

**અબતક, રાજકોટ**

શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં પરણીતાનું આઠ દિવસ તાવ આવ્યા બાદ સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારમાં ભારે ગમગીની છવાઈ ગઈ છે. તાવના ઈન્ફેક્શનને કારણે માથામાં ગાંઠ થઈ જવાથી આ ઘટના બની હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, ગાંધીગ્રામ સત્યનગર શેરી નં. ૩માં રહેતા ઋતિકાબેન રાનીભાઈ સોલંકી (ઉં.વ. ૨૨) ને ગત ૨ એપ્રિલના રોજ તાવ આવ્યો હતો. તાવની તીવ્રતા વધુ હોવાથી ઈન્ફેક્શન મગજ સુધી પહોંચી ગયું હતું, જેને કારણે માથામાં ગાંઠ થઈ ગઈ હતી. પરિવાર દ્વારા તેમને તાત્કાલિક સારવાર અર્થે શહેરની ગિરિરાજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જોકે, સ્થિતિ વધુ નાજુક જણાતા તેમને વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત થયું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક ઋતિકાબેનના પતિ શાકભાજી વેચવાનો વ્યવસાય કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ઋતિકાબેનને સંતાનમાં બે વર્ષની એક નાની દીકરીછે, જેણે આજે માતાની છત્રછાયા ગુમાવી છે. ઋતિકાબેન પાંચ બહેન અને એક ભાઈમાં ત્રીજા નંબરે હતા. હાલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આઠ દિવસની સામાન્ય બીમારી જીવલેણ સાબિત થતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

# ઈશ્વરિયા ગાર્ડન પાસે બાંધકામ સાઈટ પરથી બીજા માળેથી પટકાતા ૨ વર્ષના બાળકનું મોત

## માતા-પિતા સાઈટ પર મજૂરી કામ કરી રહ્યા હતા ત્યારે રમતા-રમતા માસુમ નીચે પડ્યો, પરિવારમાં શોક છવાયો

**અબતક, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર આવેલા ઈશ્વરિયા ગાર્ડન પાસેની બાંધકામ સાઈટ પર આજે બપોરે એક હૃદયદ્રાવક ઘટના બની છે. અહીં મજૂરી કામ કરતા શ્રમિક પરિવારનો ૨ વર્ષનો માસૂમ બાળક રમતા-રમતા બીજા માળેથી નીચે પટકાતા તેનું મોત નીપજ્યું છે. આ બનાવને પગલે શ્રમિક પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.પ્રાપ્ત વિગતો મુજબ મૂળ મધ્યપ્રદેશના ભાભરા ગામના વતની અને હાલ રાજકોટમાં પરસાણા ચોક, ઈશ્વરિયા ગાર્ડન પાસે રહેતા સોહિલ શંકરભાઈ બામણિયા (ઉં. વ ૨) આજે બપોરે આશરે ૧૨૧૫ વાગ્યાની આસપાસ પોતે અવધના ઢાળિયા પાસે આવેલી 'અબીલ ગુલાબ' નામની બાંધકામ સાઈટ પર હતા. તે દરમિયાન રમતા-રમતા સોહિલ અચાનક બીજા માળેથી નીચે પટકાતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં માસૂમને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઉલ્લેખનીય છે મેં તેના માતા પિતા તે સાઈટ પર કામ કરી રહ્યા હતા ત્યારે બનાવ બન્યો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે મૃતક સોહિલ બે ભાઈ અને એક બહેનના પરિવારમાં સૌથી નાનો હતો. માતા-પિતાની નજર સામે જ વહાલસોયા પુત્રએ દમ તોડતા માતા-પિતાના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસે અકસ્માતે મોતના ગુના અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે

# પોલીસની આકરી કાર્યવાહીઃ તસ્કર ત્રિપુટીને પાસાના પિંજરે પૂરી

## રીક્ષા ગેંગના બેલડી અને રીઢા બાઈક ચોર સામે પાસા હેઠળ અમદાવાદ, મહેસાણા જેલમા ધકેલ્યાઃ ક્રાઈમ બ્રાંચની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

આગામી ચૂંટણીને ધ્યાને લઈ રીઢા ગુનેગારો સામે પાસા હેઠળ કાર્યવાહી કરવાની સૂચનાને લઈ ક્રાઈમ બ્રાંચે ત્રણ આરોપીની પાસા હેઠળ અટકાયત કરી હતી. જેમાં રીક્ષા ગેંગના બે સભ્યોને અમદાવાદ અને મહેસાણા જેલહવાલે અને રીઢા બાઈક ચોરને પાસા હેઠળ અમદાવાદ જેલહવાલે કરી દીધો હતો.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક અને ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ બી.બી. બસીયા દ્વારા આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે રીઢા ગુનેગારો વિરુદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. જે સૂચનાને લઈ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અગાઉ રિક્ષામાં પેસેન્જર તરીકે વૃદ્ધ, મહિલા અને પુરુષોને બેસાડી રોકડ અને મત્તાની તફડંચી કરનાર અલ્પેશ ઉર્ફે ભૂરો કિશોરભાઈ સોલંકી (ઉ.વ. ૨૩ રહે. રાજુલા) અને રોહિત ઉર્ફે પાગો ધીરુભાઈ માળી વિરુદ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જે દરખાસ્ત પર પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝાએ મંજૂરીની મહોર લગાવતા ક્રાઈમ બ્રાન્ચની ટીમે વોરંટની બજવણી કરી બંને આરોપીઓની પાસા હેઠળ અટકાયત કરી અમદાવાદ અને મહેસાણા જેલહવાલે કરવા તજવીજ હાથ ધરી છે. આરોપી અલ્પેશ સામે પાલનપુર, જામનગર, જુનાગઢ, રાજકોટના એ ડિવિઝન, માલવિયાનગર સહિતના પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાઈ ચૂક્યા છે. જ્યારે રોહિત સામે રાજકોટના માલવિયાનગર અને એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયા છે.

ક્રાઈમ બ્રાન્ચે અન્ય એક કામગીરીમાં વાહન ચોરીના ગુનામાં એકથી વધુ વખત પોલીસ ચોપડે ચડી ચૂકેલા રાહુલ ધીરૂભાઈ પરમાર(ઉ.વ. ૨૨ રહે. આજીડેમ ચોકડી માંડા ડુંગર, ગોકુલ પાર્ક) વિરુદ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરી હતી. જે પોલીસ કમિશનરે મંજૂર કરી પાસાનું વોરંટ ઈશ્યૂ કરતા ક્રાઈમ બ્રાન્ચની ટીમ વોરંટની બજવણી કરી રાહુલ પરમારની પાસા હેઠળ અટકાયત કરી અમદાવાદ જેલહવાલે કર્યો હતો. આરોપી વિરુદ્ધ અગાઉ રાજકોટમાં આજીડેમ પોલીસ સ્ટેશન સુરેન્દ્રનગરના ચોટીલા પોલીસ સ્ટેશનમાં મળી પાંચ ગુના નોંધાઈ ચૂક્યા છે. આ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ.ડામોર, સી.એચ. જાદવના માર્ગદર્શન હેઠળ પીએસસઆઈ વી.ડી.ડોડિયા, એએસઆઈ ભરતભાઈ વનાણી, ઘનશ્યામભાઈ મેણીયા, અનિલભાઈ સોનારા, હેડ કોન્સ્ટેબલ સુભાષભાઈ ઘોઘારી, કનકસિંહ સોલંકી, ગીરીરાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા તથા રાજેશભાઈ સાથે રહ્યા હતા.







# વ્રજધામની પરિણિતાને પતિએ "રકાબી ઘા" કરી માર માર્યો

## પતિ સાસુ સસરા વિરુદ્ધ છેલ્લા પાંચ વર્ષથી માનસિક ત્રાસ આપતા

**અબતક રાજકોટ**

શહેરમાં વ્રજધામ એપાર્ટમેન્ટ ઈન્દિરા સર્કલ પાસે રહેતી પૂજાબેન ગૌરવભાઈ દાસાણી ઉંમર વર્ષ ૩૫ વર્ષીય મહિલાને તેમના પતિ દ્વારા માનસિક ત્રાસ તેમજ ગઈકાલે તેમના પર છૂટો રકાબી નો ઘા કરી મહિલાને મોઢા પર ઈજા પહોંચાડતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશન દ્વારા તેમના પતિ ગૌરવભાઈ અને સાસુ, સસરા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી અંગે પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ઈન્દિરા સર્કલ પાસે વ્રજધામ એપાર્ટમેન્ટમાં રહેતી પૂજાબેન વાઈફ ઓફ ગૌરવભાઈ દાસાણી એ પોતાના પતિ સાસુ સસરા વિરુદ્ધ છેલ્લા પાંચ વર્ષથી માનસિક ત્રાસ તેમજ ગઈકાલે તેમના પતિ ગૌરવભાઈ વિજયભાઈ દાસાણી એ ઝઘડો કરી અને છૂટો રકાબી નો ઘા કરતા પૂજાબેન ને મોઢા ઉપર મુંઢ ઈજાઓ પહોંચાડવા સમગ્ર મામલો યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં પહોંચતા પૂજાબેન ના પતિ ગૌરવભાઈ વિજય ભાઈ દાસાણી તેમના સાસુ હીનાબેન વિજયભાઈ દાસાણી અને સસરા વિજયભાઈ નટવરલાલ દાસાણી આમ પતિ સાસુ સસરા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# શિતલ પાર્ક પાસથી ચોરાઉ એક્ટિવા સાથે વિજય ચૌહાણ ઝડપાયો

## એક્ટિવા છ દિવસ પૂર્વે નિરંજન સોસાયટીમાંથી ઉઠાવ્યાની વૈશાલી નગરના શખ્સની કબુલાત ગાંધીગ્રામ પોલીસની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

શહેરના શીતલ પાર્ક પાસે ચોરાઉ એકટીવા સાથે વૈશાલીનગરના શખસને ગાંધીગ્રામ પોલીસે ઝડપી લીધો હતો. શખસની પૂછ્તાછ્મા એકટીવા તેને છ દિવસ પૂર્વે નિરંજન સોસાયટી પાસેથી ચોરી કર્યાની કબુલાત આપી હતી.ગાંધીગ્રામ પોલીસ મથકના નવનિયુક્ત મહિલા પીઆઇ એચ.પી. ગઢવીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ વી.ડી. રાવલિયા અને ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ રવિભાઈ ગઢવી, રોહિતદાન ગઢવી, કોન્સ્ટેબલ પ્રશાંતભાઈ ગજેરા અને કૌશિકભાઈ ડાંગરને એવી બાતમી મળી હતી કે, શીતલ પાર્ક સર્કલથી સંજયનગર તરફ જવાના રોડ પર એક શખસ શંકાસ્પદ એકટીવા સાથે ઉભો છે.

જેથી આ બાતમી બિના આધારે પોલીસની ટીમને અહીં પહોંચી આ શંકાસ્પદ શખસની પુછ્તાછ કરતા તેણે પોતાનું નામ વિજય પ્રવિણભાઈ ચૌહાણ(ઉ.વ. ૩૨ રહે. વૈશાલીનગર શેરી નં. ૩ રૈયા રોડ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ શખસ પાસે વાહનના કાગળો માંગતા તે ગલ્લા તલા કરવા લાગ્યો હતો. બાદમાં પોલીસે એકટીવાના નંબરની ખરાઈ કરતા તે અન્યના નામે રજીસ્ટર હોવાનું માલુમ પડ્યું હતું. જેથી આ શખસની સઘન પૂછ્તાછ કરતા આ એકટીવા તેણે છ દિવસ પૂર્વે બપોરના સમયે નિરંજન સોસાયટી રામેશ્વર ચોક શેરીમાંથી ચોરી કર્યાની કબુલાત આપી હતી. પોલીસે રૂ. ૨૫,૦૦૦ ની કિંમતનું આ એકટીવા કબજે કરી જરૂરી કાર્યવાહી કરી હતી. ઝડપાયેલ શખ્સ વિજય ચૌહાણ સામે અગાઉ માલવિયાનગર પોલીસ મથકમાં દારૂ-જુગાર, ભાવનગરમાં દારૂ, જાહેરનામા ભંગ અને પાલનપુરમાં મારામારીનો ગુનો નોંધાઈ ચૂક્યો હોવાનું જાણવા મળ્યું છે.


### ૨૧મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



જીવનમાં હરપલ હસતા રહ્યા, સ્નેહથી હૈયામાં વસતા રહ્યા, ધર્મ એવો કરતા ગયા, અમોને માનવધર્મ કરતાં શીખવી ગયા, અમારા જીવનના ઘડવૈયા, અમોને કોઈપણ મુશ્કેલીમાં લડવૈયા બનતા શીખવી ગયા. જીવન એવું જીવી ગયા, અમોને જીવતા શીખવી ગયા, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના....... માઁ

**સ્વ. રંજનબેન બળવંતભાઈ બદાણી**
જન્મ : ૧૬-૬-૧૯૪૮
સ્વર્ગવાસ : ૯-૪-૨૦૦૫

**પારસ-ચાર્મી-જહાનવી-ધીર બદાણી**
ભીમાણી બ્રધર્સ | આર.બદાણી જ્વેલર્સ
સોનલ-સંદીપ દેસાઈ | રૂપલ-અંબર બાવીસી
ઋષિ-પૂજા-વિરાજ-કિઆન | શ્રેયા-દિવ્યરાજ

MANISH ADS



### દ્વારકા નગર પાલિકા કચેરી, દ્વારકા
### જાહેર નિવિદા - ૦૨/૨૦૨૬-૨૭

આથી રસ ધરાવતી એજન્સીને જણાવવામાં આવે છે કે દ્વારકા નગરપાલીકા હદ વિસ્તારમાં રખડતા શ્વાનોને પકડવા માટે અત્રેની કચેરીના છોટા હાથી વાહન ઉપર શ્વાનોને પકડવા માટે વાહન બનાવવાની જરૂરીયાત હોય જે અન્વયે શ્વાનોને પકડવા માટે વાહન બનાવવાના ભાવો આપની સંસ્થાના લેટર પેડ ઉપર લખી બંધ કવર ઉપર શ્વાન પકડવાના વાહનના ભાવો દર્શાવી જાહેરાત પ્રસિધ્ધ થયાના દિવસ-૭માં ચિફ ઓફીસરશ્રી દ્વારકા નગરપાલીકા, મીરા ગાર્ડન સામે, હોસ્પીટલ રોડ, દ્વારકાના સરનામા ઉપર સ્પીડ પોસ્ટ/રજી.એ.ડી/કુરીયર/રૂબરૂ મોકલી આપવા નોંધ લેશો.

તા.૦૮/૦૪/૨૦૨૬

| | |
|---|---|
| અશ્વિન કે.ગઢવી<br>ચીફ ઓફીસર<br>દ્વારકા નગરપાલિકા | પરેશભાઈ એસ.ઝાખરીયા<br>કારોબારી ચેરમેન<br>દ્વારકા નગરપાલિકા |
| વિજયભાઈ કે.માણેક<br>ઉપપ્રમુખ<br>દ્વારકા નગરપાલિકા | કોમલબેન પી.ડાભી<br>પ્રમુખ<br>દ્વારકા નગરપાલિકા |



### પશ્ચિમ રેલવે પોરબંદર ⇌ અસાનસોલ વચ્ચે સાપ્તાહિક ટ્રેન દોડાવશે

| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૨૦૫ | પોરબંદર – અસાનસોલ | ૧૩/૦૪/૨૦૨૬ થી ૨૯/૦૬/૨૦૨૬ | ૦૮:૫૦ કલાકે (સોમવાર) | ૦૬:૪૫ કલાકે (બુધવાર) |
| ૦૯૨૦૬ | અસાનસોલ – પોરબંદર | ૧૫/૦૪/૨૦૨૬ થી ૦૧/૦૭/૨૦૨૬ | ૨૩:૦૫ કલાકે (બુધવાર) | ૨૧:૫૦ કલાકે (શુક્રવાર) |

**વિરામોઃ** ભાણવડ, લાલપુર જામ, જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, લલિતપુર, વિરાંગણા લક્ષ્મીબાઈ ઝાંસી, ગોવિંદપુરી, પ્રયાગરાજ જં., મિર્ઝાપુર, પં. દીન દયાલ ઉપાધ્યાય, ભભુઆ રોડ, સાસારામ, દેહરી ઓન સોને, ગયા, કોડરમા, હજારીબાગ રોડ, પારસનાથ, નેતાજી સુભાષ ચંદ્ર બોઝ ગોમોહ અને ધનબાદ સ્ટેશનો બંને દિશામાં.

**રચનાઃ** એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચો.

વિરામના સમય, અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર ૦૯૨૦૫ માટે બુકિંગ ૧૦/૦૪/૨૦૨૬થી બધા PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને ફોલો કરોઃ
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ આઈડી પ્રૂફ સાથે રાખો



### રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
દૂધ સાગર માર્ગ, રાજકોટ-૩૬૦૦૦૩.
ફોન નં. ૭૦૬૯૬ ૮૬૭૯૯ / ૯૭૭૩૧ ૧૬૬૮૪

**ટેન્ડર નોટીસ**

રાજકોટ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. માટે નીચેની વિગતે કોન્ટ્રાકટની કામગીરી વાર્ષિક ધોરણે (તા.૦૧-૦૫-૨૦૨૬ થી તા.૩૧-૦૩-૨૦૨૭ સુધી) આપવાની છે. રસ ધરાવતી નામાંકીત પાર્ટીઓ પાસેથી રજીસ્ટર્ડ ટપાલ અથવા કુરીયર દ્વારા ટેન્ડરો માંગવામાં આવે છે. જેની વિગતો તથા શરતો નીચે મુજબ છે.

| ક્રમ | કામનું નામ |
|---|---|
| ૧. | એરકન્ડીશનરના વાર્ષિક સર્વિસ (મેઈન્ટેનન્સ) |

**શરતો :**

૧. ટેન્ડર ફોર્મ રવિવાર તથા જાહેર રજાના દિવસો સિવાય, જે તે સબંધિત વિભાગમાંથી રૂા. ૧૦૦૦/- સંઘના કેશ વિભાગમાં ભર્યા બાદ મળી શકશે. જે પરત મળવાને પાત્ર નથી.
૨. ટેન્ડરો આપવાની મુદત તા. ૧૦-૦૪-૨૦૨૬ થી તા. ૧૮-૦૪-૨૦૨૬ સુધીની રહેશે. (રજાના દિવસો સિવાય) આ વિગતના ભરેલા ટેન્ડરો સીલબંધ કવરો ઉપર કામગીરીની વિગત જણાવી ઓફીસ સમય પહેલા પરત કરવાની મુદત તા. ૨૩-૦૪-૨૦૨૬ બપોરે ૪:૦૦ વાગ્યા સુધીની રહેશે. અન્ય જરૂરી વિગતો માટે રૂબરૂ સંઘના સબંધિત વિભાગમાં મળવાનું રહેશે.
૩. ટેન્ડરો સંપૂર્ણ કે અંશતઃ રદ કરવાનો અબાધિત અધિકાર મેનેજમેન્ટનો રહેશે.

**ઈ-મેનેજીંગ ડીરેકટર**

તંત્રી લેખ

# યુદ્ધ વિરામ વિશ્વ શાંતિ માટે અનિવાર્ય

ગુજરાતીમાં કહેવત છે કે લડાઈમાં ક્યારેય લાડવા ન હોય, ઈરાન અમેરિકા ઈઝરાયેલ ના યુદ્ધ વિરામની જાહેરાત થતા માત્ર રણ મેદાનમાં વ્યાપક પ્રમાણમાં ખુવારી ભોગવતા દુશ્મન દેશો જ નહીં સમગ્ર વિશ્વ એ એક મોટી આફતમાંથી રાહત મેળવી હોવાનો હાસકારો અનુભવ્યો છે ઈરાન ઈઝરાયેલ અમેરિકા યુદ્ધનો મુદ્દો માત્ર બે દેશોનો નથી, પરંતુ આખી વિશ્વ અર્થતંત્ર, ઊર્જા સુરક્ષા અને માનવીય કટોકટી સાથે જોડાય ચૂક્યો હતો.

ફેબ્રુઆરીથી શરૂ થયેલા યુદ્ધમાં અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હુમલા કર્યા હતા. ઈરાને પણ પ્રતિકાર કર્યો હતો અને યુદ્ધની અનેક માન્યતા અને પૂર્વ ધારણાઓ આ યુદ્ધમાં ખોટી પુરવાર થઈ હતી, સુપર પાવર અમેરિકા અને હાઈટેકનોલોજી અને મોસાદ જેવી ઈન્ટેલિજન્સ એજન્સી ધરાવતા ઈઝરાયેલ માટે ધર્મ પ્રભાવિ રાજનીતિ ધરાવતા ઈરાનને પાડી દેવું કોઈ મોટી વાત ન હતી, વાત વાતમાં શરૂ થયેલા યુદ્ધમાં ગણતરીની કલાકોમાં જ ઈરાન નું નેતૃત્વ ખતમ કરી તેલ અને ખાસ કરીને હોર્મુઝ પર નિયંત્રણ લઈ લેવાની અમેરિકાની ગણતરી ધરમૂળમાંથી ખોટી પડી હતી, અને છેલ્લે અમેરિકા અને ઈરાને બે અઠવાડિયા યુદ્ધ વિરામ નો સ્વીકાર કર્યો છે, આ યુદ્ધ માત્ર સૈનિકો, દારૂગોળો, બોમ્બ વરસાદથી દુશ્મનોને ખેદાન મેદાન કરવા પૂરતું સીમિત ન હતું. આ યુદ્ધ સમગ્ર વિશ્વની ઉર્જા જરૂરિયાત પર ઘાતક પ્રહાર કરનારું બની રહ્યું હતું, ઈરાન ઈઝરાયેલના યુદ્ધ થી વિશ્વભરમાં આર્થિક ની સાથે સાથે ઉર્જા કટોકટી ઉભી થઈ હતી, આ સ્થિતિએ અમેરિકાને પણ વિચારતું કરી મૂક્યું હતું અને ક્યારેય યુદ્ધમાં પીછેહટ ન કરવાની માનસિકતા ધરાવતા સુપર પાવર ને પણ ઈરાની એક બે નહીં પરંતુ દશ દશ શરતો માની લેવાની ફરજ પડી અત્યારે તો બે અઠવાડિયા માટે યુદ્ધવિરામ ની જાહેરાત થઈ છે પરંતુ આ યુદ્ધ હવે સંપૂર્ણપણે અટકી જવું જોઈએ, યુદ્ધ વિરામથી માત્ર દુશ્મનો જ નહીં સમગ્ર વિશ્વની નુકસાની અટકી છે, લડાઈમાં ક્યારેય લાડવા ન હોય તે આ યુદ્ધે સમગ્ર વિશ્વને સબક આપી દીધો છે

બંને પક્ષો વિજયનો દાવો કરી રહ્યા છે, પરંતુ દુનિયા હવે આ યુદ્ધ લાંબુ ન ચાલે તેવું પૂછી રહી છે ઈઝરાયલ લેબનોનમાં હુમલા ચાલુ રાખી રહ્યું છે અને ઈરાને હોર્મુઝ ફરી બંધ કરવાની વાત દોહરાવી છે જે સમગ્ર વિશ્વ માટે ચિંતા ઊભી કરનાર બની રહ્યું છે દુનિયા માટે આ યુદ્ધ વિરામ એટલા માટે અનિવાર્ય બન્યું છે કે આ યુદ્ધથીતેલ અને ઊર્જા ક્યારે ઉભું ન થયું હોય તેવું સંકટ સર્જાયું છે બીજી તરફ હોર્મુઝ બંધ થવાથી તેલના ભાવ આસમાને પહોંચી ગયા હતા. વિરામ પછી તેલના ભાવ ઘટ્યા છે, જે વૈશ્વિક અર્થતંત્ર માટે રાહત બની છે. જો યુદ્ધ ચાલુ રહે તો ભારત, યુરોપ, એશિયા જેવા દેશોમાં પેટ્રોલ-ડીઝલ, ખાદ્યપદાર્થો અને ખાતરના ભાવ વધી જાય માનવીય અને મોટાભાઈએ આર્થિક નુકસાન ની ખોટ આવી પડે આ યુદ્ધમાં હજારો લોકો માર્યા ગયા છે, લાખો વિસ્થાપિત થયા છે. લેબનોન થી લઈ અખાતના મોટાભાગનાદેશોમાં યુદ્ધની જાનમાલની નુકસાની રૂપે અસર પડી છે.આ યુદ્ધ વિરામ એક સારી શરૂઆત છે, પરંતુ તેને કાયમી બનાવવા માટે તમામ પક્ષોએ વાતચીત અને સમાધાનનો રસ્તો અપનાવવો જોઈએ. યુદ્ધ કોઈના હિતમાં નથી તે માત્ર વિનાશ અને અસ્થિરતાજ વધારે છે.દુનિયાને સ્થિરતા અને શાંતિની જરૂર છે, ખાસ કરીને આજના આંતર-સંયોજિત વિશ્વમાં યુદ્ધ કોઈને પરવડે તેમ નથી એટલે વિશ્વ શાંતિ માટે યુદ્ધ વિરામ અનિવાર્ય છે તે તમામે સમજવું જોઈએ.

[signature]

## પૂર્વ મુખ્યમંત્રી દિવંગત વિજયભાઈ રૂપાણીની ૧૦મી માસીક પૂણ્યતિથિએ

# પુજીત રૂપાણી ટ્રસ્ટ દ્વારા રવિવારે સેવાયજ્ઞમાં સર્વરોગ નિદાન કેમ્પ સાથે શ્રવણ યંત્રનું કરાશે વિતરણ

## પુજીત રૂપાણી ટ્રસ્ટની સેવાનો લાભ લેવા જરૂરીયાતમંદોને અંજલીબેન રૂપાણી દ્વારા અપીલ

**અબતક,રાજકોટ**

માનવસેવાના અનેકવિધ કર્યો કરતું પુજીત વિજયભાઈ રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ અંતર્ગત તા.૧૨, રવિવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ દરમ્યાન પુજીત વિજયભાઈ રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ, કિલ્લોલ'', ૧-મયુરનગર, મ્યુનિસિપલ કોર્પોરેશન (પૂર્વઝોન) સામે, ભાવનગર રોડ, ખાતે ચામડી, દંતરોગ, બાળરોગ, કાન-નાક-ગળાના દર્દો માટે નિદાન તથા જરૂરીયાતમંદ દર્દીઓને ડોક્ટરની સલાહ મુજબ નિઃશુલ્ક દવા વિતરણ તેમજ લેબોરેટરી વિભાગ દ્વારા લોહીની પ્રાથમિક તપાસ કરી આપવામાં આવશે.

જે લોકોને કાનમાં બહેરાશ આવી ગઈ હોય, કાનમાં ઓછું સંભળાતું હોય, કાનમાં સાંભળવાનું મશીન લઈ ન શકતા હોય તેવા જરૂરિયાતમંદ દર્દીઓને ''વહેલા તે પહેલાના ધોરણે વિનામૂલ્યે શ્રવણયંત્ર (બહેરાશમાં ઉપયોગી થતું મશીન)'' ડોક્ટરની સલાહ મુજબ વિતરણ કરવામાં આવશે

આ સિવાય દંતરોગ તમામ રોગોનાં નિરાકરણ માટે વિનામૂલ્યે દંતરોગ નિદાન તથા રાહતદરે સારવાર કરી આપવામાં આવશે. ટ્રસ્ટના દંત વિભાગમાં ખુબ જ નજીવા દરે દાંતની દરેક પ્રકારની ઉત્તમ સારવાર કરવામાં આવે છે અને આ કેમ્પના લાભાર્થીઓને એમાં પણ બીજા ૫૦% રાહત આપી કેમ્પની તારીખથી એક અઠવાડિયા સુધી સારવાર કરી આપવામાં આવશે.

જરૂરિયાતમંદ દર્દીઓને પોતાના આરોગ્યની સુખાકારી માટે આ કેમ્પનો લાભ લેવા પુજીત વિજયભાઈ રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટનાં ટ્રસ્ટી અંજલિબેન વિજયભાઈ રૂપાણી દ્વારા અપીલ કરવામાં આવેલ છે.



આ કેમ્પમાં કાન-નાક-ગળા વિભાગમાં ડો.જતિનભાઈ મોદી, ડો. નિરવભાઈ મોદી, ડો.સેજલબેન ભટ્ટ, ડો.વૈભવભાઈ હાપલિયા, વર્ટીગો (ચક્કર) નિષ્ણાંત ડો.દર્શનભાઈ ભટ્ટ, ચામડી વિભાગમાં ડો.ચેતનભાઈ લાલસેતા, ડો.પૂજાબેન ભીંડોરા, ડો.પ્રિયંકાબેન સુતરીયા, બાળરોગ વિભાગમાં ડો.નિખિલભાઈ શેઠ, ડો.અનિલભાઈ સાંજવા (પીડીયાટ્રીક સર્જન), દંતરોગ વિભાગમાં ડો.બિંદનભાઈ શાહ, ડો.પ્રીતેશભાઈ વોરા, ડો. બંસીબેન કારીયા, ડો.નેહાંશીબેન રામાનુજ સેવાઓ અપાશે.

ઉપરોકત કેમ્પના આયોજનમાં ટ્રસ્ટી અંજલિબેન રૂપાણીનાં માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટની મેડીકલ કમિટી મેમ્બર્સ મહેશભાઈ ભટ્ટ, ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, ડો.નયનભાઈ શાહ, દિવ્યેશભાઈ અઘેરા,( ગીતાબેન બિપીનભાઈ વસા, શૈલેષભાઈ લોટીયા, હરીશભાઈ શાહ, કેતનભાઈ મેસવાની સેવારત છે.

કેમ્પની વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટનો રૂબરૂ અથવા ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫ દ્વારા સંપર્ક સાધવા જણાવાયું છે.

# 'નારી તુ નારાયણી: આત્મનિર્ભર ફાઉન્ડેશન દ્વારા રવિવારે 'નારી શક્તિ એવોર્ડ' કાર્યક્રમ

## 'અબતક' મીડિયાની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ આપી માહિતી

**અબતક, રાજકોટ**

છેલ્લા બે વર્ષથી આત્મનિર્ભર ફાઉન્ડેશન મહિલા તથા બાળકોની અનેક પ્રવૃત્તિ તથા કાર્યક્રમો આયોજન કરે છે. તન્વીબેનનો હેતુ છે કે મહિલા આર્થિક રીતે કે સામાજીક રીતે આગળ વધે એ હેતુથી આ ફાઉન્ડેશનની રચના કરવામાં આવી છે. સાથે-સાથે બાળકોને પણ ભણવાની સાથે ગમ્મત, જ્ઞાન પણ મળી રહે તેવા કાર્યક્રમો પણ કરવામાં આવે છે.



'અબતક' મીડિયાની શુભેચ્છા મુલાકાતે આવેલા તન્વીબેન લહેરૂ સહિતના સભ્યોએ માહિતી આપણા જણાવ્યું હતું કે ૧૨ એપ્રિલના ૩ વાગ્યે મોરિસ બેન્કવેટ હોલ, ભૂતખાના ચોક, રાજકોટ ખાતે 'નારી શકિત એવોર્ડ-૨૦૨૬'નું આયોજન કરવામાં આવેલું છે. જેમાં ૨૦૧ એવોર્ડનું વિતરણ થશે. શિલ્ડની સાથે સ્પોર ગીફ્ટ પણ આપવામાં આવશે.

આ એવોર્ડમાં બિઝનેશ એવોર્ડ, સામાજીક કાર્ય કરતા સાસુ-વહુ, માં-દિકરી એવોર્ડ યોજાશે. આ ઉપરાંત 'નારીના જન્મથી લઈ અંત સુધી' વિષય પર નાટકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મુખ્ય મહેમાન તરીકે દર્શિતાબેન શાહ, નયનાબેન પેઢડિયા, ભરતભાઈ બોઘરા, જીમ્મીભાઈ અડવાણી સહિતના હાજરી આપશે.

ફાઉન્ડેશનની કમિટી, જયશ્રીબેન ગોહેલ, મયુરીબેન પંડ્યા, નીતાબેન રાવત, હર્ષાબેન ભટ્ટ, મધુબેન પાલા, સીમાબેન નાયક, પારૂલબેન બુધ્ધદેવ તથા સમગ્ર ટીમ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

આત્મનિર્ભર ફાઉન્ડેશનમાં જોડાવા તન્વી લહેરૂ મો.નં.૮૮૪૯૮ ૦૨૬૫૬ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા તમામ વોર્ડમાં ઓટલા પરિષદ



**અબતચક,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની ચુંટણી અંતર્ગત રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવભાઈ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા અને યોગેન્દ્રસિંહ જાડેજા તેમજ પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષા શ્રીમતી અંજુબેન વેકરીયાના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર મહિલા મોરચાના પ્રમુખ લીનાબેન રાવલ, મહામંત્રી કિરણબેન હરસોડા, માધવીબેન જોગીયાની આગેવાનીમાં રાજકોટ મહાનગરપાલિકાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીના પ્રચાર પ્રસાર માટે મહિલા મોરચા દ્વારા રાજકોટ શહેરના તમામ વોર્ડમાં ઘર ઘર સંપર્ક અભિયાન અંતર્ગત પત્રિકા વિતરણ અને ઓટલા પરિષદ કરવામાં આવેલ હતી. આ ઓટલા પરિષદમાં પૂર્વ પ્રમુખ મહિલા મોરચાના કિરણબેન માકડીયા સહિત તમામ શ્રેણીના મહિલા મોરચાના હોદ્દેદારો, કારોબારી સભ્યો અને વોર્ડના હોદ્દેદારો સહિત બહોળી સંખ્યામાં મહિલા કાર્યકર્તાઓ ઓટલા પરિષદમાં જોડાયા હતા.

# લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે ''ઉનાળાના સ્વાસ્થ્યવર્ધક ઠંડા પીણા'' બનાવવાની સ્પર્ધા યોજાશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મહાનગરપાલિકા સ્થાપિત તેમજ સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત તથા ગુજકોસ્ટ પુરસ્કૃત ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર રાજકોટની વીમેન્સ સાયન્સ ક્લબ અંતર્ગત ફક્ત મહિલાઓ માટે આગામી તા.૧૧ એપ્રિલ ૨૦૨૬ને શનિવારના રોજ બપોરે ૩:૩૦ થી ૫:૩૦ દરમિયાન ''ઉનાળાના સ્વાસ્થ્યવર્ધક ઠંડા પીણા'' બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં સ્પર્ધક પીણા ઘરેથી બનાવીને લાવવાના રહેશે તે ઉપરાંત પીણા કઈ રીતે બનાવ્યા અને ક્યા પોષકતત્વો માટે બનાવ્યા છે તેની જાણકારી આપવાની રહેશે. નિર્ણાયક દ્વારા શ્રેષ્ઠ પીણાની પસંદગી કરીને ઈનામ આપવામાં આવશે તેમજ દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા તા.૧૦-૪-૨૦૨૬ સુધીમાં સવારે ૧૦:૩૦ થી સાંજે ૫:૩૦ દરમિયાન લોક વિજ્ઞાન કેન્દ્રના ફોન નં : ૨૪૪૯૯૪૦ અથવા મો.૯૯૨૪૩૬૭૮૪૪ ઉપર રજીસ્ટ્રેશન કરાવી લેવા વિનંતી.

## સ્વસ્થ જીવન સાથે રમત શ્રેષ્ઠ સાથી

# નવરંગ નેચર કલબનો દશી રમતો થકી બાળકના સર્વાંગી વિકાસનો નવો પ્રયાસ

**અબતક,રાજકોટ**

નવરંગ નેચરલ કલબ દ્વારા પ્રાચીન રમતો દ્વારા બાળકનો સામાજીક, શારીરીક અને બૌદ્ધિક વિકાસ સાધવા માટે સતત કાર્યરત રહે છે. પ્રાચીન સમયથી જ બાળક માટે રમત અગત્યનો ભાગ રહી છે. ત્યારે આજના ડિજીટલ રમતોથી કેદ બાળકોને છોડાવવા અને પ્રાચીન રમત મૂલ્યો વિકસાવવા જરૂરી બને છે.

શહેરી રમતો દ્વારા બાળકમાં સ્ટેમીના, ચપળતા અને શરીર સંતુલન જળવાઈ રહે છે. કબડી, ખો-ખો, દોરડી કુદ, જેવી રમત શારીરીક વિકાસ અને રોગ મુકત જીવન આપે છે. બાળકમાં વધતી જતી મોબાઈલ જોવાની આદત અને ડિજીટલ હિંસા ટાળવા વિવિધ બૌધીક રમતો, યાદશકિત વિકસાવવા સાાંતાકુકડી, સંવાદિક રમતો દ્વારા શકય બને છે.



રમત સાથે સારૂ સ્વાસ્થ્ય અને ખરોકપણ એટલો જ જરૂરી છે. જંગફુડ ટેવોથી નાનપણથી થતા કેન્સર પેટની બિમારીઓના વધતા જતા સ્વાસ્થ્ય પ્રશ્ને સામે લડત આપવા રમત બાદ સારા સ્વસ્થ્ય ખોરાકની ટેક જરૂરી છે. સારૂ સ્વાસ્થ્ય જ સારા જીવનનો આધાર છે. આ ટેવ બાળકમાં વિકસાવવા શેરી રમત અને સ્વસ્થ ખોરાક બાળકના સર્વાંગી વિકાસ સાધવા આવશ્યક બને છે.નવરંગ સંસ્થા દ્વારા આ નવો પ્રયાસ બાળક માટે ખૂબજ દિશા સુચન આપે છે.

આમ જેમ બને તેમ પ્રાચીન રમતના મૂલ્યો ફરી વિકસે અને ડિજીટલ રમતમાથી બાળક મુકત થઈ સમાજ વચ્ચે રહી પૂર્ણ વિકસીત બને ખડતલ બને એ જરૂરી છે.

# ''ડ્રગ્સ'' સમય, સંપતિ અને શરીરની બરબાદી: હરિઓમ વિદ્યાલયમાં જાગૃતિ વ્યાખ્યાન

## વિઝન ૨૦૪૭: નશામુકત ભારત અંતર્ગત ૨૦૦થી વધુ વિદ્યાર્થિનીઓને ડ્રગ્સના દુષણ અંગે અપાયું માર્ગદર્શન



**અબતક,રાજકોટ**

રાજકોટ સ્થિત હરિઓમ વિદ્યાલયમાં ધોરણ ૧૦, ૧૧ અને ૧૨ ની વિદ્યાર્થિનીઓ માટે 'વિઝન ૨૦૪૭ : નશામુક્ત ભારત' વિષય પર જાગૃતિ વ્યાખ્યાન યોજાયું હતું. આ કાર્યક્રમમાં ભારત સ રકારના કસ્ટમ્સ વિભાગના સુપરિન્ટેન્ડન્ટ સંજીવ જાનીએ વિદ્યાર્થિનીઓને ડ્રગ્સના ભયંકર દૂષણ અંગે સરળ અને અસરકારક રીતે માર્ગદર્શન આપ્યું હતું.

વ્યાખ્યાન દરમિયાન જાનીએ વિદ્યાર્થિનીઓને સમજાવ્યું હતું કે ડ્રગ્સ માત્ર એક વ્યક્તિને નહીં પરંતુ સમગ્ર સમાજને બરબાદ કરે છે. ડ્રગ્સ એટલે સમય, સંપત્તિ અને શરીરની બરબાદી, સાથે જ તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે ડ્રગ્સ સામેની લડાઈ માત્ર કાયદા અમલ કરાવતી એજન્સીઓની નથી, પરંતુ સમગ્ર સમાજની સંયુક્ત જવાબદારી છે.

વિદ્યાર્થિનીઓને વધુ સારી રીતે સમજાવવા માટે તેમણે જાણીતા ફિલ્મ જગતના ઉદાહરણો આપતા જણાવ્યું હતું કે જીવનમાં સફળતા હોવા છતાં માનસિક દબાણ અને ખોટી પસંદગીઓ વ્યક્તિને ખોટા માર્ગે દોરી શકે છે.

કાર્યક્રમ દરમિયાન સંજીવ જાની દ્વારા ડ્રગ્સના પ્રકારો, તેની ઓળખ અને તેના નુકસાન અંગે પણ વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કુલ ૨૦૦ થી વધુ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને વિષય અંગે જાગૃતિ પ્રાપ્ત કરી હતી.

આ પ્રસંગે શાળાના આચાર્યા જાગૃતિબેન ભટ્ટ અને શિક્ષકગણે આ પ્રકારના જાગૃતિ કાર્યક્રમોને સમયની જરૂરિયાત ગણાવી હતી.

# વાલ્મિકી સમાજના ઉત્થાન સાથે સર્વ માટે વિસ્તારકો સજ્જ

## સમાજના ડિજિટલ સર્વે અંતર્ગત વિસ્તારકોનો તાલિમ વર્ગ અને આઈડી કાર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ વાલ્મિકી સમાજના સામાજીક, શૈક્ષણિક તથા આર્થિક બાબતોની માહિતી એકત્રીકરણ કરવા માટે રાજકોટ વાલ્મિકી સમાજ ડીજીટલ સર્વે એપ-૨૦૨૬ નો લોન્ચીંગ કાર્યક્રમ રાજ્યના શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાના હસ્તે તથા ધારાસભ્ય દર્શીતાબેન શાહ, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવેની ઉપસ્થિતિમાં યોજાયેલ. આ સર્વે માટે ડોર ટુ ડોર માહિતી એકત્ર કરવા માટે વાલ્મીકી સમાજના યુવાનોની 'વિસ્તારક' તરીકે નિમણુંક કરી તેમને તાલિમ તથા 'વિસ્તારક' તરીકેના ઓળખકાર્ડ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં રાજકોટ શહેર વાલ્મીકી સમાજના પ્રમુખ મુકેશભાઈ પરમાર, અજયભાઈ વાઘેલા, અ.જા.મો.ના શહેર પ્રમુખ દિનેશભાઈ ગોહેલ, યતિનભાઈ વાઘેલા, કિરીટભાઈ વાઘેલા, ગૌતમ ચૌહાણ, જલ્પેશ વાઘેલા, યોવન મેવાડા, વિક્રમ ગોરી, મયુર નારોલા, ગીરધર વાઘેલા, મુનાભાઈ વાઘેલા, રામ પરમાર, પરેશ ટીમાણીયા, કપીલ વાઘેલા, વિરાટ વાઘેલા, મનોજ શીંગાળા, દિપક વાઘેલા, કૌશીક સોઢા, અરવિંદ રાઠોડ, સીચન જેઠવા, ભરતભાઈ મેવાડા, રાહુલ વાણીયા, પ્રશાંત વાડોદરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રકાશ સોસાયટીના શંકર મહાદેવ મંદિરે ભાગવત સપ્તાહ શ્રવણથી અંજલિબેન રૂપાણી થયા ધન્ય

**અબતક રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં રાજકીય અને સામાજિક ક્ષેત્રે એક વિશિષ્ટ ઓળખ ધરાવતા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી દિવંગત વિજયભાઈ રૂપાણી ની ધર્મ પારાયણતા ના પગલે પરિવારજનો પણ ધર્મ દર્શન સત્સંગ માં અગ્રેસર રહે છે.

રાજકોટના પ્રકાશ સોસાયટી શેરી નંબર ૨ નિર્મલા સ્કૂલ સામે ની શેરીમાં શંકર મહાદેવ મંદિર ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞ ચાલી રહી છે ૫ થી ૧૧ સુધી ચાલનારી આ કથામાં ગોવર્ધન મથુરાના બંસીલાલ



શાસ્ત્રી કથાનું રસપાન કરાવી રહ્યા છે, આ કથામાં પોથીયાત્રા, જ્ઞાન વૈરાગ્ય કથા, કપિલ જન્મ, ઋષિ જન્મોત્સવ, વામન જન્મ રામ જન્મ, કૃષ્ણ જન્મ, ગીરીરાજ પૂજન, રુક્ષ્મણી વિવાહ અને સુદામા ચરિત્ર જેવા કાર્યક્રમો થઈ રહ્યા છે, જેમાં ગઈકાલે દિવંગત પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના પત્ની અંજલીબેન રૂપાણી એ ખાસ હાજરી આપી કથા રસપાન કરીને આરતી નો ધર્મ લાભ લીધો હતો આ ધર્મોત્સવ માં દરરોજ મોટી સંખ્યામાં લોકો કથા શ્રવણ કરી રહ્યા છે.

# ગર્ભાવસ્થામાં વિપશ્યના ધ્યાનના મહત્વ વિશે કાલે યોજાશે માર્ગદર્શન શિબિર

## બાળ ઘડતરનો પ્રારંભમાં ઉદરથી જ થાય ગર્ભના સંસ્કારથી જ બાળક અસામાન્ય બુદ્ધિ પ્રતિભા પ્રાપ્ત કરી શકે

**અબ તક રાજકોટ**

ભારતની પ્રાચીન આરોગ્ય પદ્ધતિમાં ગર્ભ સરકારનું મહત્વ છે, પ્રાચીન વિપસ્યના ધ્યાન ગર્ભાવસ્થામાં ખૂબ ઉપયોગી છે ત્યારે ગર્ભાવસ્થામાં વિપસ્યના ધ્યાન ના મહત્વ અંગે આવતીકાલે તારીખ ૧૦એપ્રિલ શુક્રવારે સાંજે ૫ થી ૬/૧૫કલાકે જુના એરપોર્ટ રોડ સ્વામિનારાયણ મંદિર વાળી શેરીમાં આવેલ ભાભા કૃપા '૩ ગીત સોસાયટી ખાતે માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

ગર્ભાઅવસ્થા દરમિયાન વિપસ્યના ના મહત્વ અંગે ની માર્ગદર્શન શિબિરમાં ગર્ભવતી મહિલાઓ, તેમની સારવાર સંભાળ લેનાર કુટુંબીજનો, બેબી પ્લાનિંગ બહેનો યુગલો અને પરણવા લાયક દીકરીઓ આ શિબિર નો લાભ લઈ શકશે વિપસ્યના ધ્યાન ગર્ભાવસ્થા સમયે ખૂબ ઉપયોગી છે, માતાની અંદરના બધા સંસ્કાર બાળકમાં આવે છે બાળકનું માનસ ૮૦% માતાના ગર્ભમાં તૈયાર થતું હોય વિભષ્યના સાધના અંતરમાંની ઊંડાઈથી રાગ દ્વેષ મોહ માયા ,ઈર્ષા ચિંતાને સમાપ્ત કરે છે પરિણામે ખૂબ જ કરુણા ,મૈત્રી સમતા અને સકારાત્મક વિચારો નું આરોપણ થાય છે જે નીતાંત આવશ્યક છે તો મનુષ્યને સુખી થવું હોય તો કરુણા મૈત્રી સમતા મૂદીતા માં જીવવું જોઈએ હર કોઈ વ્યકિત માટે વિપસયના ખૂબ ઉપયોગી છે ગર્ભવતી માતાને પણ એટલી જ ઉપયોગી છે કારણ કે તેની સાથે એક બાળક પણ જોડાયેલું છે એ બાળકને આવતા ૯૯ વર્ષ સુધી પણ માતા ન આપી શકે તેવા ગર્ભાવસ્થાના સંસ્કાર વિપસ્યનાથી પ્રાપ્ત થાય છે આ શિબિર નો લાભ લેવા અને વધુ વિગત માટે ફોન નંબર૯૪૨૬૨૦૨૨૨૨ પર સંપર્ક કરવા જણાવ્યું છે

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી

# ઉમેદવારી પત્રો ભરવા કચેરીના ૧૦૦ મીટર વિસ્તારમાં ત્રણથી વધુ વાહનો સાથે જવા પર પ્રતિબંધ

## ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર સહિત પાંચથી વધુ વ્યક્તિઓ જઈ શકશે નહીં

**અબતક, રાજકોટ**

રાજય ચૂંટણી આયોગ દ્વારા જાહેર થયેલી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી/પેટા ચૂંટણીઓ અન્વયે રાજકોટ પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં જરૂરી હૂકમ જાહેર કર્યા છે.

જે મુજબ કોઈપણ ઉમેદવાર તેમના ઉમેદવારી પત્રો ભરવા માટે સંબંધિત ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં જાય ત્યારે તેમની કચેરીના ૧૦૦ મીટરના આસપાસના વિસ્તારમાં ત્રણ વાહનથી વધુ વાહનો સાથે જઈ શકશે નહી. તેમજ સંબંધિત ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર તથા તેમના વધુમાં વધુ ચાર સમર્થકો મળી કુલ-૫ (પાંચ) વ્યકિતઓથી વધુ સંબંધિત અધિકારીની ચેમ્બરમાં જઈ શકશે નહી. વિજેતા ઉમેદવાર ચૂંટણી પ્રમાણપત્ર લેવા આવે ત્યારે પણ આ સૂચના લાગુ પડશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ હુકમ તા.૨૮/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

### મતદાન મથકમાં મોબાઈલ લઈ જવા પર મનાઈ

રાજકોટ શહેરમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણી સમયે કાયદો-વ્યવસ્થા જાળવવા શહેર પોલીસ કમિશનર શ્રી બ્રજેશકુમાર ઝા દ્વારા મતદાન મથકો તેમજ આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં વિવિધ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ ફરમાવાયો છે. જેમાં મોબાઈલ સહિતના સંદેશા વ્યવહારના વીજાણુ માધ્યમો મતદાન મથકમાં લઈ જવા પર મનાઈ ફરમાવાઈ છે.

### ચૂંટણીલક્ષી પ્રચાર અંગે વપરાતા વાહનની નોંધણી કરાવવી ફરજિયાત

રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૧૪ જીલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓ પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. જે અંતર્ગત પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર બજેશ કુમાર ઝા દ્વારા રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં પ્રચારમાં વાહનોનો ઉપયોગ કરવા માટે ફરમાન જારી કરવામાં આવ્યું છે.

જે મુજબ કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવાર કે કાર્યકરો પોતાના પક્ષના ચૂંટણી પ્રચાર માટે વાહનનો ઉપયોગ જે તે મતવિસ્તારના ચૂંટણી અધિકારી પાસે વાહનની નોંધણી કર્યા સિવાય અને પરવાનગી લીધા સિવાય વાહનનો ઉપયોગ કરી ચૂંટણી પ્રચાર કરી શકશે નહી.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીઓ તેજ: ૧૧ હજાર કર્મીઓની તાલીમ શરૂ

## તાલીમમાં મતદાન પ્રક્રિયા, ઈવીએમનું સંચાલન, ફોર્મ ભરવાની પદ્ધતિ અને આકસ્મિક સંજોગોમાં લેવાના પગલાં અંગે નિષ્ણાતો દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા, નગરપાલિકાઓ, તાલુકા તથા જિલ્લા પંચાયતો માટે વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે અને ત્રણેય ચૂંટણીમાં ૧૧ હજારથી પણ વધુ કર્મચારીઓ ફરજ બજાવવાના છે જેને લઈ કર્મચારીઓને ટ્રેનિંગ ની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવે છે અને મહાનગરપાલિકા નગરપાલિકાને તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત વિસ્તારોમાં તમામ કર્મચારીઓને ઈ.વી.એમ અને ચૂંટણી તાલીમની શરૂઆત થઈ ચૂકી છે.

રાજકોટ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને વહીવટી તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. ચૂંટણી પ્રક્રિયા મુક્ત અને ન્યાયી વાતાવરણમાં સંપન્ન થાય તે માટે કલેક્ટર તંત્ર દ્વારા આયોજનબદ્ધ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.





ચૂંટણી કામગીરીમાં કોઈ ચૂક ન રહી જાય તે માટે આજે જિલ્લાના ૧૧ હજાર જેટલા કર્મચારીઓ માટે તાલુકા કક્ષાએ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં મતદાન પ્રક્રિયા, ઈવીએમનું સંચાલન, ફોર્મ ભરવાની પદ્ધતિ અને આકસ્મિક સંજોગોમાં લેવાના પગલાં અંગે નિષ્ણાતો દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું . ચૂંટણી પ્રક્રિયાને સુચારુ બનાવવા માટે ૧૧ હજાર જેટલા અધિકારી-કર્મચારીઓ મતદાન મથકો મતદાનના દિવસે હાજર રહેશે, જ્યારે સુરક્ષા વ્યવસ્થા મજબૂત રહે તે માટે ૩ હજારથી પોલીસ કર્મીઓને બંદોબસ્તમાં મુકવામાં આવ્યા છે.

આ ચૂંટણીઓ મુક્ત, નિષ્પક્ષ અને પારદર્શક વાતાવરણમાં સંપન્ન થાય તે સુનિશ્ચિત કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે.સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીમાં મોટાભાગના મતદાન કેન્દ્રો અંતરિયાળ વિસ્તારોમાં આવેલા હોવાથી પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

સાથે જ મતદારોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે આરોગ્ય સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હેમાંગ રાવલ અને ગજેન્દ્રસિંહ ઝાલાની રજૂઆત બાદ

# એસ.ટી, પેટ્રોલ પંપ, એટીએમ, મેડિકલ સ્ટોર પરથી ધડાધડ વડાપ્રધાન મુખ્યમંત્રીના ફોટા હટાવાયા

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થતાની સાથે જ આદર્શ આચારસંહિતા અમલી બની છે, પરંતુ શાસક પક્ષના ઈશારે અનેક સરકારી સ્થળોએથી વડાપ્રધાન અને મુખ્યમંત્રીની તસવીરો હટાવવામાં તંત્ર દ્વારા બેદરકારી દાખવવામાં આવતી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હેમાંગ રાવલની પત્રકાર પરિષદ અને રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશનરને કરવામાં આવેલી લેખિત ફરિયાદ બાદ તંત્ર આખરે હરકતમાં આવ્યું છે. ફરિયાદમાં જણાવાયું હતું કે, એસ.ટી. નિગમની ૮૫૫૦ બસો, પેટ્રોલ પંપો, પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્રો અને યુનિયન બેંકના એટીએમ મશીનો પરથી નિયત સમય મર્યાદામાં રાજકીય હોદ્દેદારોના પોસ્ટરો હટાવવામાં આવ્યા નહોતા, જે સીધો આચારસંહિતાનો ભંગ હતો.રાજકોટમાં પણ આ ઝુંબેશને વેગ આપતા શહેર કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રવક્તા ગજેન્દ્રસિંહ ઝાલાની આગેવાનીમાં ટીમ દ્વારા સપાટો બોલાવવામાં આવ્યો હતો. રાજકોટ એસ.ટી. બસપોર્ટ ખાતે સતત ત્રણ દિવસ મોનિટરિંગ કરી અન્ય ડેપોની બસોમાંથી પીએમ-સીએમના ફોટા દૂર કરાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત પેટ્રોલ પંપ અને મેડિકલ સ્ટોર જેવા જાહેર સ્થળોએ જ્યાં આચારસંહિતાનો ભંગ જણાતો હતો, ત્યાં પોલીસ અને જિલ્લા ચૂંટણી અધિકારીને લેખિત જાણ કરી પોસ્ટરો હટાવવાની અથવા ઢાંકી દેવાની ફરજ પાડવામાં આવી હતી. ગજેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું છે કે જો હજુ પણ ક્યાંય શાસકો દ્વારા આચારસંહિતાનો ભંગ થતો જણાય, તો જાગૃત નાગરિકોએ પુરાવા સાથે મો. ૯૪૨૬૨ ૨૯૩૯૬ પર સંપર્ક કરવો જેથી કાયદેસરની કાર્યવાહી કરી શકાય.

## ઓનલાઈન પોર્ટલ પર સિવિલ હોસ્પિટલ ઓથોરાઈઝ્ડ હોવા છતાં

# અમરનાથ યાત્રીકો મેડિકલ સર્ટિફિકેટ માટે રઝળ્યા!

## સરકારી પરિપત્ર'' નથી આવ્યો આથી અમો કામગીરી ન કરી શકીએ: આરએમઓ એચ. એ. દૂસરા

**અબતક રાજકોટ**

પવિત્ર અમરનાથ યાત્રા માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે, પરંતુ રાજકોટ સિવિલ હોસ્પિટલના વહીવટી તંત્રની બેદરકારી અને સંકલનના અભાવે આજે ૪૫ જેટલા યાત્રીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અમરનાથ શ્રાઈન બોર્ડની વેબસાઈટ પર રાજકોટ સિવિલ હોસ્પિટલનું નામ મેડિકલ ચેકઅપ માટે અધિકૃત હોવા છતાં, સ્થાનિક અધિકારીઓએ ''સરકારી પરિપત્ર'' નથી આવ્યો તેમ કહી કામગીરી રોકી દેતા યાત્રીઓમાં રોષ જોવા મળ્યો હતો.



પ્રાપ્ત વિગતો મુજબ, રાજકોટ અને આસપાસના વિસ્તારના શ્રદ્ધાળુઓ આજે સવારે ૬ વાગ્યાથી સિવિલ હોસ્પિટલ ખાતે કેશ કઢાવીને મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ મેળવવા લાઈનમાં ઉભા રહી ગયા હતા. જોકે, બપોરના ૧૨ વાગ્યા છતાં પણ તંત્ર દ્વારા કોઈ યોગ્ય કાર્યવાહી ન થતા યાત્રીઓ પરેશાન થયા હતા. છેલ્લા ૨૦ વર્ષથી યાત્રા કરતા શ્રદ્ધાળુ માધવભાઈ પંડ્યાએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ''શ્રાઈન બોર્ડની ગાઈડ લાઈન મુજબ મેડિકલ સર્ટિફિકેટની પ્રક્રિયા

### શ્રદ્ધાળુઓએ આરએમઓ ઓફિસ બહાર 'હર હર મહાદેવ'ના નારા લગાવ્યા

શરૂ થઈ ગઈ છે. ધોરાજી, અમદાવાદ, સુરત અને બરોડામાં યાત્રીઓને સર્ટિફિકેટ મળી રહ્યા છે, તો માત્ર રાજકોટમાં જ કેમ વિલંબ થઈ રહ્યો છે? અમારી પાસે અન્ય શહેરોમાં કામગીરી ચાલુ હોવાના પુરાવા પણ છે, તેમ છતાં અહીંના અધિકારીઓ સૂચના મળશે તો કાલે કે પરમ દિવસે ચાલુ કરીશું તેવા અસ્પષ્ટ જવાબો આપી રહ્યા છે.''

યોગ્ય જવાબ ન મળતા રોષે ભરાયેલા યાત્રીઓએ આરએમઓની ઓફિસ બહાર એકઠા થઈને 'હર હર મહાદેવ' ના નારા લગાવ્યા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. જયારે આ અંગે આરએમઓને રજૂઆત કરવામાં આવી, ત્યારે તેમણે જણાવ્યું હતું કે સરકારનો સત્તાવાર પરિપત્ર આવ્યા બાદ જ મેડિકલ ચેકઅપની કામગીરી શરૂ કરવામાં આવશે. હવે જોવાનું એ રહેશે કે ઉચ્ચ અધિકારીઓ આ બાબતે ક્યારે જાગે છે અને યાત્રીઓની મુશ્કેલીનો અંત ક્યારે આવે છે.

# રતનપરના વૈદિક ગુરૂકુળમાં ૨૨મીએ સમુહ જનોઈ તથા સમુહ વૈદિક વિવાહોત્સવ

## માતા-પિતા વિહોણી પાંચ દિકરીઓના વૈદિક પરંપરાથી મંગલ ફેરા બાદ લાખેણો કરિયાવર આપી વિદાય અપાશે

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલા રતનપર ગામે સ્થિત વિદ્યા કલ્યાણ ધામ ( વૈદિક ગુરૂકુળ) વિશ્વના સૌથી મોટા યંત્રની સ્થાપનાના દ્વિતીય પાટોત્સવના ઉપલક્ષે તાઃ ૨૨ એપ્રિલને બધવારે અનેક વિધ ધાર્મિક, સામાજીક કાર્યક્રમોનું ભવ્ય આયોજન શાસ્ત્રી હિરેનભાઈ ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યુ છે.



ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદીર સામે માતૃછાયા વૃધ્ધાશ્રમની પાછળ રતનપર (રાજકોટ) ખાતે આયોજીત આ પાટોત્સવ અવસરે ૧૧ બટુકોની સમુહ જનોઈ તથા માતા પિતા વિહોણી પાંચ દિકરીના સમુહ વૈદિક વિવાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમો પૈકી જનોઈ અથવા સમુહ વૈદિક વિવાહ માટે ૧૨ એપ્રિલ પહેલા વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધણી કરાવી શકાય છે. આ શુભ અને માંગલીક કાર્ય માટે દાતાઓ પણ આવકાર્ય છે. સમગ્ર આયોજનની વધુ વિગતો માટે મો.નં. ૮૯૮૪૬૮૭૩૩૮, ૯૬૨૪૬ ૩૫૮૦૮, ૭૯૮૪૯ ૬૩૪૪૮ અથવા ૮૮૭૯૨૧૦૪૯૯ પર સંપર્ક કરવા વૈદિક ગુરૂકુળ સંસ્થાની એક યાદીમાં જણાવાયું છે.

# ૧૫ દિવસ બાદ પ્રભુતામાં પગલાં માંડે તે પૂર્વે જ અકસ્માતમાં યુવતીનું મોત

## જામનગરથી લગ્નની ખરીદી કરી પરત ફરતી વેળાએ ટંકારા નજીક બંધ ટ્રક પાછળ રિક્ષા ઘૂસી ગઈ, ૭ ઈજાગ્રસ્ત

**અબતક રાજકોટ**

મોરબીના વીસીપરા વિસ્તારમાં રહેતા એક પરિવાર માટે લગ્નની ખુશીઓ માતમમાં ફેરવાઈ ગઈ છે. જામનગરથી લગ્નની ખરીદી કરીને રિક્ષામાં પરત ફરી રહેલા પરિવારને ટંકારાના હીરાપર ગામ પાસે અકસ્માત નડ્યો હતો. ઊભેલા ટ્રક પાછળ રિક્ષા ઘૂસી જતાં સર્જાયેલા આ અકસ્માતમાં ૧૮ વર્ષીય યુવતીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જ્યારે પરિવારના અન્ય સાત સભ્યોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબીના વીસીપરામાં રહેતા રેશ્માબેન ગફુરભાઈ જામ (ઉં.વ. ૧૮) ના લગ્ન આગામી ૨૧ તારીખે થવાના હતા. લગ્નની તૈયારીઓ માટે રેશ્માબેન તેમના પિતા ગફુરભાઈ, માતા હસીનાબેન, ભાભી સલમાબેન અને અન્ય સંબંધીઓ મળી કુલ ૮ સભ્યો રિક્ષામાં જામનગર કપડાંની ખરીદી કરવા ગયા હતા. ગઈકાલે રાત્રે આશરે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ ખરીદી કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે હીરાપર ગામ પાસે રિક્ષા અચાનક ઊભેલા સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો, અકસ્માતમાં રિક્ષામાં બેઠેલા તમામ ૭ લોકોને ઈજાઓ થઈ હતી. તમામને સ્થાનિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જેમાં રેશ્માબેનને પેટના અને શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક ટંકારા અને ત્યારબાદ વધુ સારવાર માટે મોરબી ખસેડાયા હતા. સ્થિતિ વધુ વણસતા તેમને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં આજરોજ ચાલુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, મૃતક રેશ્માબેન ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનોમાં સૌથી નાના હતા. તેમના પિતા રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. દીકરીના લગ્નને હવે ગણતરીના દિવસો જ બાકી હતા ત્યારે જ કુદરતે આ ખેલ ખેલતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. હાલ પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# એઈમ્સમાં ઐતિહાસિક પ્રથમ દીક્ષાંત સમારોહ: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે પ્રથમ બેચના ડોકટરોને ડિગ્રી એનાયત કરાશે

## ૧૩ એપ્રિલે યોજાનાર સમારોહમાં ૪૯ વિદ્યાર્થીઓને એમબીબીએસની ડિગ્રી અને તેજસ્વી તારલાઓને ૧૦ મેડલ્સ અર્પણ કરાશે: રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સહિતના મહાનુભાવો આપશે હાજરી

**અબતક રાજકોટ**

ગુજરાતમાં તબીબી શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે 'રાષ્ટ્રીય મહત્વની સંસ્થા' તરીકે ઉભરેલી એઈમ્સ રાજકોટ આગામી ૧૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ એક નવો ઈતિહાસ રચવા જઈ રહી છે. સંસ્થા દ્વારા તેનો પ્રથમ દીક્ષાંત સમારોહ યોજાશે, જેમાં વર્ષ ૨૦૨૦માં જોડાયેલા એમબીબીએસ વિદ્યાર્થીઓની પ્રથમ બેચને ગૌરવપૂર્વક ડિગ્રી એનાયત કરવામાં આવશે. આ ભવ્ય સમારોહમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી દીક્ષાંત સંબોધન કરશે અને પોતાના હસ્તે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને મેડલ તેમજ ડિગ્રી પ્રમાણપત્રો એનાયત કરશે.





આ કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલ, તેમજ ગુજરાતના આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયા સહિતના અગ્રણી મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહેશે. હાલ સંસ્થામાં રાષ્ટ્રીય મહત્વની આ ઘટનાને લઈને તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. દીક્ષાંત સમારોહમાં કુલ ૪૯ વિદ્યાર્થીઓને એમ.બી.બી.એસ ની ડિગ્રી અને એક વિદ્યાર્થીને વાયરોલોજીમાં પોસ્ટ ડોકટરલ સર્ટિફિકેટ આપવામાં આવશે. શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને કુલ ૧૦ મેડલ એનાયત થશે, જેમાં ૪ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૩ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. આ સમારોહમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને ફેકલ્ટી સભ્યો સહિત અંદાજે ૭૦૦ જેટલા આમંત્રિતો ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.

વર્ષ ૨૦૧૯ માં સ્થાપિત એઈમ્સ રાજકોટનો મુખ્ય ઉદ્દેશ્ય શ્રેષ્ઠ તબીબી શિક્ષણ, સંશોધન અને અત્યાધુનિક આરોગ્ય સેવાઓ પૂરી પાડવાનો છે. આ પ્રથમ દીક્ષાંત સમારોહ સંસ્થા માટે એક મોટું સીમાચિહ્ન સાબિત થશે,

જે તેની શૈક્ષણિક સફળતા અને ઉચ્ચ કક્ષાના તબીબી નિષ્ણાતો તૈયાર કરવાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવેલા વિવિધ સંશોધન પ્રોજેક્ટ્સ અને શૈક્ષણિક નવીનતાઓ પ્રાદેશિક તેમજ રાષ્ટ્રીય સ્તરે આરોગ્યસંભાળના ધોરણોને મજબૂત બનાવી રહ્યા છે.

## હા, હું ગુજરાતી છું.



ભરત પંડ્યા

માનવતા મારી નસેનસમાં છે.
સ્નેહમાં શક્તિ છું.
સેવામાં ભક્તિ છું.
દાનમાં અંકિત છું.
હું ''એકતા''નું પ્રતિક છું.
હા, હું ગુજરાતી છું.
વીરતા મારા રોમે રોમમાં છે.
સત્યનો ઉપાસક છું.
અહિંસાનો આરાધક છું.
પ્રેમનું અમૃત છું.
હું વિશ્વ ''શાંતિ''નું પ્રતિક છું.
હા, હું ગુજરાતી છું.
વ્યાપાર મારી રગેરગમાં છે.
પ્રકૃતિમાં સાહસિક છું.
પ્રતિષ્ઠામાં યુગાનુયુગ છું.
પ્રદક્ષિણામાં વિશ્વપ્રવાસી છું.
હું ''પ્રગતિ''નું પ્રતિક છું.
હા, હું ગુજરાતી છું.
વસુદૈવકુટુમ્બકમ મારાં શ્વાસેશ્વાસમાં છે.
દ્વારકાધીશની વાંસળીમાં ''ગીતા''નો સહવાસ છું,
ગાંધી, સરદાર અને નરેન્દ્ર મોદીની ''નીડરતા''નો અહેસાસ છું.
મહાકાળીની હારમાળામાં આતંકીનો વિનાશ છું.
હું ''મહાશક્તિ''નું પ્રતિક છું.
હા, હું ગુજરાતી છું.
યાત્રિક દુનિયાના જગે-જગમાં છું.
શ્રદ્ધા-આસ્થાનો ધોધ છું.
દયા-કરૂણાનો બોધ છું.
પરંતુ, પ્રતિરોધમાં તાંડવનો ક્રોધ છું.
હું ''શિવ સોમનાથ''નું પ્રતિક છું.
હા, હું ગુજરાતી છું.

## રાજકોટ રેન્જના વડા નિર્લિપ્ત રાયની ગુનેગારો પર સર્જીકલ સ્ટ્રાઈક

# સૌરાષ્ટ્રને ધમરોળતી કાલીયા ગેંગ અને ગામડાની ભોળી પ્રજાને રંજાળનાર ઈમલા ગેંગ સામે ગુજશીટોક

### એક દાયકા સુધી ગુનાહિત સિન્ડિકેટ બનાવી પ્રજા સાથે પોલીસને ચકરાવે ચેળાવનારાઓના ખેલ ખતમ કરવાનો શ્રેય એસ.પી વિજયસિંહ ગુર્જર









અબતક,રાજકોટ

રાજકોટ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ લોકોની જાનમાલની સુરક્ષાની જવાબદારી પોલીસના સીરે હોય ત્યારે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગુનેગારો સામે કડક હાથે કામગીરી કરવા નવનિયુક્ત રાજકોટ રેન્જના વડા નિર્લિપ્ત રાયએ રેંજના તમામ જિલ્લા વડાઓને ગુનાખોરી ખતમ કરવા આપેલી સૂચનાને પગલે રાજકોટ જિલ્લા પોલીસવાળા વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ ગોંડલ શહેરની ''ઈમલા ગેંગ ટોળકીના આઠ સાગરીતો અને સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારને ધમરોડ થી કાળીયો ગેંગના નવ શખ્સો વિરૂધ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધી પરીણામલક્ષી કામગીરી કરતી રાજકોટ ગ્રામ્ય પોલીસ રાજકોટ રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાયના માર્ગદર્શન મુજબ રાજકોટ પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર (IPS) નાઓના માર્ગદર્શન અને સુચના અન્વયે રાજકોટ જિલ્લા વિસ્તારમાં ગુનાખોરીને નેસ્ત નાબુદ કરવા અને અવાર નવાર ગુના કરતા હોય તેવા ઈસમો વિરૂધ્ધ સખ્તાઈથી કડક હાથે કાર્યવાહી કરવા સુચના કરવામાં આવી હતી. ગોંડલની ઈમલા ગેંગ સામે ૫૫ ગુના નોંધાયા છે. આઠ શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરી છે. જ્યારે એક જેલ હવાલે છે અને એકની શોધખોળ હાથ ધરવામાં આવી છે જ્યારે આ કામગીરી એલસીબીના પીઆઇ વી.વી.ઓડેદરા, પી.એસ. આઈ કે.એમ.ચાવડા, એચ.સી. ગોહીલ, આર.વી.ભીમાણી, પી.એન. ભરવાડ, એ.એસ.આઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અમીતસિંહ જાડેજા, ઈન્દ્રસિંહ જાડેજા, જયવિરસિંહ રાણા, અનિલભાઈ ગુજરાતી, દ્વારા કરવામાં આવેલ છે.

## સૌરાષ્ટ્રમાં નિરંતર તરખાંટ મચાવનાર કાળીયો ગેંગ સામે કાર્યવાહી

### કાળીયા ગેંગના નામે ૮૩ ચોરી, મારામારીના ત્રણ, દારૂના આઠ ગુના ચોપડે ચડ્યા હતા

સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં છેલ્લા એક દાયકાથી ઘરફોડ ચોરી, લૂંટ અને શરીર સંબંધી ગંભીર ગુનાઓ આચરી આતંક ફેલાવતી કુખ્યાત કાળીયો ગેંગ વિરૂદ્ધ રાજકોટ ગ્રામ્ય પોલીસે લાલ આંખ કરી છે. ટોળકીના ૯ સભ્યો વિરૂદ્ધ ગુજસીટોક મુજબ ગુનો નોંધી ૬ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે.આ ગેંગ રણજીત ઉર્ફે કાળીયો ધીરૂભાઈ સોલંકી દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં આ ટોળકીએ સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં તરખાટ મચાવ્યો છે રાજકોટ સહિત ૯ જિલ્લાઓમાં તરખાટ મચાવનાર શખ્સો સામે કુલ ૪૭ જેટલા ગુનાઓ નોંધાયા હોવાનું સામે આવ્યું છે. આ શખ્સોની મોડસ ઓપરેન્ડી તપાસતા જાણવા મળ્યું છે કે તેઓ ખાસ કરીને રાત્રિના સમયે સક્રિય થતા હતા. રહેણાંક અને વ્યાપારિક મકાનોને નિશાન બનાવી રાત્રિના ૨૮ ઘરફોડ ચોરી અંધકારમાં ચોરી. ૭ સાદી ચોરી દિવસ દરમિયાન કે અન્ય પરચુરણ ચોરીના બનાવો. ૧ ખૂન અને ગંભીર હુમલા ગુનાહિત ઈતિહાસમાં ૧ હત્યા તેમજ ૩ ગંભીર ઈજા અને ધમકી આપવાના બનાવોનો પણ સમાવેશ થાય છે. ૮ પ્રોહિબિશન દારૂબંધીના કાયદા હેઠળ આઠ ગુનાઓ નોંધાયા છે. ગોંડલ સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુજસીટોક હેઠળ ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો છે. પોલીસે આ ગેંગના ૯ સભ્યો પૈકીઃ ૬ આરોપીની ધરપકડ કરી છે. ૧ આરોપી હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે.૨ આરોપીઓ (વિક્રમ ઉર્ફે વિકુ અને ઈનેશ ઉર્ફે યુનુસ) ને પકડવા માટે તજવીજ ચાલુ છે. ગોંડલ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક કે.જી. ઝાલા આ કેસની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## ઈમલા ગેંગના એક દાયકાના કરતુંતોની તવારી પર પોલીસની બ્રેક

### ઈમલા સહિત ૮ સામે હત્યાના પ્રયાસ સહિત ૨૩ ગુના નોંધાયા

ગોંડલ શહેર અને તાલુકામાં આરોપીઓ દ્વારા પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે સંગઠીત થઈ પૂર્વ આયોજીત કાવતરૂ કરી ''ઈમલા ગેંગ'' સંગઠીત ગુના આચરતી ટોળકી બનાવી એકબીજાના સંકલનમાં રહી એકબીજાને દુમ્પ્રેરી દસ વર્ષમાં રાજકોટ જિલ્લાના વિસ્તારમાં અને ગોંડલ શહેરમાં શરીર સબંધી જેમાં ખુનની કોશિષ, ગંભીર ઈજા,, ધમકી/સામાન્ય ઈજા, હથિયારધાર જેવા ગંભીર પ્રકારના તેમજ આર્થિક લાભ માટે દારૂ, જુગારને લગતા ગુના મળી કુલ-૨૩ ગુના આચરી ભયનુ વાતાવરણ ઉભુ કરી પોતાની ટોળકીની ગુનાહિત પ્રવૃતિ સતત ચાલુ રાખી જાહેર સુલેહ શાંતિનો ભંગ કરતા હોવાનુ ખૂલતા રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાયની મંજુરી મેળવી ગોંડલ સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરવામાં આવેલ છે. સદરહુ ગુનાના ૮ આરોપીઓ પૈકી ૬ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. એક આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં છે. ૧ આરોપી પકડવાનો બાકી છે. આરોપીઓ વિરૂધ્ધ છેલ્લા દસ વર્ષમાં નોંધાયેલ ગુનાની માહિતી મેળવી તેનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરી જરૂરી દસ્તાવેજો એકત્રીત કરી ગ્રૂઅઉંઈઝઘઈ એકટ મુજબ ગુનો બનતો હોવાનુ ફલીત થતુ હોય જેથી રેકર્ડ આધારે વિગતવારની દરખાસ્ત તૈયાર કરી ગોંડલ સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે ઈરફાન ઉર્ફે ઈંકુ હસનભાઈ ઉર્ફે જમાલભાઈ કટારીયા ,ઈમરાન ઉર્ફે ઈમલો હસનભાઈ ઉર્ફે જમાલભાઈ કટારીયા,હુશેન ઉર્ફે ભોલીયો દિલાવરભાઈ મકરાણી, શકીલ હસનભાઈ ઉર્દૂ જમાલભાઈ કટારીયા, હસનભાઈ ઈસ્માઈલભાઈ કટારીયા, સરફરજ ઉર્ફે નોડી હુશેનભાઈ શેખ, જાતે મુસ્લીમ,નવાજ ઉર્ફે બાબુટ દિલાવરભાઈ પઠાણ, શાહરૂખ ઈબ્રાહીમભાઈ માંડલીયા સામે ગુનો નોઘ્યો છે.આ ગુનાની તપાસ અધિકારી જસદણ વિભાગમદદનિશ પોલીસ અધિક્ષક નવીન ચક્રવર્તી ને સોંપવામાં આવી છે

ન્યુઝ ફ્લેશ

# રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે ટિકિટ ફાળવણીમાં ભાજપ ૧૦૦% "નો રિપીટ" થિયરી નહીં અપનાવે:૨૦ વધુ નેતાઓને ફરી ટિકિટ મળશે

(પહેલા પાનાનું ચાલું)

**ડિજિટલ બાજ...**

લઈને તેના ડિસ્ટ્રિબ્યુશન, સ્ટોક મેનેજમેન્ટ અને છેલ્લે મેડિકલ સ્ટોર પર થતા વેચાણ સુધીના દરેક તબક્કાને ઓનલાઈન આવરી લેવામાં આવશે.

લાંબા સમયથી ડ્રગ રેગ્યુલેટર્સ અને એન્ફોર્સમેન્ટ એજન્સીઓ દ્વારા આવી કોઈ એકીકૃત સિસ્ટમના અભાવને સુરક્ષાની મોટી નબળાઈ ગણાવવામાં આવતી હતી. સેન્ટ્રલાઈઝ્ડ સિસ્ટમ ન હોવાના કારણે ઘણી વખત નશીલી દવાઓનો નશાખોરી માટે ગેરકાયદેસર ઉપયોગ થતો હોવાના કિસ્સાઓ સામે આવતા હતા જેને હવે પ્લેટફોર્મ થકી રોકી શકાશે.

ડ્રગ કન્સલ્ટેટિવ કમિટીની તાજેતરમાં મળેલી બેઠકમાં આ સેન્ટ્રલાઈઝ્ડ ટ્રેકિંગ સિસ્ટમની જરૂરિયાત અંગે નિષ્ણાતો દ્વારા વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ડિજિટલ પ્લેટફોર્મની રૂપરેખા, તેના મુખ્ય ફીચર્સ, કાનૂની પાસાઓ, સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન અને રાજ્ય ડ્રગ રેગ્યુલેટરી ઓથોરિટીઝની ભૂમિકા તેમજ ફાયદાઓ અંગે મનોમંથન કર્યા બાદ આ દરખાસ્ત પાસ કરાઈ હતી.

સમિતિએ સૂચન કર્યું છે કે સિડીએસસિઓ દ્વારા સેન્ટ્રલ બ્યુરો ઓફ નાર્કોટિક્સ સાથે આ અંગે ખાસ બેઠક યોજવી જોઈએ, કારણ કે બ્યુરો હાલમાં દવા ઉત્પાદન એકમો માટે એક પોર્ટલનું સંચાલન કરે છે. એકવાર નવું પોર્ટલ સંપૂર્ણપણે વિકસિત થઈ જાય ત્યારબાદ તમામ સંબંધિત એજન્સીઓને સર્વેલન્સ અને કડક મોનિટરિંગ માટે તેનો એક્સેસ આપવામાં આવશે.

**સ્ટ્રેટ ઓફ હોર્મુઝ...**

પ્રવકતા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે આ મુદ્દે ઈરાન સાથે કોઈ ચર્ચા થઈ નથી અને ભારત હોર્મુઝ મારફતે નિર્બાધ નેવિગેશન અને વૈશ્વિક વાણિજ્યની અપેક્ષા રાખે છે. અન્ય એક અધિકારીએ જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય જળસીમામાં હિલચાલની સ્વતંત્રતા યુએન સંમેલનો દ્વારા સુરક્ષિત છે, જેથી યુએસની સ્થિતિ આ બાબતે અપ્રસ્તુત છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે યુદ્ધવિરામથી ભૌતિક પુરવઠાની તંગી તરત જ હળવી થવાની અથવા સ્પોટ ક્રૂડના ભાવ નરમ પડવાની કોઈ શક્યતા નથી. બ્રેન્ટ ફ્યુચર્સ ઘટીને ૯૧ પર આવી ગયા છે, જે યુદ્ધવિરામ પછી ૧૯ ડાઉન છે, પરંતુ રિફાઈનર્સે છેલ્લા મહિનામાં સ્પોટ માર્કેટમાં બેરલ દીઠ ૧૩૦ થી ૧૪૦ ડોલર ચૂકવ્યા છે.

**તામિલનાડુના ચીફ સેક્રેટરી...**

દિવસ પહેલાં જ ચૂંટણી પંચના અધિકારીઓએ ચેન્નઈમાં કહ્યું હતું કે તમિલનાડુમાં કાયદો અને વ્યવસ્થા સારી છે અને વહીવટ સહકારી છે. તો એક અઠવાડિયામાં શું બદલાઈ ગયું?બીજેપી શાસિત અસમ અને બિહારમાં ચૂંટણી વખતે મુખ્ય સચિવ કે ડીજીપીને આવી રીતે બદલવામાં આવ્યા ન હતા. તો તમિલનાડુમાં જ આવું કેમ? આ ફેરફારોની પાછળ વિરોધ પક્ષો જેમાં એઆઈએડીએમકે અને ટીવીકે - તમિલગ વેટ્રી કઝગમના વિજય)ની અનેક ફરિયાદો છે. તેમણે આરોપ લગાવ્યા હતા કે રાજ્યની વહીવટી અને પોલીસ વ્યવસ્થા ડીએમકે સરકારની તરફેણમાં કામ કરી રહી છે. ટીવીકેના વિજયે પણ મુખ્ય સચિવ, ડીજીપી સહિત અનેક અધિકારીઓના સ્થાનાંતરણની માંગ કરી હતી જેથી નિર્પક્ષ અને સમાન તકની ચૂંટણી થાય. ચૂંટણી પંચે આ ફરિયાદોને ધ્યાનમાં લઈને આ પગલાં લીધા હોવાનું માનવામાં આવે છે. તમિલનાડુમાં એક તબક્કામાં ૨૩ એપ્રિલે મતદાન થશે અને ૪ મેના રોજ મતગણતરી થશે.

આ ઘટના માત્ર તમિલનાડુ સુધી મર્યાદિત નથી. પશ્ચિમ બંગાળ સહિત અન્ય ચૂંટણીવાળા રાજયોમાં પણ ચૂંટણી પંચે અધિકારીઓના ટ્રાન્સફર કર્યા છે, જેને લઈને વિરોધ પક્ષોએ સંસ્થાકીય તટસ્થતા પર પ્રશ્નો ઉઠાવ્યા છે. ચૂંટણી પંચનું કહેવું છે કે આ પગલાં મુક્ત અને નિર્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા માટે જરૂરી છે.આ વિવાદે તમિલનાડુના રાજકીય માહોલને વધુ ગરમાવ્યો છે. ડીએમકેનું કહેવું છે કે આવા પગલાંથી તેમની જીત અટકશે નહીં, જ્યારે વિરોધ પક્ષો તેને સરકારી હસ્તક્ષેપ તરીકે જુએ છે. આ ઘટના ચૂંટણી પંચની ભૂમિકા અને રાજ્ય સરકારો વચ્ચેના સંબંધો પર નવા પ્રશ્નો ઉઠાવે છે.

(ત્રીજા પાનાનું ચાલુ)

**બાર એસોસીએશન...**

ઝીંઝુવાડીયા, જયવીર બારૈયા સહીતના વકીલો જહેમત ઉઠાવી રહેલ છે. બાર એસોસીએશન આયોજીત ટુર્નામેન્ટમાં તમામ એડવોકેટોને આમંત્રણ પાઠવવામાં આવેલ છે. સીનીયર જુનીયર વકીલમીત્રો તેમની ટીમોનો ઉત્સાહ વધારવા અને ટુર્નામેન્ટ નિહાળવા માટે નિમંત્રણ પાઠવવામાં આવે છે. આ ટુર્નામેન્ટના આયોજમાં રૂપરાજસિંહ પરમાર, અજીત પરમાર, હુસેન હેરંજા, રવિલાલ, જયદેવસિંહ ઝાલા, રહિમભાઈ હેરંજા, અંકિત ભટ્ટ, દિપ ભાટીયા, પાર્થરાજસિંહ ઝાલા, જીત શાહ, યુવરાજસિંહ ગોહિલ, પ્રેમરાજસિંહ પરમાર સહિતની ટીમ ખાસ સહયોગ આપી રહ્યા છે.

(ચોથા પાનાનું ચાલુ)

**'અનંત સેવા'**

દેશના સર્વોચ્ચ શિખરે બિરાજમાન હોવા છતાં અંબાણી પરિવારના પાયામાં જે ધર્મપરાયણતા અને સનાતન સંસ્કારો છે તે વંદનીય છે. પૂજ્ય માતૃશ્રી કોકિલાબા, શ્રી મુકેશભાઈ, શ્રીમતી નીતાબેન સહિત સમગ્ર પરિવાર પર દાદાની કૃપા કાયમ વર્ષતી રહે તેવી પ્રાર્થના છે. અનંત અંબાણીના જન્મદિન નિમિત્તે દાદાના સાનિધ્યમાં ખાસ મારુતિયજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.અનંત અંબાણીના જન્મદિને કરવામાં આવેલી આ સેવા માત્ર આર્થિક દાન નથી, પરંતુ ભક્તિ અને માનવતાનું એક અવિસ્મરણીય સંભારણું છે, જે આવનારી પેઢીઓ માટે જનસેવા અને ધર્મપરાયણતાનો એક ઉત્તમ સંદેશ પૂરો પાડે છે. અંબાણી પરિવારની આ ગૌ-ભક્તિ અને લોકકલ્યાણની સરવાણી ભારતની સંસ્કૃતિને વધુ ઉજ્જવળ બનાવશે.

**એસજીવીપી ખાતે ગુરુકુળ**

કરવા ઉતરેલી સવિતા સ્પોર્ટ્સ એકેડમીની ટીમ ૧૭.૫ ઓવરમાં ૧૫૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી, પરિણામે નીલકંઠ એકેડમીનો ૬૨ રને શાનદાર વિજય થયો હતો. આક્રમક અર્ધસદી ફટકારનાર હરવંશ સિંહને મેન ઓફ ધ મેચના એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

**પ્રિન્સિપાલ ડો. સ્નેહલ કોટક**

લીધો હતો. વર્ષ ૨૦૨૨-૨૩માં અભ્યાસ કરી તાજેતરમાં ખઅ માં પરડવા અજલીએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો, તેઓ એ તેમના પરીવાર અને કોલેજનું નામ રોશન કર્યું. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીનીઓને નવા જીવનપ્રવાસ માટે પ્રેરણા અને આત્મવિશ્વાસ મળ્યો હતો અને સમગ્ર કોલેજ પરિવાર તરફથી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

(૧૧માં પાનાનું ચાલુ)

**રાજકોટ પોસ્ટ ડિવિઝન**

ખર્ચને પહોંચી વળવા માટે આ યોજના વાલીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.પોસ્ટ ઓફિસ ભારતભરમાં સૌથી વધુ શાખાઓ ધરાવતો અને સીધો કેન્દ્ર સરકાર હસ્તકનો વિભાગ હોવાથી સામાન્ય નાગરિકો અહીં રોકાણ કરવું સૌથી સુરક્ષિત માને છે. 'દીકરીના ભવિષ્યને ઉજ્જવળ બનાવો, સુકન્યા સમૃદ્ધિ યોજના અપનાવો' ના સૂત્ર સાથે પોસ્ટ વિભાગ દ્વારા આપવામાં આવતી તમામ ઓનલાઈન સુવિધાઓને કારણે ગ્રાહકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ખાસ કરીને મધ્યમ અને શ્રમજીવી વર્ગની દીકરીઓ માટે આ યોજના ભવિષ્યની મોટી મૂડી સમાન બની રહી છે.

**એ. એમ. પારેખ લો કોલેજ**

આ પ્રસંગે ઉપસ્થિત તેમના વંશજ કુશલ પારેખે જણાવ્યું હતું કે, રંગુન અને ભારતમાં વ્યવસાય ધરાવતા તેમના પરદાદા દ્વારા આ સંસ્થાની સ્થાપના કરાઈ હતી. તેમણે સરકાર અને કોલેજ સ્ટાફનો આભાર માનતા કહ્યું કે, આ સંસ્થા અનેક વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડી રહી છે જે ગૌરવની વાત છે.

**વિદ્યાર્થીની**

કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં વિવિધ સરકારી કોલેજોના આચાર્ય, પારેખ પરિવારના સદસ્યો, અધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

(છેલ્લા પાનાનું ચાલુ)

**રાજકોટનું કોંકડું**

બેઠકમાં પેનલો માટે સર્વસંમતીથી નામો ન નકકી થતા નવા નામો લઈને આવજો તેવી સુચના આપી તમામને રવાના કરી દેવામાં આવ્યા છે. હવે જયારે પાર્લામેન્ટરી બોર્ડમાં પેનલ મૂકવામાં આવી ત્યારે ગઈકાલે ફરી હોબાળો શરૂ થઈ ગયો હતો જેના કારણે હજી સુધી એક પણ ઉમેદવારનું નામ નકકી થઈ શકયું નથી. આજે સવારથી ફરી બેઠકનો ધમધમાટ ચાલી રહ્યો છે. બપોરે સુધીમાં કોકડુ ઉકેલાય જાય તેવું લાગી રહ્યું છે. પરંતુ હાલ એવી કોઈ શકયતા દેખાતી નથી. રાજકોટ માટે ભાજપ આવતીકાલે ઉમેદવારો જાહેર કરે તેવું હાલ દેખાય રહ્યું છે. ટિકિટ ફાળવણી બાદ વિવાદ વધુ વકરે તેવી સ્થિતિનું પણ નિર્માણ થવાની ભારોભાર ભીતિ દેખાય રહી છે.

**શિસ્તના ભોગે કંઈ ન ખપે**

દુભાયેલાઓને ભાજપ હાઈકમાન્ડ બોર્ડ - નિગમનું ગાજર પકડાવી દેશે. ઉમેદવારો જાહેર કરાયા બાદ નારાજ થયેલા નેતાઓને મનાવવા માટે ભાજપ દ્વારા પુરતા પ્રયાસો કરવામાં આવશે પરંતુ જો નેતાઓ ન માને તો રાજકીય સન્યાસનો રસ્તો બતાવી દેતા પણ ભાજપ અચકાશે નહિં.

ગુજરાતમાં ભાજપ પાસે એક મજબૂત સંગઠન છે. એક-બે નહિં ત્રણ કેડર સુધી કાર્યકર્તાઓની ફોજ છે. તમામનું ઘડતર એવી રિતે કરવામાં આવ્યું છે કે અડધી રાતે ઉઠાવીને પણ ગમે તેટલી મોટી જવાબદારી સોંપવામાં આવે કાર્યકર આ કામગીરી નિભાવવા પુરી રિતે સક્ષમ હોય છે. સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીમાં ભાજપ ૭૦થી ૮૦ ટકા જૂના ચહેરાઓની ટિકિટ કાંપી તેના સ્થાને યુવા ચહેરાઓને તક આપવા ઈચ્છી રહ્યું છે. માત્ર ૨૦ થી ૩૦ ટકા જ અનુભવીઓને ફરી ચૂંટણીના મેદાનમાં ઉતારવામાં આવશે.

અનેક એવા સમાજ અને નેતાઓ છે. જેને જ્ઞાતિના સમિકરણોના કારણે પોતે ગમે તેટલા મજબૂત હોવા છતા તેમને વિધાનસભા કે લોકસભાની ચૂંટણીમાં ટિકિટ મળતી નથી. તેઓનું રાજકારણ માત્ર સ્થાનિક સ્વરાજ્ય પુરતું સિમિત રહે છે. વધુમાં તેઓને પ્રદેશના સંગઠન માળખામાં એક હોદ્દો આપી દેવામાં આવે છે. પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ટિકિટ ફાળવણી માટે મુખ્ય બે મુદ્દાઓ પર ભાર મુકવામાં આવી રહ્યો છે. જેમાં ૬૦ વર્ષથી વધુ વય ધરાવતા નેતાઓ અને સતત ત્રણ ટર્મ ચૂંટણી લડેલાઓને ટિકિટ આપવામાં આવશે નહિં. આવામાં ૧૫ વર્ષમાં જ મજબૂત નેતાનું રાજકારણ ખતમ થઈ જાય છે.

આજે રાતથી ભાજપ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે. ટિકિટ ફાળવણી બાદ અસંતોષની આગ ફાટી નિકળવાની ભારોભાર સંભાવના અત્યારથી જ દેખાય રહી છે. ટિકિટમાં કપાયેલા કે પછી પ્રબળ દાવેદાર હોવા છતા કોઈ કારણોસર ટિકિટ ન મળી હોય તેવા દુભાયેલાઓને મનાવી લેવા માટે ભાજપે પ્લાન તૈયાર રાખ્યો છે. કપાયેલા અને દુભાયેલાઓને બોર્ડ - નિગમનું ગાજર પકડાવી દેવામાં આવશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામ આવ્યા બાદ પદાધિકારીઓની નિયુક્તી પછી રાજ્ય સરકાર અને પક્ષ દ્વારા તુરંત જ બોર્ડ - નિગમમાં નિમણુંક કરવાની પ્રક્રિયા હાથ પર લેવામાં આવશે. જેમાં પક્ષ પ્રત્યેની આપની નિષ્ઠાને ચોક્કસપણે ધ્યાનમાં લેવામાં આવશે. તમને તમારા કદ મુજબ પદ મળી જશે તેવું કહી મનાવવાના ભરપુર પ્રયાસો કરવામાં આવશે છતા જો કોઈ આગેવાન કે કાર્યકર પોતાની નારાજગી છોડશે નહિં તો પક્ષ દ્વારા આવા અસંતુષ્ઠોને રાજકીય વનવાસ આપી દેવાની પણ તૈયારી રાખવામાં આવી છે.

આજે રાતથી ઉમેદવારોના નામની જાહેરાત ભાજપ દ્વારા શરૂ કરવામાં આવશે. આવામાં અસંતુષ્ઠોને મનાવવા અને પાર્ટી લાઈનમાં રહી શિસ્ત સાથે ચૂંટણી પ્રચારમાં લાગી જાય તેવી રિતે કામગીરી કરતા કરી દેવા પણ પ્લાન તૈયાર રાખવામાં આવ્યો છે. આજે મોડી સાંજે પાર્લામેન્ટરી બોર્ડની બેઠક પૂર્ણ થતાની સાથે જ ભાજપ દ્વારા મૂરતિયા જાહેર કરવાનું શરૂ કરવામાં આવશે. જેની ટિકિટ કાંપી નાખવામાં આવશે. તેઓને જ નવા ચહેરાઓને જીતાડી દેવાની જવાબદારી પણ સોંપવામાં આવશે. જનપ્રતિનિધિ તરીકે પાંચ વર્ષમાં જે કામ કપાયેલાઓએ કર્યા છે તેનો લાભ નવા ચહેરાને મળે તેના માટે જેની ટિકિટ કાંપી નાખવામાં આવી છે. તેને સમગ્ર પ્રચાર અભિયાન દરમિયાન સતત સાથે રાખવામાં આવશે.

**ભારત ગૌરવ ટ્રેન**

૪૮,૧૮૫/- પેકેજ ખર્ચ રાખવામાં આવ્યું છે. આ પેકેજમાં યાત્રાળુઓને આપવામાં આવતી અન્ય વિવિધ સુવિધાઓની વિગતો પણ સત્તાવાર વેબસાઈટ પરથી જાણી શકાશે.

આ યાત્રા પેકેજનું બુકિંગ કરાવવા ઈચ્છતા નાગરિકો - કર્મયોગીઓ વહેલાં તે પહેલાના ધોરણે ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિ.ની સત્તાવાર વેબસાઈટ www. irctctourism.com પર ઓનલાઈન નોંધણી કરાવી શકે છે. આ ઉપરાંત વધુ વિગતો કે પૂછપરછ માટે roadiirctc.com ઈમેઈલ આઈડી પર અથવા IRCTC ની કચેરી ૫૦૨, પાંચમો માળ, પેલિકન બિલ્ડીંગ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી , આશ્રમ રોડ, અમદાવાદનો સંપર્ક કરી શકાશે તેમ IRCTCની યાદીમાં જણાવાયું છે.

**પોરબંદર-આસનસોલ**

મંગળવારે ઓખાથી ૧૦:૨૦ કલાકે ઉપડશે, તે જ દિવસે ૧૪:૪૦ કલાકે રાજકોટ અને બીજા દિવસે ૧૦:૩૫ કલાકે શકૂર બસ્તી પહોંચશે. આ ટ્રેન ૧૪ એપ્રિલથી ૩૦ જૂન, સુધી ચાલશે.

**પારો ૩થી ૪ ડિગ્રી**

મંગળવારથી ચૈત્રિ દનૈયાઓ શરૂ થઈ ગયા છે. ચોમાસાનો વરતારો પણ ચૈત્રિ દનૈયાના આધારે આપવામાં આવતો હોય છે. દૈનયા જેટલા તપે વરસાદ તેટલો સારો આવે છે. બે દનૈયા બગડ્યા છે દરમિયાન આજથી હવે ચૈત્રિ દનૈયાઓ બરાબર તપશે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ઘટવા માંડી છે આગામી શનિવારથી રાજ્યભરમાં ગરમીનું જોર વધશે ૧૧ એપ્રિલથી ૧૪ એપ્રિલ સુધી મહત્તમ તાપમાનમાં ૩થી ૪ ડિગ્રી સુધીનો વધારો થશે રાજ્યના કેટલાક શહેરોમાં મહત્તમ તાપમાન ૪૧થી ૪૨ ડિગ્રી સુધી પહોંચી જશે. હવે ઉનાળો અસલી મિજાજ બતાવવા માંડશે એપ્રિલના અંતીમ સપ્તાહ અને મે માં આકાશમાંથી જાણે અગ્નિ વર્ષા થતી હોય તેવી કાળઝાળ ગરમી પડશે હવે છ દનૈયાઓ બરાબર તપે તેવું લાગી રહ્યું છે.

દરમિયાન ગઈકાલથી માવઠાનો પ્રકોપ ઘટ્યો છે. બુધવારે અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૫.૮ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૩૫.૯ ડિગ્રી, બરોડાનું તાપમાન ૩૪.૬ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૭.૫ ડિગ્રી, ભૂજનું તાપમાન ૩૫.૬ ડિગ્રી, દાહોદનું તાપમાન ૩૧.૨ ડિગ્રી, દમણનું તાપમાન ૩૩. ૬ ડિગ્રી, ડાંગનું તાપમાન ૩૩.૫ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૪.૩ ડિગ્રી, દિવનું તાપમાન ૩૧.૫ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૦ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૫.૨ ડિગ્રી, કંડલાનું તાપમાન ૩૩ ડિગ્રી, નલિયાનું તાપમાન ૩૨ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૧.૯ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૨.૫ ડિગ્રી, રાજકોટનું ાપમાન ૩૬.૩ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૨.૧ ડિગ્રી અને વેરાવળનું તાપમાન ૩૧.૨ ડિગ્રી રહ્યું હતું. રાજકોટ બુધરે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. આજે પણ તાપમાનનો પારો ઉંચો રહેશે તેવું અનુમાન છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૧૧થી ૧૪ એપ્રિલ દરમિયાન ગરમીનો આકરો રાઉન્ડ આવશે મહત્તમ તાપમાન ૩થી ૪ ડિગ્રી સુધીનો વધારો થશે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** સ્વ. રેખાબેન મહેન્દ્રભાઈ તન્ના તે મહેન્દ્રભાઈ જ્યંતીલાલ તન્નાના પત્ની, ઉ.વ ૬૮ નું તા.૦૭-૦૪-૨૦૨૬, મંગળવારના રોજ અવસાન થયેલ છે સદ્ગતનું બેસણું તા.૦૯-૦૪-૨૦૨૬, ગુરુવારના રોજ સાંજે ૫થી ૬ અમારા નીવાસ સ્થાન ૪૦૪, કવીન્સ એપાર્ટમેન્ટ, શાંતિનગર-૦૧ નાગેશ્વર મેઈન રોડ, ઘંટેશ્વર જામનગર રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** સ્વ. રેખાબેન મહેન્દ્રભાઈ તન્ના, તે સ્વ. મહેન્દ્રભાઈ જયંતિલાલ તન્નાના પત્ની (ઉ.વ.૬૮)નું તા. ૭ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૯ ના રોજ ગુરૂવારે સાંજે ૫થી ૬ નિવાસસ્થાન ૪૦૪, કવીન્સ એપાર્ટમેન્ટ, શાંતિનગર-૧, નાગેશ્વર મેઈન રોડ, ઘંટેશ્વર રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ ચંદ્રિકાબેન કનૈયાલાલ દવે(ઉ.વ.૮૬)તે સ્વ.કનૈયાલાલ મુરલીધર દવેના પત્નિ તથા સ્વ.કાંતિલાલ પ્રાણજીવન મહેતા ના દિકરી તથા બિન્દુબેન કૌશિકભાઈ દવેના માતા તેમજ પુષ્પાબેન બિપીનભાઈ દવે અને ભારતીબેન જનકભાઈ દવે(ભાવનગર)ના જેઠાણી તથા મૃદુલાબેન અશોકકુમાર મહેતા(જૂનાગઢ)ના ભાભી, જાનીકા અને પ્રથમ (પુના)ના નાની તેમજ જ્યોત્સ્નાબેન અધ્યારૂ, મીનાબેન દેસાઈ અને ડી.કે. મેહતા (એસબીઆઈ) ના મોટાબહેન તથા ડો.જીગ્નેશ પાઠકના માસી તથા નીલ મેહતા ના ફૈબાનું તા.૬ ને સોમવારે રોજ રાજકોટમા અવસાન થયેલ છે. બંને પક્ષનું બેસણું તા.૧૧ ને શનિવારે સાંજે ૪/૩૦ થી ૬/૩૦ બાજ ખેડાવાળ બ્રાહ્મણ વાડી, અમરેલીમા રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ટિકિટ માટે માપદંડ નક્કી કરાયા ન હોવાના કારણે ભાજપમાં ઉમેદવારોની યાદી અટકી

## મેયર કે ડેપ્યુટી મેયર તરીકે રહી ચુકેલા નેતાને ટિકિટ આપવી કે કેમ? ત્રણ ટર્મના નિયમની અમલવારી પરિવાર મુજબ કરવા અંગે પણ નિર્ણય ન લેવામાં આવ્યો હોય હવે ઉમેદવારો નક્કી કરવામાં ફરી મોટી અડચણ

**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીમાં ખાસ કરીને મહાપાલિકાઓ માટે ટિકિટ ફાળવણી માટેના માપદંડો હજુસુધી પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવ્યા નથી. હાલ માત્ર ૬૦ વર્ષથી વધુની ઉંમર ધરાવતા આગેવાનો અને સતત ત્રણ ટર્મ લડેલા નેતાઓને હવે ચૂંટણીમાં ટિકિટ નહીં આપવાના માપદંડના આધારે પેનલો બની રહી છે. જેના કારણે હવે આજે પાર્લામેન્ટરી બોર્ડના ત્રીજા દિવસે મોટી અડચણ આવીને ઉભી રહી ગઈ છે. જેના કારણે ઉમેદવારો નક્કી થઈ શક્યા નથી.

અગાઉ જીત્યા બાદ મેયર, ડે. મેયર કે સ્ટે. કમિટિના ચેરમેન પદે રહી ચુકેલા નેતાઓને હવે મહાપાલિકામાં ચૂંટણીમાં ટિકિટ આપવી કે કેમ તે અંગે હજુ ચૂંટણી સમિતિ દ્વારા કોઈ જ નિર્ણય લેવામાં આવ્યો નથી. બીજી તરફ ત્રણ ટર્મનો નિર્ણય ચોક્કસ બનાવવામાં આવ્યો છે. પરંતુ પરિવારમાંથી કોઈ એક સભ્યના બદલે બે કે ત્રણ સભ્યોને ટિકિટ આપવામાં આવી હોય અને ત્રણ ટર્મ થઈ ગઈ હોય તો તેને માપદંડ ગણવો કે કેમ તેના અંગે પણ હજી સુધી પાર્લામેન્ટરી બોર્ડે નિર્ણય લીધો નથી. જેના કારણે હવે જ્યારે ઉમેદવારોના નામ નક્કી કરવાની અંતિમ ઘડી આવી ગઈ છે ત્યારે ગડમથલ ઉભી થઈ છે. રાજકોટના ૭૨ ઉમેદવારો નક્કી કરવા માટે ગઈકાલે મોડી રાત સુધી બેઠકનો ધમધમાટ ચાલ્યો હતો જેમાં કોઈ નિર્ણય લેવામાં ન આવતા આજે સવારથી ફરી રાજકોટને બોલાવવામાં આવ્યું હતું. બે કલાક સુધી સંકલન સમિતિના સભ્યો સાથે બેઠક ચાલી હતી. જ્યારે મોટાભાગના વોર્ડ માટે નામો ફાઈનલ જેવા થવાની અણીં ઉપર હતાં ત્યારે એક નવી જ રોન નિકળી હતી જેમાં પાર્લામેન્ટરી બોર્ડે એવું કહીને રાજકોટની યાદીને રોકી દીધી હતી કે હજુ સુધી પુર્વ મેયર કે પુર્વ ડે. મેયર, સ્ટે. કમિટિના પૂર્વ ચેરમેન સહિતના મહત્વપૂર્ણ હોદ્દા ભોગવી ચુકેલા નેતાઓને ફરી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ટિકિટ આપવી કે કેમ તે અંગે હજી સુધી નિર્ણય લઈ શકાયો નથી. જ્યારે ત્રણ ટર્મનો જે પાયાનો નિયમ રાખવામાં આવ્યો છે તેમાં કોઈ એક પરિવારમાં ત્રણ કે તેથી વધુ વખત ટિકિટ આપવામાં આવી હોય તો હવે ટિકિટ આપવી કે કેમ તે અંગે નિર્ણય લેવામાં આવ્યો નથી. જેના કારણે માત્ર રાજકોટ જ નહીં રાજ્યભરની મહાનગરપાલિકાના ઉમેદવારો નક્કી કરવા સામે અડચણ ઉભી થઈ છે. બીજીતરફ એવી પણ ચર્ચા ચાલી રહી છે કે, ૧૦૦ ટકા નો રિપિટ થિયરી અપનાવવામાં નહીં આવે ૨૦થી ૩૦ ટકા પૂર્વ કોર્પોરેટરને ફરી મેદાનમાં ઉતારવામાં આવશે.

### પ્રદેશ પ્રમુખની સુચના છતાં ધારાસભ્યોનું ટિકિટ માટે દબાણ

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણી પૂર્વે પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા દ્વારા રાજ્યના તમામ ઝોનમાં સંગઠનની મહત્વપૂર્ણ બેઠકો યોજવામાં આવી હતી. જેમાં તેઓએ ભારપૂર્વક એવી સુચના આપી હતી કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી તે પાયાના અને બુથ લેવલના કાર્યકરોની ચૂંટણી છે જેના માટે ટિકિટ મેળવવા માટે તેઓ જ હકદાર છે. સંસદસભ્ય કે ધારાસભ્યોએ ટિકિટ માટે ખોટુ દબાણ ઉભુ કરવું નહીં આટલું જ નહીં તેઓએ નિરિક્ષકોને પણ એવી સુચના આપી હતી કે, જો કોઈ ધારાસભ્ય કે સાંસદ ટિકિટ માટે ભલામણ કરે તો તેવા નામોનું અલગથી લિસ્ટ બનાવવું પ્રદેશ પ્રમુખના આદેશને પણ જાણે ધારાસભ્ય ઘોળીને પી ગયા હોય તેવું લાગી રહ્યું છે. રાજકોટના ચારેય ધારાસભ્યો પોતાના માનીતાઓને ટિકિટ અપાવા માટે રિતસર ધમપછાડા કરી રહ્યા છે જેના કારણે બબ્બે દિવસ થયા હોવા છતાં રાજકોટના ઉમેદવારોના નામ ફાઈનલ થવાનું તો દૂર પેનલો પણ સર્વસંમતિથી બનતી નથી. જે ધારાસભ્યો હાલ ટિકિટ માટે ધમપછાડા કરી રહ્યા છે તેઓ પ્રદેશ પ્રમુખની નજરે ચડી જશે તે વાત ફાઈનલ છે. પોતાના સમર્થકોને ટિકિટ અપાવવા માગતા ધારાસભ્ય ૨૦૨૭ વિધાનસભાની ચૂંટણીમાં પોતાની ટિકિટ સામે જોખમ ઉભુ કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

# ઓખા-શકૂર બસ્તી સુપરફાસ્ટ સમર સ્પેશિયલ ટ્રેન ૧૪ એપ્રિલથી દોડશે

## રાજકોટ, જામનગર અને દ્વારકાના મુસાફરોને મળશે મોટી રાહત

**અબતક,રાજકોટ**

ઉનાળુ વેકેશનમાં મુસાફરોના ધસારાને પહોંચી વળવા પશ્ચિમ રેલવે દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. યાત્રાધામ ઓખાથી દેશની રાજધાની દિલ્હી (શકૂર બસ્તી) વચ્ચે સુપરફાસ્ટ સમર સ્પેશિયલ ટ્રેન શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. ૧૪ એપ્રિલથી શરૂ થનારી આ ટ્રેન સેવા મર્યાદિત સમય માટે કુલ ૨૪ ફેરાઓ પૂર્ણ કરશે, જેનાથી વેકેશન દરમિયાન વતન જતા કે પ્રવાસે જતા મુસાફરોને કન્ફર્મ ટિકિટ મેળવવામાં સરળતા રહેશે.

આ ટ્રેન ઓખાથી ઉપડીને દ્વારકા, જામનગર, રાજકોટ, મહેસાણા જેવા ગુજરાતના મુખ્ય સ્ટેશનો અને ત્યાંથી રાજસ્થાનના અજમેર અને જયપુર થઈને દિલ્હી પહોંચશે. મુસાફરોની સુવિધા માટે ટ્રેનમાં એસી ૨-ટાયર, ૩-ટાયર, એસી ૩-ઈકોનોમી, સ્લીપર અને જનરલ કોચની વ્યવસ્થા કરવામાં આવી છે. રેલવે તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ ટ્રેનનું બુકિંગ ૧૦ એપ્રિલથી આઈઆરસીટીસી (IRCTC) ની વેબસાઈટ તેમજ રેલવે સ્ટેશનના પીઆરએસ (PRS) કાઉન્ટર પરથી શરૂ કરી દેવામાં આવશે. વેકેશનમાં ટિકિટોનો ભારે ધસારો રહેતો હોવાથી મુસાફરોને વહેલી તકે બુકિંગ કરાવી લેવા રેલવે દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગુજરાતના નાગરિકો કોંગ્રેસના અહંકારને ચકનાચૂર કરી નાખશે

## ૩૦-૩૦ વર્ષથી જનતાએ સૂઝબુઝપૂર્વક કોંગ્રેસના 'કાળા પંજા'ને તિજોરી સુધી પહોંચવા દીધો નથી: ડો.અનિલભાઈ પટેલ

**અબતક, રાજકોટ**

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ગુજરાતીઓ વિરુદ્ધ કરવામાં આવેલા અપમાનજનક નિવેદન પર આક્રોશ વ્યક્ત કરતા ગુજરાત ભાજપના મુખ્ય પ્રવકતા ડો.અનિલભાઈ પટેલે સવારે કર્ણાવતી મહાનગર ભાજપા કાર્યાલય ખાતેથી પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, કરોડો ગુજરાતીઓને 'અભણ અને મૂર્ખ' કહેવા એ માત્ર શબ્દો નથી, પરંતુ તે ૬.૫ કરોડ ગુજરાતીઓના સ્વાભિમાન પર સીધો પ્રહાર અને ગુજરાતની ગરિમા તેમજ અસ્મિતાનું ઘોર અપમાન છે.

ડો.અનિલભાઈ પટેલે કોંગ્રેસની માનસિકતા પર સવાલ ઉઠાવતા કહ્યું કે, શું કોંગ્રેસને ગુજરાતીઓથી કોઈ વેર છે? શું તેમને ગુજરાતીઓની મહેનત, બુદ્ધિક્ષમતા અને દેશપ્રેમ દેખાતો નથી? ગુજરાતની પવિત્ર ધરતીએ મહાત્મા ગાંધી, સરદાર પટેલ, દયાનંદ સરસ્વતી, ડો. વિક્રમ સારાભાઈ અને કનૈયાલાલ મુનશી જેવા મહાન સપૂતો આપ્યા છે. આજે જ્યારે નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહના નેતૃત્વમાં ભારત વિશ્વ સ્તરે મજબૂત સ્થિતિમાં છે, ત્યારે કોંગ્રેસથી આ સહન થતું નથી. "જલ બિન મછલી" ની જેમ ૨૦૧૪થી સત્તા વિના તરફડતા કોંગ્રેસ અને તેમના યુવરાજને ઈતિહાસની કડવી યાદો સતાવે છે. નેહરુજીના સમયમાં સરદાર પટેલનો વિરોધ હોય, ઈન્દિરાજીને સત્તા વિહોણા કરનાર મોરારજીભાઈ દેસાઈ હોય કે હવે સતત ત્રણ વખતથી મોદી-શાહની જોડીએ છીનવેલી સોનિયાજીની સલ્તનત હોય, કોંગ્રેસ હંમેશા ગુજરાતીઓથી ખીજાયેલી રહી છે.

સરદારના સ્ટેચ્યુનો વિરોધ કોણ કરતું હતું? વાઈબ્રન્ટ ગુજરાત થકી ગુજરાતમાં વ્યવસાય શરૂ કરનાર ઉદ્યમીઓને નોટિસો કોણે મોકલી હતી? નર્મદા યોજનામાં અવરોધો કોણે નાખ્યા અને ખેડૂતોની સબસિડીમાં કાપ કોણે મૂક્યો? ગુજરાત આજે જે શાંતિ, સલામતી અને સમૃદ્ધિનો પર્યાય છે, તે કરોડો ગુજરાતીઓના પરિશ્રમનું ફળ છે, પરંતુ કોંગ્રેસને આ સફળતા ખટકે છે. રાજનીતિનું સ્તર આ હદે ઉતારી દેવું એ શાહી પરિવારની કોંગ્રેસની બૌદ્ધિક નાદારી બતાવે છે. કદાચ રાજ્યસભાના રિન્યુઅલ માટે ખડગેજી યુવરાજને ખુશ કરી રહ્યા છે. ગુજરાત ક્યારેય મૂર્ખ ન હોઈ શકે. ૩૦-૩૦ વર્ષથી જનતાએ સૂઝબુઝપૂર્વક કોંગ્રેસના 'કાળા પંજા'ને તિજોરી સુધી પહોંચવા દીધો નથી, ગુજરાતના કોઠાસૂઝવાળા નાગરિકો સમય આવ્યે ઈવીએમમાં શાંતિપૂર્ણ રીતે જડબાતોડ જવાબ આપીને કોંગ્રેસના અહંકારને ચોક્કસપણે ચૂર-ચૂર કરશે.

# યુદ્ધ વિરામ પર ફરી વાદળો ઘેરાતા શેરબજારમાં સુધારાનો કચ્ચરઘાણ

## સેન્સેક્સમાં ૧૧૪૦ પોઈન્ટથી વધુ અને નિફ્ટીમાં ૩૦૦ પોઈન્ટથી વધુનો તોતિંગ કડાકો: બુલિયન બજારમાં મિશ્ર માહોલ, રૂપિયો ફરી તુટ્યો

**અબતક, રાજકોટ**

ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચે છેલ્લા ૪૦ દિવસથી ચાલી રહેલા ભીષણ યુદ્ધને બે સપ્તાહ સુધી વિરામ આપવાનો નિર્ણય ગઈકાલે લેવાયા બાદ ભારતીય શેરબજારમાં જોરદાર તેજી જોવા મળી હતી. દરમિયાન ઈઝરાયેલે હુમલા ચાલુ રાખતા યુદ્ધ વિરામ પર ફરી વાદળો ઘેરાવા લાગ્યા છે. જેના કારણે આજે ભારતીય શેરબજારમાં ગઈકાલે નોંધાયાલા સુધારાનો કચ્ચરઘાણ બોલી ગયો હતો. સેન્સેક્સ અને નિફ્ટીમાં જોરદાર કડાકા જોવા મળ્યા હતાં. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો આજે ફરી તુટ્યો હતો.

ગઈકાલે સેન્સેક્સમાં ૨૯૦૦થી વધુ પોઈન્ટનો ઉછાળો રહ્યો હતો. સિઝફાયરના નિર્ણય બાદ ઈઝરાયેલે લેબનોન પર હુમલા ચાલુ રાખતા યુદ્ધ વિરામ પર શંકા ઉભી થવા પામી છે જેની સીધી અસર બજાર પર જોવા મળી રહી છે. આજે મુંબઈ શેરબજારના બન્ને આગેવાન ઈન્ડેક્સો તોતીંગ ઘટાડા સાથે ખુલ્યા હતાં. સેન્સેક્સે દિવસ દરમિયાન ૭૭ હજારની સપાટી તોડી હતી અને ૭૬,૫૫૮ સુધી નીચે સરકી ગયો હતો જ્યારે ઉપલી સપાટી ૭૭,૪૨૯ની રહેવા પામી હતી. નિફ્ટીમાં પણ આજે ઘટાડો જોવા મળ્યો હતો. નિફ્ટીનું નિચલું લેવલ ૨૩,૭૪૦ અને ઉપલુ લેવલ ૨૩,૯૯૧ રહેવા પામ્યું હતું. બેન્ક નિફ્ટીમાં ૮૩૧ પોઈન્ટનો તોતીંગ કડાકો રહ્યો હતો જ્યારે નિફ્ટી,મિડકેપ-૧૦૦માં ૬૨ પોઈન્ટનો ઉછાળો રહ્યો હતો યુદ્ધ વિરામ સામે જોખમ જણાતા બજારમાં ફરી મંદીવાળા હાવી થઈ ગયા છે. તેવું મનાઈ રહ્યું છે. ગઈકાલનો સાધારો આજે ધોવાઈ ગયો હોય તેવું લાગી રહ્યું છે. બુલિયન બજારમાં મિશ્ર માહોલ દેખાય રહ્યો છે સોનાના ભાવમાં સામાન્ય ઉછાળો છે જ્યારે ચાંદીના ભાવમાં ૨૮૦૦ રૂપિયાનું ગાબડું પડ્યું છે. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો આજે સારોએવો તુટ્યો છે. આ લખાઈ રહ્યું છે ત્યારે સેન્સેક્સ ૯૭૧ પોઈન્ટના ઘટાડા સાથે ૭૬,૫૯૧ અને નિફ્ટી ૨૩૬ પોઈન્ટના ઘટાડાસાથે ૨૩,૭૬૧ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો ૨૭ પૈસાની નરમાસ સાથે ૯૨.૮૬ પર ટ્રેડ કરી રહ્યો છે. સતત વૈશ્વિક ડોહળાતા વાતાવરણના કારણે શેરબજારનો કોઈ નિશ્ચત ટ્રેડ નક્કી થતો નથી. જેના કારણે રોકાણકારોમાં પણ ભારે અસમંજસની સ્થિતિ જોવા મળી રહી છે.

# 'આપ'ને ઉમેદવારો મળતા નથી! પગ પકડવા પડે તેવી સ્થિતિ

## ઉમેદવારો શોધવા ઘરે ઘરે જવું પડશે ઈશુદાન ગઢવીની ઓડિયો કિલપ વાયરલ

**અબતક,રાજકોટ**

આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતમાં સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમા ૧૨ હજાર જેટલી બેઠકો પરથી ચૂંટણી લડવાની જાહેરાત કરવામાં આવી છે. અલગ અલગ યાદીમાં અનેક બેઠકો માટે ઉમેદવારોના નામ પણ જાહેર કરી દેવામાં આવ્યા છે.પરંતુ 'આપ'ને ગુજરાતમાં ચૂંટણી લડવા માટે ઉમેદવારો મળતા નથી. પક્ષના પ્રદેશ અધ્યક્ષ ઈશુદાનભાઈ ગઢવીની વાયરલ થયેલી એક ઓડિયો કલીપથી ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. આ ઓડિયો કલીપમાં ઈશુદાન ગઢવી સાથે વાતચીત દરમિયાન પક્ષના એક આગેવાન એવું કહી રહ્યા છે કે



ચૂંટણી લડવા માટે ઉમેદવારો મળતા નથી. જેના જવાબમાં ઈશુદાનભાઈ એવું કહી રહ્યા છે કે મેં કાર્યકરોને ચૂંટણી લડાવવા રાજી કરવા માટે તેના પગ પણ પકડયા હતા. આજીજી કરી હતી. જરૂર પડે તો ઉમેદવારોને શોધવા માટે ઘરે ઘરે જાવ.આ કિલપ બાદ ઈશુદાનભાઈએ જાહેરમાં આવી એવું નિવેદન આપ્યું હતુ કે, મારી પાસે પણ આ ઓડિયો કલીપ આવી છે. એકલા ઈશરદાન ગઢવી, ગોપાલ ઈયાલીયા કે ચૈતર વસાવાથી ગુજરાતમાં પરિવર્તન નહી આવે અમારે હજારો સંનિષ્ઠ કાર્યકરોની જરૂરત પડશે 'આપ'માંથી ચૂંટણી લડવા માટે કાર્યકરો અને આગેવાનો આગળ આવે તે જરૂરી છે.

# કોંગ્રેસના ઉમેદવારો કાલે ફોર્મ ભરશે પ્રદેશમાંથી કોઈ મોટા નેતા નહીં આવે

## કેટલા ઉમેદવારો ફોર્મ ભરશે તે હજુ સુધી ફાઈનલ નથી, બીજી યાદી જાહેર થયા બાદ ચિત્ર સ્પષ્ટ થશે

**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાના માત્ર બે દિવસ જ બાકી રહ્યા છે. ત્યારે મુખ્ય રાજકીય પક્ષોના ઉમેદવારો આવતી કાલે અને શનિવારે ફોર્મ ભરવા માટે ઉમટી પડશે રાજકોટની ૭૨ બેઠકો પૈકી કોંગ્રેસ દ્વારા ૪૦ ઉમેદવારોના નામની સત્તાવાર ઘોષણા કરી દેવામાં આવી છે. જ્યારે ૧૫ જેટલા આ આગેવાનોને તમારે ચૂંટણી લડવાની છે તેવી ટેલિફોનીક સુચના આપી દેવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. આવતી કાલે બપોરે કોંગ્રેસના ઉમેદવારો નામાંકન પત્ર ફાઈલ કરશે જો કે, કેટલા ઉમેદવારો ફોર્મ ભરશે તેનો આંકડો જાહેર કરવામાં આવ્યો નથી. નામાંકન વેળાએ પ્રદેશ કોઈ મોટા નેતા રાજકોટ આવશે નહીં તે ફાઈનલ થઈ ગયું છે.

કોંગ્રેસે ૪૦ બેઠકો માટે ઉમેદવારો જાહેર કરી દીધા છે. બાકીની બેઠકો માટે પક્ષ ભાજપની યાદીની રાહમાં છે ભાજપની યાદી જાહેર થયા બાદ તેના ઉમેદવારોને ટક્કર આપી શકે તેવા ઉમેદવારોને કોંગ્રેસ મેદાનમાં ઉતારવા ઈચ્છી રહ્યું છે. મોટા ભાગની બાકી રહેતી બેઠકો પર નામ ફાઈનલ કરી દેવામાં આવ્યા છે. કેટલીક બેઠકો જેવી કે વોર્ડ નં. ૩ અને ૫ માં ઉમેદવારોને પ્રચાર શરૂ કરી દેવાની સુચના પણ આપી દેવામાં આવી છે. હવે રાહ માત્ર ભાજપની યાદી જાહેર થાય તેટલી જ છે. આવતી કાલે બપોરે રેસકોર્સ રીંગરોડ પર બહુમાળી ભવન ચોક સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કયા બાદ કોંગ્રેસના ઉમેદવારો અલગ અલગ નિયત કરાયેલા વોર્ડના ચૂંટણી અધિકારી સમક્ષ પોતાના ઉમેદવારી ફોર્મ રજૂ કરશે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાંથી ડો.કમલ મહેતાને દુર કરી શિસ્તભંગની કાર્યવાહી કરવાની માંગ

## એકેડેમી કાઉન્સિલના સભ્ય ડો. નિદત બારોટએકુલપતિને પત્ર પાઠવી તાત્કાલિક પગલા ભરવા કરી રજૂઆત

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એકેડેમી કાઉન્સિલરને એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય ડો,નિદત બારોટ એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના કુલપતિને પત્ર પાઠવી ડો,કમલ મહેતાને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ માંથી દૂર કરી તેના વિરુદ્ધ કળક્ષિત ભંગ ની કાર્યવાહી કરવા માંગ કરતા શૈક્ષણિક જગતમાં ભારે પહોંચી ગયો છે.

ડો ઈદત બારોટ એ પાઠવેલા સત્રમાં જણાવ્યું હતું કે કમલ મહેતાના નામે દર્શાવવામાં આવેલ સંશોધન પેપર તેના આધારે તેમને એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય તરીકે સ્થાન આપવામાં આવ્યું હતું તે હવે સંબંધિત જનરલ દ્વારા રદ કરવામાં આવ્યા છે તેવું સૌરાષ્ટ્રની ના મેકમ વિભાગ દ્વારા જાણવા મળ્યું છે વર્તમાન સ્થિતિમાં ડોક્ટર કમલ મહેતા હવે એકેડેમી કાઉન્સિલ ના સભ્યો રહેવા માટે લાયકાત ધરાવતા નથી

આ પ્રકરણમાં ખોટી માહિતી આપવાથી યુ જી સી ના નિયમોનો ભંગ થાય છે સંશોધન પેપર નું હવે અસ્તિત્વ જ નથી ત્યારે આ પ્રકરણને એક કૌભાંડ ગણવું જોઈએ આ પત્ર પાઠવી ડો, નિદત બારોટે માંગણી કરી છે કે ડોક્ટર કમલ મહેતા અને તાત્કાલિક અસરથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ માંથી દૂર કરવા તેમની નિમણૂકને શરૂઆતથી જ અમાન્ય જાહેર કરવી અને કાર્યવાહી માં ખોટી માહિતી આપવી અને શૈક્ષણિક કૌભાંડ આતરવા અંગે કાર્યવાહી કરી આ અંગે જવાબદાર અધિકારીઓથી જવાબદારી નક્કી કરવામાં આવે અને સરકાર અને યુ જી સી ને આ અંગે જાણ કરવામાં આવે અને તેને સ્ટેટરી પોસ્ટ ભવનના અધ્યક્ષ પદેથી પણ દૂર કરવામાં આવે તેવી માંગ કરી છે

# રાજકીય પક્ષોએ મત માંગવા આવવું નહીં: ઋષિ સોસાયટીમાં બેનરો લાગ્યા

## વોર્ડ નં.૧માં આવેલી ઋષિ સોસાયટીના રહેવાસીઓ ગંદકી, દૂષિત પાણીની સમસ્યાથી ત્રાહિમામ: સાંજ પડેને દારૂના હાટડાં પણ ધમધમવા લાગે છે, બેનરો લગાવી ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની ચૂંટણીના મતદાનના આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પ્રાથમિક સુવિધાઓથી વંચિત હોય તેવા વિસ્તારોના લોકોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી રહ્યો છે. પાણી પ્રશ્ને ગઈકાલે વોર્ડ નં.૧૨ના આર્યમેન સોસાયટીના લોકોએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યા બાદ આજે વોર્ડ નં.૧માં ઋષિ વાટિકા સોસાયટીના લોકોએ કોઈપણ રાજકીય પક્ષોએ મત માંગવા માટે સોસાયટીમાં આવવું નહિં તેવા બેનરો લગાવી દીધા છે અને આગામી ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરવાની પણ ચીમકી આપી છે.



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા



આજે સવારે મોટી સંખ્યામાં ઋષિ વાટિકા સોસાયટીના લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. તેઓએ કોર્પોરેશન સામે આક્ષેપ લગાવ્યો હતો કે છેલ્લા ૧૫ વર્ષથી સોસાયટીમાં સફાઈનો પ્રશ્ન છે. સાંજ પડતાની સાથે જ ઠેર-ઠેર દેશી દારૂના હાટડાં ખુલ્લી જાય છે. ખુલ્લેઆમ દેશી દારૂનું વેંચાણ થાય છે અને નશાખોર લોકો દારૂ પીતા નજરે પડે છે. આ અંગે સંબંધિત વિભાગોને અવાર-નવાર રજૂઆત કરવામાં આવી હોવા છતા હજુ સુધી નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. માત્ર ખોટી બાહેંધરીઓ આપવામાં આવે છે. હવે જ્યારે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની મતદાનની તારીખ નજીક આવી રહી છે ત્યારે હવે રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારો મત માંગવા માટે આવશે. સોસાયટીના સ્થાનિક લોકોએ ગંદકી અને દેશી દારૂના વેંચાણના વિરોધમાં કોઈપણ રાજકીય પાર્ટીએ મત માંગવા માટે ઋષિ વાટિકા સોસાયટીમાં પ્રવેશ કરવો નહિં તેવા બેનરો લગાવી દીધા છે સાથોસાથ ચૂંટણીમાં પણ મતદાનનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે. એક વખત ચૂંટાયા બાદ નેતાઓ વોર્ડ કે વિસ્તારમાં ડોકાતા ન હોવાની પણ ફરિયાદો ઉઠી રહી છે.



# આર્થિક ડામાડોળની સ્થિતિમાં રેપોરેટ યથાવત રાખી જીડીપી ૬.૯ ટકાએ રહેવાનો આશાવાદ

## પશ્ચિમ એશિયામાં યુદ્ધવિરામની જાહેરાત બાદ વૈશ્વિક બજારોમાં તેજી વચ્ચે સતત બીજી વખત વ્યાજદરમાં કોઈ ફેરફાર નહીં

**અબતક, નવી દિલ્હી**

પશ્ચિમ એશિયામાં અમેરિકા દ્વારા યુદ્ધવિરામની જાહેરાત થયાના થોડા કલાકો બાદ જ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મોનેટરી પોલિસી કમિટીએ સતત બીજી બેઠકમાં પોલિસી રેટ ૫.૨૫% પર યથાવત રાખવાનો સર્વસંમતિથી નિર્ણય લીધો છે. વૈશ્વિક નાણાકીય બજારોમાં આવેલી તેજી વચ્ચે આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ લાંબા સમય સુધી વ્યાજદર નીચા રાખવા અંગે સાવચેતીપૂર્વકનો આશાવાદ વ્યક્ત કર્યો છે. જેને પગલે જીડીપી ૬.૯ ટકાએ રહેવાનો આશાવાદ વ્યક્ત કરાયો છે.

ગવર્નર સંજય મલ્હોત્રાએ કેટલીક ચિંતાઓ પણ વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ક્રૂડ ઓઈલના ઊંચા ભાવથી આયાતી ફુગાવો વધી શકે છે અને કરન્ટ એકાઉન્ટ ડેફિસિટમાં વધારો થઈ શકે છે. ઊર્જા બજારો, ખાતર અને અન્ય ચીજવસ્તુઓના પુરવઠામાં વિક્ષેપથી ઉદ્યોગ, કૃષિ અને સેવા ક્ષેત્ર પર પ્રતિકૂળ અસર પડી શકે છે. વધુમાં, ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા અને સુરક્ષિત રોકાણની માંગ વધવાથી સ્થાનિક લિક્વિડિટી, આર્થિક પ્રવૃત્તિઓ અને રોકાણ પર પણ અસર થવાની સંભાવના છે.

આરબીઆઈનો આશાવાદ ક્રૂડ ઓઈલના ભાવની ધારણામાં જોવા મળ્યો હતો, જે આ વર્ષે સરેરાશ ૮૫ પ્રતિ બેરલ રહેવાની અપેક્ષા છે. ગવર્નરે બજારોને આશ્વાસન આપતા કહ્યું હતું કે બેંકોની ઓપન પોઝિશનને મર્યાદિત કરવા અને ઓફશોર માર્કેટમાં ક્લાયન્ટના એક્સપોઝરને રોકવા માટે લેવાયેલા ફોરેક્સ પગલાં માત્ર અતિશય સટ્ટાબાજીને રોકવા માટે છે. આ પગલાં કામચલાઉ છેઅને પરિસ્થિતિ સામાન્ય થતાં તેની સમીક્ષા કરવામાં આવશે.પોલિસીનું વલણ હળવું હોવાનો બીજો સંકેત બેંકો માટે મૂડીના નિયમો અને રિઝર્વ જરૂરિયાતો હળવી કરવાનો આરબીઆઈનો નિર્ણય છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ના ચેરમેન અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશનના વડા સીએસ શેટ્ટીના જણાવ્યા અનુસાર, ઈન્વેસ્ટમેન્ટ ફ્લક્ચ્યુએશન રિઝર્વની જરૂરિયાત દૂર કરવા અને કેપિટલ ટુ રિસ્ક-વેઈટેડ એસેટ્સ રેશિયોના નિયમો હળવા કરવા જેવા પગલાંથી બેંકોની મૂડીની સ્થિતિ મજબૂત થશે અને ક્રેડિટ ગ્રોથને સતત ટેકો મળશે.

વૈશ્વિક સ્તરે, ટેરિફ સંબંધિત અનિશ્ચિતતાઓ અને ઊંચા ઊર્જા ભાવોને કારણે ૨૦૨૫ ની સરખામણીમાં ૨૦૨૬ માં વેપાર ધીમો પડવાની સંભાવના છે. ભારત પર તેની અસર દેખાઈ રહી છે, જેમાં નિકાસ ઘટી છે અને આયાત વધવાથી વેપાર ખાધ વિસ્તરી છે. બેંક ઓફ બરોડાના ચીફ ઈકોનોમિસ્ટ મદન સબનવીસના મતે, અલ નીનોના જોખમને કારણે ભવિષ્યમાં રેટ કટની શક્યતાઓ ઓછી છે. જોકે, ગવર્નરે સ્પષ્ટ કર્યું છે કે ભૂતકાળની કટોકટીઓ અને અન્ય દેશોની સરખામણીમાં ભારતની સ્થિતિ વધુ મજબૂત છે.

### જીડીપી ગ્રોથ અને ફુગાવાનો અંદાજ

રિઝર્વ બેંકે ચાલુ વર્ષ માટે જીડીપી ગ્રોથ ૬.૯% રહેવાની આગાહી કરી છે, જેમાં ક્વાર્ટર૧ માં ૬.૮%, ક્વાર્ટર ૨ માં ૬.૭%, ક્વાર્ટર ૩ માં ૭% અને ક્વાર્ટર ૪ માં ૭.૨% વૃદ્ધિનો અંદાજ છે. બીજી તરફ, ફુગાવો ઊંચો રહેવાની ધારણા છે. આ વર્ષ માટે સીપીઆઈ ૪.૬% રહેવાનો અંદાજ છે, જે ક્વાર્ટર ૧ માં ૪%, ક્વાર્ટર ૨ માં ૪.૪%, ક્વાર્ટર ૩ માં ૫.૨% અને ક્વાર્ટર ૪ માં ૪.૭% રહેવાની સંભાવના છે.

## ઝાકમઝોળમાં ઝાંખપ ન લાગે માટે દુબઈ સરકાર એક્શન મોડમાં

# પ્રવાસીઓનો પ્રવાહ અને રોકાણકારોનું આકર્ષણ જાળવી રાખવા દુબઈ સરકાર સજ્જ

## અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન પ્રવાસન ક્ષેત્રને સુરક્ષિત કરવા માટે ૨૭૨ મિલિયન ડોલરના વિશેષ પેકેજની જાહેરાત

**અબતક દુબઈ**

વૈશ્વિક મધ્ય-પૂર્વમાં વધી રહેલા ભૌગોલિક તણાવ અને ઈરાન યુદ્ધના સંભવિત ખતરા સામે સંયુક્ત આરબ અમીરાતએ પોતાની આર્થિક સુરક્ષા માટે મજબૂત કિલ્લેબંધી શરૂ કરી દીધી છે. દુબઈની જગવિખ્યાત ઝાકમઝોળ અને આર્થિક ગતિશીલતા પર યુદ્ધના વાદળોની કોઈ નકારાત્મક અસર ન પડે તે માટે સરકાર 'એક્શન મોડ'માં આવી ગઈ છે. રોકાણકારોનો વિશ્વાસ અકબંધ રાખવા અને પ્રવાસન ક્ષેત્રને ધબકતું રાખવા માટે એક વ્યાપક 'ઈકોનોમિક શીલ્ડ' પ્લાન તૈયાર



કરવામાં આવ્યો છે.

દુબઈ અને અબુ ધાબીની સરકારોએ સંયુક્ત રીતે એક ઈમરજન્સી આર્થિક બ્લુપ્રિન્ટ તૈયાર કરી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય યુદ્ધની સ્થિતિમાં પણ અર્થતંત્રમાં નાણાકીય તરલતા જાળવી રાખવાનો છે. બેંકોને સૂચના આપવામાં આવી છે કે તેઓ ટૂંકા ગાળાની આર્થિક તંગી અનુભવતા વ્યાપારીઓને પૂરતો ટેકો આપે, જેથી બજારમાં મૂડીનો પ્રવાહ અટકે નહીં.

દુબઈની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન પ્રવાસન ક્ષેત્રને સુરક્ષિત કરવા માટે ૨૭૨ મિલિયન ડોલર(અંદાજે ₹૨૨૦૦ કરોડથી વધુ) ના વિશેષ પેકેજની જાહેરાત કરવામાં આવી છે. પ્રવાસન મંત્રી અબ્દુલ્લા બિન તૌક અલ મરીએ જણાવ્યું છે કે ઉડ્ડયન અને હોટલ ઉદ્યોગને કોઈપણ પ્રતિકૂળ સ્થિતિમાં સરકાર સંપૂર્ણ સહયોગ આપશે.રોકાણકારોને આકર્ષવા અને સ્થાનિક વેપારીઓને બચાવવા માટે 'દુબઈ સાઉથ પ્રોપર્ટીઝ' અને 'દુબઈ હોલ્ડિંગ' જેવી સરકારી સંસ્થાઓએ વ્યાપારી ભાડામાં રાહત, પેમેન્ટમાં સુગમતા અને વહીવટી દંડમાં માફી આપવાની પ્રક્રિયા શરૂ કરી છે. આ પગલાથી નાના ઉદ્યોગો પર પડતો આર્થિક બોજ ઓછો થશે.અબુ ધાબી સરકાર દ્વારા ઊર્જા અને સંરક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોને આકર્ષવા માટે આશરે ૧,૦૦,૦૦૦ નવા આવાસો બનાવવાની મહત્વકાંક્ષી યોજના છે. આ પ્રોજેક્ટ દ્વારા માત્ર રોજગારી જ નહીં, પરંતુ વિદેશી પ્રતિભાઓને યુએઈમાં સ્થાયી થવા માટે પ્રોત્સાહન પણ મળશે.

## ડબલ જંત્રીથી સરકારની તિજોરી છલકાઈ

# સ્ટેમ્પ ડ્યુટીની આવક ૩૦ ટકાના ઉછાળા સાથે ૧૯ હજાર કરોડને પાર

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી શુલ્કની આવકમાં દર-વર્ષના આધારે ૩૦ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. આ આવક રૂ. ૧૯,૧૦૨.૫૮ કરોડ સુધી પહોંચી છે, જે રાજ્યની અર્થવ્યવસ્થા અને રિયલ એસ્ટેટ સેક્ટરમાં થઈ રહેલી તેજીનો સ્પષ્ટ સંકેત આપે છે.



આ વૃદ્ધિ મુખ્યત્વે મિલકતોની ખરીદ-વેચાણમાં વધારો, જંત્રી રેટ્સમાં વધારો અને રાજ્યમાં ચાલી રહેલા વિકાસ કાર્યોને કારણે થઈ છે. રિયલ એસ્ટેટ સેક્ટરમાં વધતી માંગ, નવા પ્રોજેક્ટ્સ અને શહેરીકરણના વિસ્તારને કારણે સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણીના દસ્તાવેજોમાં વધારો થયો છે.રાજ્ય સરકારે છેલ્લા વર્ષોમાં વિવિધ છૂટ અને સરળતા આપી છે, જેમ કે વારસાઈ જમીન વ્યવહારોમાં માત્ર રૂ. ૩૦૦ની ટોકન ડ્યુટી, લોન પર મર્યાદિત સ્ટેમ્પ ડ્યુટી વગેરે. આવા પગલાંઓએ પણ દસ્તાવેજોની સંખ્યા વધારવામાં મદદ કરી છે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવા મોટા શહેરોમાં રહેણાંક અને વ્યાપારી મિલકતોની માંગ વધી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ, ઔદ્યોગિક વિસ્તારો અને સ્માર્ટ સિટી કાર્યોને કારણે મિલકત વ્યવહારો વધ્યા છે. આ વર્ષે બજેટમાં આ આવક રૂ. ૧૯,૮૦૦ કરોડના અંદાજ કરતાં પણ સારી રીતે પહોંચી ગઈ છે, જે રાજ્યના ખજાનામાં મજબૂતી લાવશે.

# ગુજરાત કેડરના આઈપીએસ મનોજ નિનામાએ સ્વૈચ્છિક નિવૃત્તિ બાદ ભાજપનો ખેસ ધારણ કર્યો

## આદિવાસી સમાજના શૈક્ષણિક વિકાસ, રોજગારી અને વિદ્યાર્થીઓને સરકારી નોકરીઓ માટે માર્ગદર્શન નો ભેખ લેવા નો મનોજ નિનામાએ નિર્દેશ આપ્યો

**અબતક,રાજકોટ**

ગુજરાત કેડરના આઈપીએસ અધિકારી મનોજ નીનામાએ વય નિવૃત્તિની તારીખ પહેલા ત્રણ મહિના પહેલા સ્વૈચ્છિક નિવૃત્તિ જાહેર કરી છે ૫૯વર્ષના નિનામા ૩૦જુને નિવૃત થવાના હતા તેમણે રાજ્ય સરકારને રાજીનામું મોકલી આપ્યું હતું શરૂઆતમાં તેમણે ચૂંટણી અને જાહેર જીવનમાં આવું કે કેમ? તે અંગે કોઈ નિર્ણય લીધો ન હોવાનું જણાવ્યું હતું પરંતુ તેમણે સમાજ સેવામાં સક્રિય થવાની દિશામાં વિચારધિન હોવાનું સંકેત આપ્યો હતો અને આજે વિધિવત રીતે ભાજપમાં જોડાવાની જાહેરાત કરી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીમાં પણ ઝપલાવે તેવા નિર્દેશો આપી દીધા છે અરવલ્લી જિલ્લા ના વતની અને આદિવાસી સમુદાયના મનોજ નીનામા એ જણાવ્યું હતું કે જો તેમને યોગ્ય પ્લેટફોર્મ મળશે તો તે શિક્ષણ રોજગારી અને આદિવાસી વિસ્તારના વિકાસ માટે કામ કરવા તત્પર છે જો મને અનુકૂળ આવશે તો હું સેવા સમાજ સેવાકરીશ.તેમણે જણાવ્યું હતું કે તેમના સમાજના અન્ય અધિકારીઓ સાથે ચર્ચામાં એક વાત ધ્યાન આવી છે પોતાના સમુદાય ના વિકાસ માટે હજુ ઘણું કરવાનું બાકી છે ૩૦ થી૩૫ વર્ષની સેવા દરમિયાન તેમણે પોતાના સમુદાયના યુવાનો નો સીમિત વિકાસ જોઈએ છે. નીનામા હવે નિવૃત્તિ કાળ દરમિયાન તાલુકા



કક્ષાએ પોતાના સમુદાયના યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ જીપીએસસી યુપીએસસી અને પોલીસ વિભાગની ભરતી માટે યુવાનોને તાલીમ આપવાનું વિચારી રહ્યા છે તે પોતાની સંસ્થામાં આદિવાસી વિસ્તાર ના યુવાનોને માર્ગદર્શન આપશે સમાજને કારકિર્દી લક્ષી માર્ગદર્શન અને વિદ્યાર્થીઓને સરકારી નોકરીઓ માટે માર્ગદર્શન આપવાની જરૂર છે તેમને જણાવ્યું હતું કે જો રાજકીય ક્ષેત્રે તેમને સારી અને સમાજ સેવા માટે અનુકૂળ હોય તેવી ઓફર આવશે તો તે સમાજ માટે રાજકારણમાં પણ જવા તૈયાર છે. નીનામાં ને આઈપીએસ તરીકે પ્રમોટ કરવામાં આવ્યા હતા. તેમણે રાજીનામું આપવાનો નિર્ણય રાજ્યમાં જ્યારે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી ને એક અઠવાડિયાની વાર છે ત્યારે નિવૃત્તિજાહેર કર્યો છે ત્યારે તે રાજકીય પક્ષમાં જોડાશે તેવી અટકલો વહેતી થઈ છે અગાઉ પણ પીસી વૃંદા સરકારી અધિકારી માંથી રાજકારણમાં આવ્યા હતા અને તે રાજ્ય સરકારમાં કેબિનેટ કક્ષાએ સેવા આપવામાં સફળ રહ્યા હતા, મનોજ નીનામા એ રાજીનામું આપી હવે સક્રિય રાજકારણમાં ઝંપલાવશે કે કેમ તેની ચર્ચા જાગી છે એક ઉચ્ચ પોલીસ અધિકારી તરીકે લાંબો અનુભવ ધરાવતા નિનામા હવે 'ખાખી' છોડીને 'ખાદી' ધારણ કરવા તરફ ડગ માંડી રહ્યા છેપૂર્વ અઅડ નેતા રાજુ કરપડા બાદ હવે પૂર્વ ઈડજ મનોજ નીનામા ભાજપમાં જોડાયા છે. મંત્રી પી.સી બરંડાએ ખેસ પહેરાવી ભાજપમાં તેમના આગમનને આવકાર્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ મનોજ નીનામા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડી શકે છે. અરવલ્લી વિસ્તારમાં તેમનો પ્રભાવ જોતા, રાજકારણમાં તેમનો પ્રવેશ આગામી ચૂંટણીના સમીકરણોમાં મોટો ફેરફાર લાવી શકે છે.

# ભાજપ સાંજથી ઉમેદવારોના નામ જાહેર કરવાનું શરૂ કરશે

## પાર્લામેન્ટરી બોર્ડ બેઠકમાં કાલે અમદાવાદ મહાપાલિકાના ઉમેદવારો નકકી થશે: નાની નગરપાલિકામાં ડાયરેકટ મેન્ડેડ અપાશે

**અબતક,રાજકોટ**

સ્થાનીક સ્વરાજયની ચૂંટણી માટે સતાધારી પાર્ટી ભાજપ દ્વારા આજે મોડી સાંજથી ઉમેદવારોના નામ જાહેર કરવાનું શરૂ કરી દેવામાં આવશે. આજે પાર્લામેન્ટરી બોર્ડના ત્રીજા દિવસે મોટાભાગના મહાનગરો અને જિલ્લામાં ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવશે. અમદાવાદ મહાપાલિકા માટે કાલે બોર્ડમાં નિર્ણય લેવાશે આજે સાંજે જામનગર મહાપાલિકાનો ટર્ન પુરો થયા બાદ તબકકાવાર ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે બીજી તરફ એ અને બી વર્ગની નગરપાલિકાઓ માટે ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે. નહી ફોર્મ ભરવા માટે સિધી સુચના આપી દેવામાં આવશે અને મેન્ડેડ આપવામાં આવશે.

### બપોર બાદ કોંગ્રેસની પણ બીજી યાદી ડિકલેર થઈ જશે

કોંગ્રેસ દ્વારા ઉમેદવારોના નામની પ્રથમ યાદી જાહેર કરાયા બાદ હાલ વેઈટ એન્ડ વોચની સ્થિતિ અપનાવી લેવામાં આવી છે. આજે બપોર બાદ કોંગ્રેસ દ્વારા કોઈપણ ઘડીએ ઉમેદવારોના નામની બીજી યાદી જાહેર કરવામાં આવશે. અનેક બેઠકો માટે કોંગ્રેસ દ્વારા ઉમેદવારોને ટેલીફોનીક સુચના આપી દેવામાં આવી છે.જયાં પ્રચાર પણ શરૂ થઈ ગયા છે. જયાં વિવાદ વકરવાની સંભાવન છે. ત્યાં ઉમેદવારોના નામ જાહેર કર્યા વિના જ ડાયરેકટ મેન્ડેડ અપાશે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાનો અંતિમ દિવસ શનિવાર નિર્ધારિત કરવામાં આવ્યો છે. આજે મોડી સાંજથી ભાજપ દ્વારા એક પછી એક મહાનગરપાલીકા, જિલ્લા પંચાયત, નગરપાલીકા અને તાલુકા પંચાયત માટે તબકકાવાર ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે મોડી રાત સુધીમાં જે સ્થાનિક સ્વરાજયની સંસ્થા માટે ઉમેદવારોના નામો ફાઈનલ થઈ ગયા છે તે જાહેર થઈ જશે બાકીના નામો આવતીકાલે સવારે જાહેર કરવામાં આવશે આજે સાંજ સુધીમાં અમદાવાદને બાદ કરતા તમામ મહાપાલિકા અને જિલ્લાને સાંભળી લેવામાં આવશે અને મોટાભાગે ઉમેદવારો પણ ફાઈનલ થઈ જશે.દરમિયાન આવતીકાલે અમદાવાદના ઉમેદવારો ફાઈનલ કરવાની પ્રક્રિયા હાથ પર લેવામાં આવશે. જે નામો આજે જાહેર કરી દેવામાં આવશે. ત્યાં ભાજપના ઉમેદવારો આવતીકાલે શુક્રવારે શુભ વિજય મૂહૂર્ત ઉમેદવારી ફોર્મ ભરશે. અમદાવાદ મનપાના ઉમેદવારો છેલ્લા દિવસે અર્થાત શનિવારે ફોર્મ ભરશે.

## જયાં ઉમેદવારોના નામ જાહેર થઈ જશે ત્યાં આવતીકાલ ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરાશે

# વીતરાગ નેમિનાથ સંઘના આંગણે રવિવારે જૈન યુથ ડિબેટ કોમ્પિટિશન

**અબતક, રાજકોટ**

વીતરાગ નેમીનાથ સંઘ, ગાંધીગ્રામ પાસે નાણાવટી ચોક નજીક ખાતે જૈન યુથ ડિબેટ કોમ્પિટિશન થવા જઈ રહી છે. તા. ૧૨ એપ્રિલ ના બપોરે ૩.૩૦ વાગ્યે આયોજન કરવામાં આવેલ છે. ડિબેટ કોમ્પિટિશન ના ટોપિક કરંટ અફેર્સ ઉપર નક્કી કરવામાં આવેલ છે. ૧) જોબ - બિઝનેસ, ૨) લવ મેરેજ - અરેન્જ મેરેજ, ૩) જોઈન્ટ ફેમિલી - ડીવાઈડેડ ફેમિલી , ૪) મોબાઈલ ના ફાયદા - મોબાઈલ ના ગેરફાયદા, ૫) એજ્યુકેશન સિસ્ટમ ઈઝ હેલ્થી - એજ્યુકેશન સિસ્ટમ ઈઝ નોટ હેલ્થી, ૬) નાની ઉંમરે દીક્ષા લેવી જોઈએ - નાની ઉંમરે દીક્ષા નો લેવી જોઈએ, ૭) એક બાળક હોવું જોઈએ - એક કરતાં વધારે બાળકો હોવા જોઈએ, ૮) સિમ્પલ લાઈફ - સ્ટેટસ લાઈફ. જીતનાર ટીમને રૂપિયા ૧૦૦૦૦/૯ નું રોકડી ઈનામ આપવામાં આવશે. પાસ કલેકશન માટે નિશાંત વોરા ૯૫૧૦૯૫૪૧૧૩, શ્રેણિક દેસાઈ ૭૮૬૧૯૦૭૩૨૧, ભવ્યા શાહ ૯૦૯૯૫૨૫૧૬૯, વિશ્રુત શાહ ૯૪૨૮૫૩૨૧૪૬ નો સંપર્ક કરવાનો રહેશે. જૈન યુથ ડિબેટ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ બધા ભાગ્યશાળીઓ માટે અલ્પાહાર ની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ ઉત્કૃષ્ટ કાર્ય બદલ વિતરાગ નેમિનાથ સંઘના સર્વે ટ્રસ્ટીઓ ભરતભાઈ દોશી, નિતીનભાઈ ગોડા, શૈલેષભાઈ મહેતા, વિપુલભાઈ દોશી, હરેશભાઈ દોશી, જીતુભાઈ કામદાર એ સર્વેને અનુમોદના પાઠવેલ છે.

# પ્રોજેક્ટ લાઈફમાં શનિવારે શુધ્ધિક્રિયા વર્કશોપ યોજાશે

**અબતક,રાજકોટ**

લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રોજેકટ 'લાઈફ' દ્વારા 'શુધ્ધિક્રિયા વર્કશોપ'નું આયોજન શનિવાર, ૧૧ એપ્રિલ ૨૦૨૬ ના રોજ સવારે ૭.૦૦ થી ૯.૦૦ લાઈફ બિલ્ડીંગ, રેસકોર્સ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવ્યું છે.

આ વર્કશોપમાં શરીરની આંતરિક શુધ્ધિ માટે વિવિધ ક્રિયાઓના પ્રયોગો સાથે તેના વિષે ઊંડાણપૂર્વક માર્ગદર્શન પણ આપવામાં આવશે. જે શરીરની સાથે મનની શુધ્ધિ માટે પણ અત્યંત લાભદાયી છે. યોગ અને સ્વસ્થ જીવનશૈલીમાં રસ ધરાવતા તમામ માટે આ વર્કશોપ ખૂબ ઉપયોગી સાબિત થશે.

આ વર્કશોપમાં ભાગ લેવા રજીસ્ટ્રેશન માટે મા.નં. ૮૫ ૧૧ ૩૩ ૧૧ ૩૩ અને લેન્ડલાઈન નં. ૦૨૮૧ ૨૪૭૯૧૩૩નો સંપર્ક કરવા જણાવાયું છે.

# ધારેશ્વર મહાદેવ ટ્રસ્ટ મંડળ દ્વારા કાલે શંકરગીરી બાપુની ૭૦મી પુણ્યતિથિની ઉજવણી

**અબતક, રાજકોટ**



ધારેશ્વર મહાદેવના આદ્ય સ્થાપક સંત શીરોમણી નાગાબાવા શંકરગીરી બાપુની ૭૦મી પુણ્યતિથિ નિમિતે શ્રી ધારેશ્વર મહાદેવ ટ્રસ્ટ મંડળ દ્વારા ૧૦/૪ અને શુક્રવારે સવારે ગુરૂપાદુકા પુજન ૮:૦૦ કલાકે તેમજ સંધ્યા આરતી બાદ પ્રસાદી તેમજ ધુન-ભજન-કિર્તન વગેરે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે, તો સર્વે ભાવિકો-ભકતજનોએ પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવાયું છે.

# કૃષ્ણ ચિકિત્સાલાયમાં ડો.સુનિલ પોપટ રાહતદરે સેવા આપશે

**અબતક, રાજકોટ**

લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ સંચાલિત શ્રી કૃષ્ણ ચિકિત્સાલય (કનક રોડ બસ સ્ટેન્ડ પાછળ) ખાતે ડો.સુનીલ પોપટ - પેટ તથા આંતરડાના રોગ, ડો.હીનાબેન પોપટ - સ્ત્રી રોગ નિષ્ણાંત - ગાયનેક દ્વારા સોમથી શુક્ર, સવારે ૯ થી ૧૦ સેવા આપવામાં આવે છે.

# બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા શનિવારે હોમીઓપેથ આયુર્વેદ એક્યુપ્રેસર નિદાન કેમ્પ

**અબતક,રાજકોટ**

અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિ કરતી સેવા સંસ્થા બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા શનીવારના રોજ બપોરે ૦૪:૩૦ થી ૦૫:૩૦ સુધી ટ્રસ્ટના કાર્યાલય, ૯ રઘુવીરપરા, ગરેડીયા કુવા પાછળ, રાજકોટ ખાતે હઠીલા તેમજ અસાધ્ય દર્દો માટે હોમીઓપેથ નિષ્ણાંત ડો. એન. જે. મેઘાણી દ્વારા હોમીઓપેથીક દવાઓ સાથેના નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે જેમાં રહ્દયના વાલ્વમાં કાણું હોવું, હ્દય મોટું થવુ તથા લોહી ઓછુ પહોચવું તપાસી દવાઓ વિનામૂલ્યે અપાશે. આ સાથેજ આંખના દર્દો માટે હોમીઓપેથીક દવાઓ સાથેના કેમ્પનું આયોજન પણ કરેલ છે જેમાં આંખમાં ચીપડા વળવા, ઝાંખુ દેખાવું, આંખમાંથી પાણી નીકળવું જેવા વિગેરે આંખના દર્દોનો સમાવેશ થાય છે.આ સાથેજ ટ્રસ્ટના ઉપરોક્ત કાર્યાલયે શની તથા રવિવારે બપોરે ૦૩:૩૦ થી ૦૪:૩૦ સુધી એક્યુપ્રેસર, ફીઝીઓથેરાપી નિદાન સારવાર કેમ્પમાં જાણીતા થેરાપીસ્ટ દિનકરભાઈ રાજદેવ, પ્રવીણભાઈ ગેરિયા, અરજણભાઈ પટેલ, રત્નાબેન મહેશ્વરી વિગેરે દ્વારા શરીરના તમામ રોગોની એક્યુપ્રેસર પદ્ધતિ દ્વારા સારવાર આપવામાં આવશે.

# વિવેકાનંદ યુથ ક્લબને મળ્યું ૧૯૮મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**

જૈન સમાજના સ્વ.ઈન્દિરાબેન અરવિંદભાઈ શાહ અવસાન પામતા તેના પુત્ર વી.વી.પી. કોલેજના પ્રોફેસર અને જીવદયા ગ્રુપના સનિષ્ઠ કાર્યકર જીગ્નેશભાઈ શાહએ બે દ્રષ્ટિહીન બાંધવના જીવનમાં રોશની ફેલાઈ તે શુભ હેતુથી તેમના માતા સ્વ.ઈન્દિરાબેનના ચક્ષુની દાન વિવેકાનંદ યુથ કલબ માર્ગદર્શક મુકેશભાઈ દોશી તથા ચક્ષુદાન અભિયાનના સંયોજક અનુપમ દોશી અને ઉપેનભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. આ માટે ડો.ધર્મેશ શાહ સ્વીકાર કરેલ. સંસ્થાનું આ ૧૯૮મું ચક્ષુદાન છે. શહેરીજનોને પોતાની આસપાસ પાડોશમાં પરિવારમાં કે અન્ય કોઈના અવસાન વેળાએ ચક્ષુદાન સ્કીન ડોનેટ, દેહદાન માટે પ્રેરણા આપવા અને માનવતાના ઉમદા કાર્યમાં સહભાગી બનવા અપીલ સહ વિનંતી છે. ચક્ષુદાન વિગેરે માટે કોઈપણ સમયે સમિતિના અનુપમ દોશી, ૯૪૨૮૨ ૩૩૭૯૬ અથવા ઉપેનભાઈ મોદી, ૯૮૨૪૦ ૪૩૧૪૩નો સંપર્ક સાધવા વિનંતી છે.

# આધુનિક જીવનશૈલીમાં સૌથી મોટું જોખમ વધતું યુરિક એસિડ

## ખોટી ખાણી-પીણી અને બેઠાડું જીવન જવાબદાર: પુરુષમાં ૭.૦ અને સ્ત્રીમાં ૬.૦થી વધુ લેવલ હોય તો તરત ડોક્ટરની સલાહ લેવી જરૂરી




**અબતક રાજકોટ**

આજના આધુનિક યુગમાં બદલાતી જતી જીવનશૈલી અને જંક ફૂડના સેવનના કારણે અનેક બીમારીઓ ઘર કરી રહી છે. આ પૈકીની એક ગંભીર સમસ્યા એટલે શરીરમાં વધતું 'યુરિક એસિડ'. સામાન્ય લાગતી આ બાબત જો લાંબો સમય અવગણવામાં આવે તો તે વ્યક્તિને પથારીવશ કરી શકે છે. તબીબી નિષ્ણાતોના મતે, યુરિક એસિડનું વધતું સ્તર માત્ર સાંધામાં અસહ્ય પીડા જ નથી કરતું, પરંતુ તે કિડનીની કાર્યક્ષમતાને પણ ગંભીર રીતે નુકસાન પહોંચાડે છે.જ્યારે શરીરમાં યુરિક એસિડનું સ્તર વધે છે ત્યારે તે સ્ફટિકોમાં ફેરવાઈને સાંધામાં જમા થાય છે, જેના કારણે તીવ્ર દુખાવો, સોજો અને લાલાશ જેવા લક્ષણો દેખાય છે. આ સમસ્યા માત્ર સાંધાને જ નુકસાન પહોંચાડતી નથી, પરંતુ કિડની માટે પણ ગંભીર જોખમ ઊભું કરે છે.વિશેષજ્ઞોના મતે જો સાંધામાં વારંવાર દુખાવો, સોજો અથવા પેશાબમાં તકલીફ થતી હોય તો તરત યુરિક એસિડનું બ્લડ ટેસ્ટ કરાવવું જોઈએ. પુરુષમાં ૭.૦ અને સ્ત્રીમાં ૬.૦થી વધુ લેવલ હોય તો તરત ડોક્ટરની સલાહ લેવી જરૂરી છે. સમયસર આહાર અને જીવનશૈલીમાં ફેરફાર કરવાથી આ સમસ્યાથી બચી શકાય છે.યુરિક એસિડ એ કોઈ સામાન્ય દુખાવો નથી પરંતુ શરીરની અંદરની ગંભીર સ્થિતિનો સંકેત છે. દરરોજ ૩૦ મિનિટની કસરત અને યોગ્ય આહાર દ્વારા આ જીવલેણ સમસ્યાથી બચી શકાય છે. જો તમને પણ સાંધામાં સતત દુખાવો રહેતો હોય, તો તુરંત જ ડોક્ટરની સલાહ લઈ બ્લડ રિપોર્ટ કરાવવો હિતાવહ છે.

### યુરિક એસિડ વધવાના મુખ્ય

કારણોમાં વધુ પડતું પ્રોટીનયુક્ત ખોરાક, રેડ મીટ, સીફૂડ, અતિશય કેફીન, આલ્કોહોલ અને કોલ્ડ ડ્રિંક્સનું સેવન સામેલ છે. વધારે મીઠું અને ખાંડયુક્ત વસ્તુઓ પણ આ સમસ્યાને વેગ આપે છે. સાથે જ બેઠાડું જીવન, કસરતનો અભાવ અને વધેલું વજન પણ મોટા કારણો છે. જ્યારે કિડની આ વધેલા યુરિક એસિડને પૂરેપૂરું ફિલ્ટર કરી શકતી નથી ત્યારે તે લોહીમાં ભળી જાય છે અને કિડનીમાં પથરી બનાવી શકે છે.

### યુરિક એસિડના કારણે કિડનીમાં પથરીનું જોખમ: યુરો સર્જન ડો. અમીશ મહેતા



અબતક સાથેની વાતચીતમાં યુરોસર્જન ડો. અમીશ મહેતા શરીરમાં યુરિક એસિડનું પ્રમાણ વધવું એ માત્ર સાંધાના દુખાવા પૂરતું સીમિત નથી, પરંતુ તે કિડનીની પથરી અને કિડનીને થતા ગંભીર નુકસાનનું મુખ્ય કારણ પણ છે. જાણીતા યુરોસર્જન ડો. અમીશ મહેતાએ આ અંગે મહત્વનું માર્ગદર્શન આપતા જણાવ્યું કે, જ્યારે શરીરમાં યુરિક એસિડની માત્રા વધી જાય છે, ત્યારે તે પેશાબ વાટે બહાર નીકળવાને બદલે કિડનીમાં જમા થવા લાગે છે અને પથરીનું સ્વરૂપ ધારણ કરે છે. આ 'યુરિક એસિડ સ્ટોન્સ' અત્યંત પીડાકારક હોય છે અને જો તેની સમયસર સારવાર ન કરવામાં આવે તો કિડનીની કાર્યક્ષમતા પર કાયમી અસર પડી શકે છે. ડો. મહેતાએ વધુમાં ઉમેર્યું કે, પૂરતું પાણી પીવું અને આહારમાં સંયમ રાખવો એ કિડનીને સુરક્ષિત રાખવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

### યુરિક એસિડ વધતા થતા સાંધાના દુખાવામાં આદુ, બીટ અને કાકડીનું સેવન સંજીવની સમાન: ડૉ.સંજય જીવરાજાની



શરીરમાં વધતા યુરિક એસિડના કારણે થતી તકલીફો વિશે વધુ પ્રકાશ પાડતા જાણીતા તબીબ ડો. સંજય જીવરાજાનીએ જણાવ્યું હતું કે, આ સમસ્યાને સામાન્ય ભાષામાં 'ગઠિયા રોગ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ રોગમાં દર્દીને ખાસ કરીને રાત્રિના સમયે સાંધામાં અસહ્ય પીડા અને સોજો અનુભવાય છે. જ્યારે લોહીમાં યુરિક એસિડનું પ્રમાણ મર્યાદા બહાર જાય ત્યારે તે સ્ફટિકો બનીને સાંધામાં ફસાઈ જાય છે, જે રાત્રિના સમયે હલનચલન ઓછું હોવાથી વધુ તીવ્ર દુખાવો આપે છે.

ડો. જીવરાજાનીએ આ પીડામાંથી મુક્તિ મેળવવા માટે આહારમાં ફેરફાર કરવાની ખાસ હિમાયત કરી છે. તેમના મતે, યુરિક એસિડને કુદરતી રીતે ઘટાડવા માટે આદુ, બીટ અને કાકડીનું સેવન અત્યંત ગુણકારી છે. આ ખાદ્યપદાર્થો શરીરમાંથી વધારાનું એસિડ બહાર કાઢવામાં અને સોજો ઘટાડવામાં મદદરૂપ થાય છે. આદુમાં રહેલા એન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણો સાંધાના દુખાવામાં રાહત આપે છે, જ્યારે કાકડી અને બીટ શરીરને ડિટોક્સ કરવાનું કામ કરે છે.

આહારની સાથે જીવનશૈલીમાં ફેરફાર અંગે માર્ગદર્શન આપતા ડોક્ટરે જણાવ્યું કે, માત્ર દવાઓ જ નહીં પણ યોગ અને પ્રાણાયામ પણ આ રોગમાં અકસીર ઈલાજ છે. ખાસ કરીને 'કપાલભાતિ' પ્રાણાયામ કરવાથી શરીરનું મેટાબોલિઝમ સુધરે છે અને શરીરમાંથી ઝેરી વાયુઓ અને કચરો બહાર નીકળી જાય છે, જેનાથી યુરિક એસિડનું સ્તર નિયંત્રિત રહે છે. રાત્રિના સમયે થતી પીડાને ટાળવા માટે હળવી કસરત અને નિષ્ણાતોએ સૂચવેલા આહાર-વિહારનું પાલન કરવું એ જ ગઠિયા રોગમાંથી મુક્તિ મેળવવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

### યુરિક એસિડને કંટ્રોલમાં કેવી રીતે રાખી શકાય

રોજ કમસે કમ ૩થી ૪ લિટર પાણી પીવું જરૂરી છે. પાણી સાથે લીંબુ પાણી અને નારિયેળ પાણી પણ ફાયદાકારક છે.આહારમાં મેથી, પાલક, સરગવો, દૂધી, મગની દાળ, દ્રાક્ષ, પપૈયા અને ચેરી જેવી વસ્તુઓ વધારે લેવી.રાત્રે મસૂર, રાજમા અને ચણા જેવા ભારે કઠોળ ટાળવા.રોજ સવારે કે સાંજે ઓછામાં ઓછી ૩૦થી ૪૫ મિનિટ વોકિંગ અથવા કસરત કરવી. વજનને નિયંત્રણમાં રાખવું.

# ઉનાળાની કાળઝાળ ગરમીમાં માટીનું માટલું છે સ્વાસ્થ્ય માટે અમૃત સમાન



**અબતક, રાજકોટ**

ઉનાળાની શરૂઆત થતા જ લોકો ઠંડક મેળવવા માટે ફ્રિજના પાણી તરફ વળતા હોય છે, પરંતુ માટીના માટલાનું પાણી કુદરતી રીતે ઠંડું, સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ હોવાથી તે શ્રેષ્ઠ વિકલ્પ સાબિત થાય છે. માટલાના સૂક્ષ્મ છિદ્રોમાંથી થતા બાષ્પીભવન દ્વારા પાણી કુદરતી રીતે ઠંડું રહે છે અને શરીરને ગરમીથી રાહત આપે છે. ફ્રિજનું પાણી ગળા અને મેટાબોલિઝમને નુકસાન કરી શકે છે, જ્યારે માટલાનું પાણી પાચનતંત્રને મજબૂત રાખે છે અને ગળાને આરામ આપે છે.માટલાના પાણીને લાંબા સમય સુધી ઠંડું રાખવા માટે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે. નવું માટલું ખરીદ્યા પછી તેને ૬ થી ૮ કલાક પાણીમાં ડુબાડી રાખવાથી તેના છિદ્રો ખુલી જાય છે. માટલાને ક્યારેય સીધું જમીન પર ન રાખતા, રેતી ભરેલા સ્ટેન્ડ કે ટોપલી પર હવાઉજાસવાળી જગ્યાએ રાખવું જોઈએ. માટલાની આસપાસ ભીનું સુતરાઉ કપડું લપેટવાથી પણ ઠંડકમાં વધારો થાય છે. વધુમાં, કાળા રંગનું માટલું ગરમીને વધુ શોષતું હોવાથી તેમાં પાણી વધારે ઠંડું થાય છે.માટલાની જાળવણી વિશે વિશેષ સાવધાની રાખવી જોઈએ. દર ૬ થી ૭ દિવસે માટલાને મીઠા અને લીંબુના દ્રાવણથી સાફ કરવું જોઈએ જેથી તેના છિદ્રો બંધ ન થાય. ખાસ ધ્યાન રાખવું કે માટલું સાફ કરવા માટે ક્યારેય સાબુ કે ડિટર્જન્ટનો ઉપયોગ ન કરવો, કારણ કે માટી સાબુને શોષી લે છે જે સ્વાસ્થ્ય માટે હાનિકારક બની શકે છે. આમ, માટીના માટલાના ઉપયોગથી ઉનાળામાં કુદરતી ઠંડકની સાથે આરોગ્યની જાળવણી પણ કરી શકાય છે.

### પાચનશક્તિ વધારવાની સાથે ગળાને પણ આપશે આરામ :દર ૬ થી ૭ દિવસે માટલાને મીઠા અને લીંબુના દ્રાવણથી સાફ કરવું જોઈએ જેથી તેના છિદ્રો બંધ ન થાય

## પોસ્ટ વિભાગની સુકન્યા સમૃદ્ધિ યોજનામાં રોકાણનો ધોધ

# રાજકોટ પોસ્ટ ડિવિઝન દ્વારા ૫૬,૯૫૦ દીકરીઓના ભવિષ્યને અપાયું સરકારી સુરક્ષા કવચ

### કેન્દ્ર સરકારની યોજનામાં સૌથી વધુ ૮.૨૦% વ્યાજ મળતું હોવાથી વાલીઓમાં ભારે આકર્ષણ






તસવીર: વિજય મકવાણા

### દીકરીના શિક્ષણ અને લગ્ન માટે રાજકોટ ડિવિઝનમાં ખુલ્યા રેકોર્ડબ્રેક ખાતા

**અબતક,રાજકોટ**

કેન્દ્ર સરકાર દ્વારા દીકરીઓના ભવિષ્યને સુરક્ષિત અને ઉજ્જવળ બનાવવાના હેતુથી શરૂ કરવામાં આવેલી 'સુકન્યા સમૃદ્ધિ યોજના' રાજકોટમાં જન-જન સુધી પહોંચી રહી છે. રાજકોટ પોસ્ટ ડિવિઝન દ્વારા આ યોજનાનો પ્રચાર-પ્રસાર વેગીલો બનાવવામાં આવતા અત્યાર સુધીમાં કુલ ૫૬,૯૫૦ જેટલા સુકન્યા લાઈવ એકાઉન્ટ કાર્યરત થયા છે. દીકરીના ઉચ્ચ શિક્ષણ અને લગ્ન જેવા મોટા (અનુ. આઠમા પાને)

### સૌથી વધુ ૮.૨૦% વ્યાજ દરનું મુખ્ય આકર્ષણ : પોસ્ટ માસ્ટર કૃણાલ શુક્લ



રાજકોટના સિનિયર પોસ્ટ માસ્ટર કૃણાલ શુક્લના જણાવ્યા અનુસાર, આ યોજનામાં સરકાર દ્વારા હાલ ૮.૨૦ ટકા વ્યાજ આપવામાં આવે છે, જે તમામ સરકારી બચત યોજનાઓમાં સૌથી વધુ છે. ૨૦૧૬ થી શરૂ થયેલી આ યોજનામાં ૦ થી ૧૦ વર્ષની દીકરીના વાલીઓ ખાતું ખોલાવી શકે છે. જેમાં વાર્ષિક ઓછામાં ઓછા રૂ ૨૫૦ અને વધુમાં વધુ રૂ૧.૫૦ લાખ સુધીની રકમ જમા કરવાની છૂટ આપવામાં આવે છે. છેલ્લા ૧૦ વર્ષમાં પોસ્ટ વિભાગની સેવાઓ ઓનલાઈન અને આધુનિક બનતા ગ્રાહકોનો વિશ્વાસ સતત વધ્યો છે.સરકારી વિશ્વાસ અને સુરક્ષાનો સમન્વય

# એ. એમ. પારેખ લો કોલેજમાં પંચામૃત કાર્યક્રમ અને જ્યુરીશ' ઈ-મેગેઝીનનું લોન્ચિંગ

### વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓનું બહુમાન, 'યંગ ઈન્ડિયા' સાથે એમઓયુ અને ઓપન માઈક સ્પર્ધાનું ભવ્ય આયોજન





**અબતક,રાજકોટ**

શહેરની પ્રતિષ્ઠિત અને ઐતિહાસિક અમૃતલાલ માનસંગ પારેખ (એ. એમ. પારેખ) લો કોલેજ ખાતે આજે વિવિધ પાંચ મુખ્ય કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ૧૯૫૫માં સ્થાપાયેલી આ સંસ્થાએ તેના ૭૦ વર્ષના ગૌરવશાળી ઈતિહાસને યાદ કરતા સ્થાપક પરિવારના સભ્યોની વિશેષ ઉપસ્થિતિમાં અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી હતી.

સ્થાપક પારેખ પરિવારનું વિશેષ સન્માન કાર્યક્રમના મુખ્ય આકર્ષણ રૂપે, કોલેજ જેના નામ સાથે જોડાયેલી છે તેવા સ્વ. અમૃતલાલ માનસંગ પારેખ પરિવાર દ્વારા અર્પણ કરવામાં આવેલી તેમની તસ્વીરનું અનાવરણ કરવામાં આવ્યું હતું. (અનુ. આઠમા પાને)

### ભણતરની સાથે સપ્તધારા અને નાટ્યધારા જેવી ૬૦ થી વધુ પ્રવૃત્તિઓ થાય છે: વિદ્યાર્થિની



કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ વિરપરીયા કેયૂરી અને કિંજલ દવેએ પણ પોતાના પ્રતિભાવોમાં જણાવ્યું હતું કે, આ ઐતિહાસિક કોલેજમાં એડમિશન મળવું એ જ એક સિદ્ધિ છે. અહીં ભણતરની સાથે સપ્તધારા અને નાટ્યધારા જેવી ૬૦ થી વધુ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો વિકાસ (અનુ. આઠમા પાને)

### વિદ્યાર્થીઓની અભિવ્યક્તિને વાચા આપવા અનેક કાર્યક્રમોનું આયોજન:આચાર્ય ડો. કમલેશ બુધ્ધભટ્ટી



કોલેજના આચાર્ય ડો. કમલેશ બુધ્ધભટ્ટીએ કાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું કે, કોલેજ હવે આધુનિકતા તરફ ડગ માંડી રહી છે, જેના ભાગરૂપે આજે 'જ્યુરીશ' નામે પ્રથમ ઈ-મેગેઝીન લોન્ચ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે 'યંગ ઈન્ડિયા' સંસ્થા સાથે એમ.ઓ.યુ. કરવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે, જેથી સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે નવા આયામો સર કરી શકાય. વિદ્યાર્થીઓનું બહુમાન અને સાંસ્કૃતિક કાર્યક્રમોસમગ્ર વર્ષ દરમિયાન મૂટ કોર્ટ, રાજ્ય કક્ષાની સ્પર્ધાઓ અને સહ-અભ્યાસ પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને શીલ્ડ અને સર્ટિફિકેટ આપી નવાજવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની અભિવ્યક્તિને વાચા આપવા માટે 'ઓપન માઈક' સ્પર્ધાનું પણ આયોજન કરાયું હતું.

સ્પોર્ટ્સ અબતક



# ગુજરાત ટાઈટન્સની પ્રથમ જીત: દિલધડક મેચમાં દિલ્હીને એક રનથી હરાવ્યું

## બટલર, ગિલ અને સુંદરની અડધી સદી, ગુજરાતના ૨૧૦, દિલ્હીના ૨૦૯, રાહુલના ૯૨, મિલરનો ઝંઝાવાત એળે: રાશીદની ત્રણ વિકેટ



**અબતક, રાજકોટ**

અંતિમ ઓવર્સમાં ડેવિડ મિલર અને વિપરાજ નિગમની આક્રમક બેટિંગ અને તે અગાઉ લોકેશ રાહુલના શાનદાર ૯૨ રનની મદદથી દિલ્હી કેપિટલ્સે બુધવારે અહીં રમાયેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ મેચમાં ગુજરાત ટાઈટન્સ સામે જોરદાર લડત આપી હતી પરંતુ છેલ્લા બોલે કુલદીપ યાદવ રનઆઉટ થતાં ગુજરાતની ટીમનો એક રનથી અત્યંત રોમાંચક વિજય થયો હતો.સાથે દિલ્હીની ટીમ સિઝનમાં પહેલી વાર હારી હતી તો બીજી તરફ શુભમન ગિલની ગુજરાત ટાઈટન્સની ટીમે પહેલી વાર વિજય હાંસલ કર્યો હતો. જોકે મેચ રોમાંચક રહી હતી જેમાં છેલ્લી બે ઓવરમાં મિલર અને નિગમે ગુજરાતના હાથમાંથી વિજય આંચકી લેવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ છેલ્લા બોલે બાજી પલટાઈ ગઈ હતી. અહીંના કોટલા ગ્રાઉન્ડ ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં ગુજરાત ટાઈટન્સે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૧૦ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં છેલ્લી ઓવર સુધી લડત આપ્યા બાદ દિલ્હી કેપિટલ્સે તેની ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૨૦૯ રન કર્યા હતા. આમ બંને ટીમ વચ્ચે એક રનનો તફાવત રહી ગયો હતો.૨૧૧ રનના ટારગેટ સામે રમતાં દિલ્હી માટે લોકેશ રાહુલે અડીખમ બેટિંગ કરીને બાવન બોલમાં ૯૨ રન ફટકાર્યા હતા જેમાં ચાર સિક્સર અને દસ ચોગ્ગાનો સમાવેશ થતો હતો. ઈનિંગ્સ દરમિયાન ઘાયલ થતાં થોડી વાર માટે બહાર ગયેલો ડેવિડ મિલરે પરત આવીને આક્રમક વલણ અપનાવ્યું હતું. તેણે છેલ્લી બે ઓવરમાં ધમાકેદાર બેટિંગ કરી હતી જેમાં મોહમ્મદ સિરાઝની ૧૯મી ઓવરમાં તેણે મેચ પોતાની ટીમ તરફ કરી દીધી હતી. મિલરે ૨૦ બોલમાં ત્રણ સિક્સર અને ત્રણ ચોગ્ગા સાથે અણનમ ૪૧ રન ફટકાર્યા હતા. અગાઉ જોઝ બટલર, કેપ્ટન શુભમન ગિલ અને વોશિંગ્ટન સુંદરની ત્રિપુટીએ દિલ્હીની બોલિંગના સામાન્ય બનાવી દેતી ઈનિંગ્સ રમીને ગુજરાતને ૨૧૦ રનના સ્કોર સુધી પહોંચવામાં મદદ કરી હતી. જોઝ બટલરના આક્રમક અંદાજ અને કેપ્ટન શુભમન ગિલની શાનદાર અડધી સદી બાદ વોશિંગ્ટન સુંદરે પણ તેની આઈપીએલ કારકિર્દીની પહેલી અડધી સદી ફટકારી હતી.બટલરે સિક્સરની રમઝટ બોલાવી હતી તો ગિલે ઈનિંગ્સના બીજા હાફમાં ગિયર બદલીને આક્રમક વલણ અપનાવીને હરીફ ટીમના બોલર્સને પરેશાન કર્યા હતા. તાજેતરના ટી૨૦ વર્લ્ડ કપમાં ફ્લોપ રહ્યા બાદ બટલરે ૨૭ બોલમાં બાવન રન ફટકાર્યા હતા અને તે બુધવારે લયમાં જોવા મળ્યો હતો. તેણે કોટલા મેદાન પર પાંચ ગગનચુંબી સિક્સર ફટકારી હતી. ખાસ કરીને મીડિયમ પેસર મુકેશ કુમારની ઓવરમાં બટલરે આક્રમકતા દાખવી હતી અને ઈનિંગ્સની પાંચમી ઓવરમાં તેણે મુકેશને નિશાન બનાવી ત્રણ સિક્સર સાથે ૨૩ રન ઝૂડી કાઢ્યા હતા.

### જોસ બટલરે ટી-૨૦ ક્રિકેટમાં પોતાનો ૬૦૦મી સિક્સર પૂરી કરી

જ્યારે જોસ બટલર દિલ્હી કેપિટલ્સ સામે બેટિંગ કરવા ઉતર્યો ત્યારે તેને ટી૨૦ ક્રિકેટમાં કુલ ૫૯૫ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ બનાવ્યો હતો. ઈનિંગની પોતાની પહેલી સિક્સ સાથે તેને એલેક્સ હેલ્સને પાછળ છોડીને ટી૨૦ ફોર્મેટમાં ઈંગ્લેન્ડનો સૌથી વધુ છગ્ગા મારનાર બેટ્સમેન બન્યો. ત્યારબાદ તેને પોતાની ઈનિંગમાં વધુ ૪ સિક્સ ઉમેરીને ૬૦૦ છગ્ગા ફટકાર્યા.

# એક ટીમના ૧૬ લિસ્ટેડ ખેલાડીઓ જ મેદાનમાં ઉતરી શકશે: આઈપીએલ વચ્ચે બીસીસીઆઈનું ફરમાન

## મેચ દરમિયાન સબ્સ્ટીટ્યૂટ ખેલાડીઓની બિનજરૂરી અવરજવર પર સખત પ્રતિબંધ રહેશે નહીં

**અબતક, રાજકોટ**

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૯મી સીઝન ચાલી રહી છે અને બુધવાર સુધીમાં ૧૪ મેચ રમાઈ ચૂકી છે. આ વચ્ચે હવે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ લીગ માટે કેટલાક કડક નવા નિયમો બનાવ્યા છે. બોર્ડે નવો નિયમ લાગુ કર્યો છે કે મેચ શરૂ થયા પછી એક ટીમના ફક્ત ૧૬ લિસ્ટેડ ખેલાડીઓને જ મેદાનમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે. બાકી સરપ્લસ ખેલાડીઓ ટીમના ડગઆઉટમાં જ રહેશે અને તેમને સીમા રેખા (બાઉન્ડ્રી લાઈ) પાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

આ નવા નિયમ પ્રમાણે મેચ દરમિયાન ફક્ત ટીમ શીટ પર નામ ધરાવતા ખેલાડીઓને જ મેદાનમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે. શીટમાં ફક્ત ૧૬ ખેલાડીઓને લિસ્ટેડ કરવાની મંજૂરી હશે.

રિપોર્ટ પ્રમાણે નવા નિયમ પ્રમાણે દરેક ટીમ પોતાના ખેલાડીઓની શીટમાં ૧૬ ખેલાડીઓ સામેલ કરી શકે છે. તેમાં ૧૧ ખેલાડીઓ પ્લેઈંગ ઈલેવનનો ભાગ હશે. આ ઉપરાંત ઈમ્પેકટ સબના રૂપમાં ૧ અને ૪ ખેલાડીઓને રિઝર્વ તરીકે રાખવામાં આવી શકે છે. આ ૧૬ ખેલાડીઓ ઉપરાંત ટીમના અન્ય કોઈ પણ સભ્યોને મેદાનમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

હાલ એ સ્પષ્ટ નથી કે, જો ફિલ્ડિંગ ટીમને વધારાના ફિલ્ડરની જરૂર પડે, તો તેણે પ્લેઈંગ ઈલેવનની યાદીમાં સામેલ ખેલાડીઓમાંથી જ પસંદગી કરવી પડશે કે પછી બાકી રહેલા અન્ય ખેલાડીઓમાંથી કોઈને ફિલ્ડિંગ માટે બોલાવી શકાશે.આ નિયમોનું પાલન કરવામાં નિષ્ફળતા ટીમ અને ખેલાડીઓ માટે સમસ્યાઓ ઊભી કરી શકે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ટીમ મેનેજમેન્ટને સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યો છે કે મેચ દરમિયાન સબ્સ્ટીટ્યૂટ ખેલાડીઓની બિનજરૂરી અવરજવર પર સખત પ્રતિબંધ રહેશે નહીં. બાઉન્ડ્રી લાઈન અને એલઈડી જાહેરાત બોર્ડ વચ્ચે ફક્ત મર્યાદિત ખેલાડીઓને જ રહેવાની મંજૂરી આપવામાં આવશે.

### મેચ સીટમાં નામ ન હોય તેવા ખેલાડીઓ પાણી, ગ્લવ્ઝ કે બેટ નહીં લઈ જઈ શકશે

આ નવા નિયમનો અર્થ એ થયો કે ટીમ શીટમાં સામેલ નહીં હોય તેવા ખેલાડીઓ ડ્રિંક્સ, બેટ અથવા ગ્લવ્ઝ લઈને મેદાનમાં નહીં જઈ શકશે. તેઓ અન્ય ખેલાડીઓ સુધી કોઈ મેસેજ પણ પહોંચાડી શકશે નહીં. બાઉન્ડ્રી લાઈન પર ફક્ત પાંચ ખેલાડીઓ જ બિબ પહેરીને ફરી શકશે. બાકીના ખેલાડીઓએ ડગઆઉટમાં જ રહેવું પડશે.

# ટેનિસ બીજેકે કપમાં વૈષ્ણવી અને સહજાની માઈલસ્ટોન જીત, ભારતે ન્યુઝીલેન્ડને ૩-૦થી હરાવ્યું



**અબતક, રાજકોટ**

બિલી જીન કિંગ કપ ૨૦૨૬ના એશિયા/ઓસિયાના ગ્રુપ-૧માં ભારતીય મહિલા ટેનિસ ટીમે બુધવારે મજબૂત પ્રત્યાઘાત આપતા ન્યુઝીલેન્ડને ૩-૦થી સરસ ક્લીન સ્વીપ કરી દીધું. યુવા ખેલાડીઓ વૈષ્ણવી અડકર અને સહજા યમલાપલ્લીએ ભારત માટે પ્રથમ વિજય મેળવીને માઈલસ્ટોન હાંસલ કર્યા અને ટીમને અનિવાર્ય જીત અપાવી.

આ જીત ભારત માટે ખાસ મહત્વની છે કારણ કે તેના પહેલા દિવસે થાઈલેન્ડ સામે વરસાદને કારણે અધૂરો રહેલો મેચ ૨-૧થી હારી ગયો હતો. દિલ્હીના ડીએલટીએ કોમ્પ્લેક્સમાં રમાયેલી આ મેચમાં ભારતીય ટીમે યુવા પ્રતિભાઓના જોરે પાછી ફરીને પોતાની તાકાત દર્શાવી.

આ જીતથી ભારતે ગ્રુપમાં પોતાની પ્રથમ જીત નોંધાવી અને પ્લેઓફમાં પહોંચવાની આશા જીવંત રાખી છે. વૈષ્ણવી અડકરે પોતાના ડેબ્યુમાં થાઈલેન્ડ સામે નિરાશા થઈ હતી, પરંતુ એક જ દિવસમાં તેમણે પોતાના ગેમને સુધારીને શાનદાર પુનરાગમન કર્યું. સહજા પણ થોડા કલાક પહેલા રમેલી મેચ પછી પણ તાજગી સાથે રમી અને વિજય મેળવ્યો.

ભારતીય ટીમમાં અંકિતા રૈના, રુતુજા ભોસલે, સહજા યમલાપલ્લી, વૈષ્ણવી અડકર અને અન્ય ખેલાડીઓ સામેલ છે.

# ફિફાએ મીડિયા રાઈટ્સની કિંમતમાં ઘટાડો કરવા છતાં ભારતમાં કોઈ ખરીદદાર ના મળ્યું




**અબતક, રાજકોટ**

ફીફાને ભારતીય બજારમાં મોટો ઝટકો લાગ્યો છે. ૨૦૨૬ અને ૨૦૩૦ના ફીફા વિશ્વકપ માટે ભારતમાં મીડિયા રાઈટ્સ વેચવામાં ફીફાને મુશ્કેલી પડી રહી છે. ફીફાએ અધિકારોની માંગણીની કિંમત ૧૦૦ મિલિયન ડોલરથી ઘટાડીને માત્ર ૩૫ મિલિયન ડોલર (લગભગ ૨૯૦ કરોડ રૂપિયા) કરી દીધી છે, તેમ છતાં હજુ સુધી કોઈ મોટી મીડિયા કંપનીએ તે ખરીદવાની રસ દાખવ્યો નથી.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં સ્પોર્ટ્સ રાઈટ્સના બજારમાં સુધારો થયો છે. જાહેરાત આવકમાં ઘટાડો, ડિજિટલ પ્લેટફોર્મ પર વધતી સ્પર્ધા અને ખર્ચ વધુ પડતો હોવાને કારણે મોટી કંપનીઓ સાવચેતી રાખી રહી છે.

હાલમાં માત્ર જીઓસ્ટાર અને સોની જેવી બે મુખ્ય કંપનીઓ જ મુખ્ય સ્પર્ધક તરીકે જોવામાં આવે છે.જીઓસ્ટાર વર્તમાન રાઈટ્સ હોલ્ડર છે, પરંતુ તે પણ નવી કિંમતે આગળ વધવા માટે ખાસ્સું વિચારી રહ્યું છે.

ભારતમાં ક્રિકેટ પર સૌથી વધુ ધ્યાન અને જાહેરાત આવક કેન્દ્રિત છે. ફૂટબોલ વિશ્વકપને લઈને દર્શકોની સંખ્યા વધુ હોવા છતાં, તેના પરથી મળતી આવક અપેક્ષા મુજબ નથી.

# લખનઉને હરાવી કોલકતા નાઈટ રાઈડર્સ પ્રથમ જીત મેળવી શકશે?

## કોલકાતા માટે ચિંતાનો વિષય તેમનું નબળું બેટિંગ ઓર્ડર અને સ્પિનરોનું ફોર્મ, લખનઉની ટીમમાં શમી અને પંત પર રહેશે નજર



**અબતક, રાજકોટ**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં હજી બે દિવસ અગાઉની મેચ વરસાદને કારણે ધોવાઈ ગયા બાદ કોલકાતા નાઈટ રાઈડર્સ ફરીથી એ જ ઈડન ગાર્ડન્સ ખાતે ગુરુવારે લખનૌ સુપર જાયન્ટ્સ સામે ટકરાશે ત્યારે તેને સિઝનના પ્રથમ વિજયની સાથે સાથે પોતાના બંગાળના જ ઝડપી બોલર મોહમ્મદ શમીના પડકારનો પણ સામનો કરવાનો રહેશે. આ ટી૨૦ ક્રિકેટ લીગની મેચ સાંજે ૭.૩૦ કલાકે શરૂ થશે.નાઈટ રાઈડર્સ હાલમાં પોતાની લય ગુમાવી બેઠી છે અને નવી વ્યૂહરચનાઓ માટે ફાંફા મારી રહી છે. ગુરુવારે અહીં ઈડન ગાર્ડન્સ ખાતે તે લખનૌ સુપર જાયન્ટ્સ સામે ટકરાશે ત્યારે ટીમમાં મોટા ફેરફારો કરી શકે છે, જ્યારે બીજી તરફ ફોર્મમાં ચાલી રહેલા મોહમ્મદ શમીની આગેવાનીમાં હરીફ ટીમનો જુસ્સો બુલંદ છે. મોહમ્મદ શમી તાજેતરમાં સનરાઈઝર્સ હૈદરાબાદ સામે નવ રનમાં બે વિકેટના શાનદાર સ્પેલ સાથે મેદાનમાં ઉતરશે. તેણે અભિષેક શર્મા અને ટ્રેવિસ હેડ જેવા આક્રમક બેટર્સને સળંગ ઓવરોમાં આઉટ કર્યા હતા. આ એ જ જોડી હતી જેણે થોડા દિવસ અગાઉ કોલકાતાના બોલર્સની ધોલાઈ કરી હતી. લોકલ બોય શમી સીમ મૂવમેન્ટનો નિષ્ણાત છે અને ઈડન ગાર્ડન્સની સ્થિતિ તેને ચોક્કસપણે અનુકૂળ આવશે. આમ શમી આ મેચમાં કોલકાતા માટે મોટો ખતરો બની શકે છે.પંજાબ કિંગ્સ સામેની મેચમાં જોવા મળ્યું હતું કે ઈડન ગાર્ડન્સની ઘાસવાળી પિચ પર સીમ બોલિંગ કેટલી અસરકારક હોઈ શકે છે. ઓસ્ટ્રેલિયન ઝડપી બોલર ઝેવિયર બાર્ટલેટે માત્ર ત્રણ બોલના અંતરમાં ફિન એલન અને કેમરૂન ગ્રીનને પેવેલિયન ભેગા કરીને કોલકાતા ના ટોપ ઓર્ડરને હચમચાવી દીધો હતો. બે ઓવરમાં બે વિકેટે ૧૬ રનના સ્કોર પર કોલકાતા મુશ્કેલીમાં હતી પરંતુ વરસાદને કારણે મેચ રદ થતા તેઓ નસીબદાર રહ્યા કે તેમને એક પોઈન્ટ મળ્યો. બંગાળના અખાતથી મન્નારની ખાડી સુધી લંબાયેલા લો-પ્રેશરને કારણે છેલ્લા ત્રણ દિવસથી કોલકાતામાં સતત વરસાદ પડી રહ્યો છે. ગુરુવારે પણ મોડી સાંજે વરસાદની આગાહી છે પરંતુ મેચ સાંજે ૭.૩૦ વાગ્યે શરૂ થવાની હોવાથી રમત પર તેની ખાસ અસર થવાની શક્યતા ઓછી છે.કોલકાતા માટે ચિંતાનો વિષય તેમનું નબળું બેટિંગ ઓર્ડર અને સ્પિનરોનું ફોર્મ છે. ટીમે અત્યાર સુધી રહાણે અને ફિન એલનની જોડી અજમાવી છે પરંતુ હવે તેઓ ફિન એલન સાથે ટિમ સિફર્ટને ઓપનિંગમાં લાવી શકે છે.



બીજી તરફ લખનૌ સુપર જાયન્ટ્સના રિશભ પંતનું ત્રીજા ક્રમે શાનદાર ફોર્મ અને ૬૮ રનની અણનમ ઈનિંગ્સ તેના માટે પ્લસ પોઈન્ટ છે. મિચેલ માર્શ અને એઈડન માર્કરમ જેવા દિગ્ગજોની હાજરીમાં લખનૌની બેટિંગ લાઈન-અપ ખૂબ જ મજબૂત દેખાય છે.

# મોજથી માણો આઈપીએલના મેચની મજા, રાજકોટમાં ૯-૧૦મેએ ફેન પાર્કનો જલ્શો

## ફેન પાર્કમાં કિડઝ ઝોન્સ, સિનિયર સિટીઝન ઝોન, ગેઈમ ઝોન, ફૂડ સ્ટોલ્સ સહિતના આકર્ષણ ઉભા કરવામાં આવશે

**અબતક, રાજકોટ**

બીસીસીઆઈએ ચાહકો માટે એક મોટી ભેટ આપી છે. દર વર્ષની જેમ બોર્ડે ફરી એકવાર ચાહકો માટે 'ફેન પાર્ક'ની વ્યવસ્થા કરી છે, જ્યાં તમે વિશાળ સ્ક્રીન પર લાઈવ મેચ સંપૂર્ણપણે મફતમાં જોઈ શકો છો.

ઈન્ડિયન પ્રિમીયર લીગના મુકાબલા દેશના અલગ-અલગ સ્ટેડિયમ પર રમાઈ રહ્યા છે. જો કે ક્રિકેટ બોર્ડ દ્વારા જે શહેરને મેચ ન અપાઈ હોય ત્યાં આઈપીએલ ફેનપાર્ક ઉભો કરવાની વ્યવસ્થા કરાઈ રહી હોય સળંગ ચોથા વર્ષે રાજકોટમાં ફેન પાર્ક ઉભો કરવામાં આવશે. ચૌધરી હાઈસ્કૂલના ગ્રાઉન્ડમાં નવ અને દસ મે એમ બે દિવસ સુધી આઈપીએલની ત્રણ મેચ વિશાળ સ્ક્રીન ઉપર નિહાળી શકાશે. આ ઉપરાંત અન્ય આકર્ષણો પણ આ ફેનપાર્કમાં ઉભા કરવામાં આવશે.આ ફેન પાર્કમાં મેચના લાઈવ પ્રસારણ માટે ૩૨ બાય ૧૮ની




વિશાળ સ્ક્રીન ઉપરાંત કિડઝ ઝોન્સ, સીનિયર સિટીઝન ઝોન, ગેઈમ ઝોન, ફૂડ સ્ટોલ્સ સહિતના આકર્ષણ ઉભા કરવામાં આવશે. ખાસ કરીને સીનિયર સિટીઝન, પ્રેગનન્ટ મહિલાઓ, દિવ્યાંગો માટે ખાસ બેઠક વ્યવસ્થા પણ કરવામાં આવી છે.ફેન પાર્કમાં એક સાથે ૧૦થી ૧૫ હજાર દર્શકો ઉપસ્થિત રહી શકશે જે તમામને વિનામૂલ્યે એન્ટ્રી આપવામાં આવશે. આ ઉપરાંત અહીં લક્કી ડ્રો પણ કરવામાં આવશે જેમાં વિજેતા દર્શકોને ખેલાડીઓના ઓટોગ્રાફવાળી જર્સી સહિતનું ઈનામ અપાશે.

રાજકોટને ઘણા વર્ષથી આઈપીએલની મેચ મળી રહી ન હોવાથી છેલ્લા ત્રણેક વર્ષથી બીસીસીઆઈના સહયોગથી એસસીએ દ્વારા ફેનપાર્ક ઉભો કરવામાં આવે છે જ્યાં મોટી સંખ્યામાં ક્રિકેટરસિકો એકઠા થઈને મેચ નિહાળે છે સાથે સાથે સ્ટેડિયમમાં જ બેઠા હોય તે પ્રકારે હો હા અને ગોકીરો કરતાં પણ સાંભળવા મળે છે.

# રાજકોટનું કોંકડું વધુ ગુંચવાયું: જૂથવાદ ભારે હાવી, ટિકિટ માટે છેલ્લે સુધી ખેંચતાણ

## ઓબીસી અનામતના કારણે વોર્ડ વાઈઝ જ્ઞાતિગત સમીકરણો બેસતા નથી: તમામ જૂથની પોતાના માનિતાને ટિકિટ અપાવવા ધમપછાડા

### વોર્ડના સ્થાનિકને જ ટિકિટ આપવાનો હાઈકમાન્ડનો આગ્રહ પણ એવા મજબૂત નેતાઓ તમામ વોર્ડમાં ઉપલબ્ધ નથી

### ગઈકાલે પાર્લામેન્ટરી બોર્ડમાં ૬ કલાકથી વધુ સમય રાજકોટ મહાનગર માટે ચોગઠા ગોઠવવાનો પ્રયાસ પણ ઉમેદવારો નકકી ન થઈ શકયા

### આજે સવારથી ફરી રાજકોટનો વારો લેતી ચૂંટણી સમિતિઃ ઉમેદવારો આજે જાહેર થશે કે કેમ તેની સામે પણ સવાલઃ જો નેતાઓ નહીં માને તો ૧૦૦ ટકા 'નો રિપીટ' પણ ઠોકી દેવાશે

**અબતક,રાજકોટ**

રાજકોટ મહાનગર પાલીકાના ૧૮ વોર્ડની ૭૨ બેઠકોના ઉમેદવારો નકકી કરવા માટે સતાધારી પક્ષ ભાજપનું કોકડુ જોરદાર ગુંચવાયું છે.જુથાદ હાવી થઈ રહ્યો હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. ટિકિટ માટે જબરી ખેંચતાણ ચાલી રહી છે. પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડમાં સતત ૬ કલાક સુધી રાજકોટ મહાનગરના ઉમેદવારો નકકી કરવા માટે મેરેથોન ચર્ચા કરવામાં આવી હતી. છતા મૂરતીયાઓ નકકી કરી શકાયા નહતા અંતે રાત્રે ૧૧.૪૫ કલાકે એવું કહી દેવામાં આવ્યું હતુ કે અત્યારે છુટા પડીએ આવતીકાલે એટલે આજે ગુરૂવારે સવારે ૧૦.૩૦ કલાકે ફરી બેઠક કરીશું તમામ જુથ પોતાના મળતીયાઓને ટિકિટ અપાવવા માટે એડી ચોટીનું જોર લગાવી રહ્યું છે. જેના કારણે આજે પણ ભાજપ ઉમેદવારોના નામ જાહેર કરશે કે કેમ તેના પર સવાલો ઉભા થઈ રહ્યા છે.

એક સમયે રાજકોટ શહેર ભાજપના સંગઠનની કામગીરીનું ઉદાહરણ પક્ષ દ્વારા દેશભરનાં કાર્યકર્તાઓને અપાતું હતુ. પરંતુ છેલ્લા થોડા વર્ષથી રાજકોટમાં ભાજપમાં જૂથવાદ ઘર કરી ગયો છે. કોર્પોરેશનની ચૂંટણી લડવા માટે ૧૮ વોર્ડની ૭૨ બેઠકો માટે ૧૦૧૮ મૂરતીયાઓ મેદાનમાં છે છેલ્લા ત્રણ દિવસથી ઉમેદવારો નકકી કરવા માટે પ્રદેશ ભાજપ ચૂંટણી સમિતિની બેઠક ચાલી રહી છે. જેમાં બુધવારે સાંજે રાજકોટ મહાનગરનો વારો લેવામાં આવ્યો હતો. કાલે સાંજે ૫.૩૦ કલાક આસપાસ પાર્લામેન્ટરી બોર્ડમાં રાજકોટ મહાનગરના ઉમેદવારો નકકી કરવા માટે ચર્ચા શરૂ કરાય હતી. રાત્રીના ૧૧.૪૫ કલાક સુધી બેઠક ચાલી હતી. જેમા ઉમેદવારોના નામો અને પેનલો પર સહમતી ન બનવાના કારણે મોડીરાત થઈ ગઈ હોવાના કારણે બેઠક પડતી મૂકી દેવામાં આવી હતી. આજે ૧૦.૩૦ કલાકે ફરી પાર્લામેન્ટરી બોર્ડ રાજકોટના નેતાઓને બોલાવ્યા છે. બપોર સુધીમાં નામ ફાઈનલ થઈ જવાની ધારણા સેવાય રહી છે. પરંતુ જે રીતે ટિકિટ માટે સંકલન સમિતિના દરેક સભ્યો વચ્ચે ગળાકાપ ખેંચતાણ ચાલી રહી છે. તે જોતા એવું લાગી રહ્યું છે કે આજે રાત સુધીમાં ઉમેદવારો નકકી નહી થઈ શકે.

પાર્લામેન્ટરી બોર્ડ એવો આગ્રહ રાખી રહ્યું છે કે વોર્ડના સ્થાનિક રહેવાસીને જ ટિકિટ આપવામાં આવે પરંતુ શહેરના દરેક વોર્ડમાં આવુ શકય નથી. સ્થાનીક ઉમેદવારોની ફોજ છે. પરંતુ આખી પેનલનો ભાર ઉપાડી ચારેયને જીતાડી શકે તેવા સ્થાનીક ઉમેદવારો તમામ વોર્ડમાં નથી. આવામાં ૫૦ ટકાથી વધુ વોર્ડમાં ના છુટકે આયાતી ઉમેદવાર મૂકવા પડે તેવી જ સ્થિતિ હાલ દેખાય રહી છે.

બીજી તરફ ૨૭ ટકા ઓબીસી અનામતની અમલવારી ના કારણે દરેક વોર્ડમાં એક બેઠક ઓબીસી કેટેગરી માટે અનામત છે. જેના કારણે વોર્ડ વાઈઝ જ્ઞાતિ-જાતીના સમિકરણોના આધારે પેનલ બનાવવી થોડી મુશ્કેલ બની રહી છે. રાજકોટ શહેર ભાજપની સંકલન સમિતિના દરકે સભ્યો પોતાના માનીતાઓને ટિકિટ અપાવવા માટે ભારે લોબીંગ કરી રહ્યા છે. જેના કારણે એક પણ વોર્ડમાં પેનલ માટે સહમતી બનતી નથી પક્ષ દ્વારા 'નો રિપીટ'માં પણ ૭૦:૩૦કે ૮૦:૨૦નો રેશિયો રાખવાનું કહી દેવામાં આવ્યું છે. આવામાં ૭૨ ઉમેદવારો નકકી કરવામાં પક્ષના મોઢે ફીણ આવી ગયા છે. મહામહેનત છતા વોર્ડ વાઈઝ નામો નકકી થઈ શકતા નથી.

ટિકિટ ફાળવણી માટે નિયમો નડી રહ્યા છે તો કયાંક જ્ઞાતિ-જાતીના સમિકરણો બેસતા નથી સૌથી મોટુ કારણ જુથવાદ હાવી હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. અગાઉ પણ જયારે પ્રભારી મંત્રીજીતુભાઈ વાઘાણીના નિવાસ સ્થાને સંકલનની બેઠક મળી રહી ત્યારે મધરાત સુધી ચાલેલી આ

(અનુ. આઠમા પાને)

## શિસ્તના ભોગે કંઈ ન ખપે

# જૂના જોગીઓને ટિકિટ ફાળવણી બાદ હોબાળો ન કરવા ભાજપે શાનમાં સમજાવી દીધા !

### કપાયેલા - દુભાયેલાઓને ભાજપ બોર્ડ કો નિગમનું ''ગાજર'' પકડાવશે

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પછી બોર્ડ - નિગમમાં નિમણુંકો શરૂ કરવાની છે તેમાં તમને સાચવી લેવાશે તેવું કહી અસંતુષ્ઠોને મનાવી લેવાની વ્યુહરચના

**અબતક, રાજકોટ**

રાજ્યમાં આગામી ૨૬મી એપ્રિલના રોજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા માટે મતદાન યોજાવાનું છે. સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી કરવા માટે ત્રણ દિવસથી પાર્લામેન્ટરી બોર્ડની બેઠક ચાલી રહી છે. આજે મોડી સાંજે બેઠક પૂર્ણ થતાની સાથે જ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવે તેવી શક્યતા હાલ દેખાય રહી છે. ચૂંટણી લડવા માટે રાજ્યભરમાંથી ભાજપના ૮૦ હજારથી પણ વધુ કાર્યકરોએ દાવેદારી કરી છે. બીજી તરફ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ટિકિટ ફાળવણીને લઈ પક્ષ દ્વારા કેટલાક નિયમો બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ૨૭ ટકા ઓબીસી અનામત બાદ પ્રથમ વખત આટલી મોટી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાઈ રહી છે. આવામાં વર્ષોથી પક્ષનો ચહેરો બનેલા કેટલાક નેતાઓની ટિકિટ કપાય જશે. જ્યારે અનેક પ્રબળ દાવેદારો સમિકરણોના કારણે ટિકિટથી વંચિત રહેશે. આવામાં ભાજપ હાઈકમાન્ડ કપાયેલા અને

(અનુ. આઠમા પાને)

**ટિકિટ ફાળવણી બાદ નારાજ થયેલાને મનાવવા પુરતા પ્રયાસ કરાશે છતા ન સમજે તો રાજકીય વનવાસ આપી દેવાનો પણ રસ્તો ખૂલ્લો રખાશે**

### રાજુ કરપડાના કેસરિયા



આમ આદમી પાર્ટીનું 'ઝાડુ' છોડી દેનાર કદાવર ખેડુનેતા રાજુભાઈ કરપડા હવે ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરવા જઈ રહ્યા છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી રત્નાકરજીની વિશેષ ઉપસ્થિતિમાં આજે બપોરે રાજુ કરપડા પોતાના હજારો સમર્થકો સાથે વિધિવત રિતે ભાજપમાં જોડાઈ જશે. ધારાસભ્ય ગોપાભાઈ ઈટાલિયા સાથેના અણબનાવના કારણે રાજુભાઈએ થોડા સમય પહેલા 'આપ'નો સાથ છોડી દીધો હતો. હવે જ્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાનના આડે માત્ર પખવાડિયાનો સમય બચ્યો છે. ત્યારે રાજુ કરપડાએ ભાજપનો ખેસ ધારણ કરી લીધો છે. બની શખે ભાજપ તેઓને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની ટિકિટ પમ આપી દે.

## પ્રદેશ યુવા ભાજપની આજે મહત્વપૂર્ણ બેઠક

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં યુવા મોરચાને ખાસ ટાસ્ક અપાશે

ગુજરાત પ્રદેશ યુવા ભાજપની આજે બપોરે એક ખાસ બેઠક મળી હતી જેમાં સ્થાનીક સ્વરાજ્યની આગામી ચૂંટણી માટે યુવા ભાજપના કાર્યકરોને ખાસ ટાસ્ક આપવામાં આવે તેવી શકયતા દેખાય રહી છે. ચૂંટણીમાં ટિકિટ ફાળવણી અંગે ભાજપ દ્વારા કેટલાક આકરા નિયમો બનાવવામાં આવ્યા છે. આવામાં ઉમેદવારો જાહેર કરાયા બાદ અસંતુષ્ઠની આગ ફાટી ન નીકળે તે માટે યુવા ભાજપની ટીમને વધુ સક્રિયાથી કામે લગાવાશે બુથ લેવલ સુધીનું માઈક્રો પ્લાનીંગ ભાજપ દ્વારા શરૂ કરવામાં આવી રહ્યું છે.આજે બપોરે ૧૨.૦૦ કલાકે પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ તેમજ વડોદરા લોકસભાના સાંસદ ડો. હેમાંગભાઈ જોષીની અધ્યક્ષતામાં તથા પ્રદેશ યુવા મોરચાના પ્રભારી કિરીટભાઈ પટેલની ઉપસ્થિતિમા ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા, ગાંધીનગર ખાતે આગામી કાર્યક્રમોના અનુસંધાને યુવા મોરચાની પ્રદેશ બેઠક યોજાશે.

આ બેઠકમાં યુવા મોરચાના પ્રદેશ હોદ્દેદારઓ, પ્રદેશ કારોબારી સદસ્યો, જિલ્લા/મહાનગરના પ્રમુખ અને મહામંત્રીશ્રીઓ, પ્રદેશના વિવિધ સેલ - સંયોજક અને સહ સંયોજકશ્રીઓ ઉપસ્થિત રહેશે.

# ભારત ગૌરવ ટ્રેન કરાવશે દિવ્ય દક્ષિણ દર્શન યાત્રા

### ૧૨ મેએ ટ્રેન રાજકોટથી ઉપડશે : મુસાફરો માટે ત્રણ કેટેગરીમાં પેકેજ ઉપલબ્ધ

**અબતક, રાજકોટ**

ભારતીય રેલ્વેના ઉપક્રમે દક્ષિણ ભારતના વિવિધ પ્રસિદ્ધ યાત્રાધામના આરામદાયક અને સલામત પ્રવાસ માટે વિશેષ ટ્રેન શરૂ કરવામાં આવી છે. જેમાં ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિ. દ્વારા સરકારી કર્મયોગીઓ અને શ્રદ્ધાળુઓ માટે આગામી મે માસમાં એક વિશેષ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે.'ભારત ગૌરવ ટ્રેન' અંતર્ગત આગામી ૧૨ થી ૨૨ મે, દરમિયાન 'દિવ્ય દક્ષિણ દર્શન યાત્રા' સાથે મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ' દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં, દક્ષિણ ભારતના સુપ્રસિદ્ધ અને પવિત્ર ધાર્મિક સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ૧૧ દિવસીય પ્રવાસ દરમિયાન યાત્રિકોને પ્રસિદ્ધ યાત્રાધામ તિરુપતિ બાલાજી, રામનાથસ્વામી જ્યોતિર્લિંગ મંદિર, મીનાક્ષી મંદિર, કન્યાકુમારી તેમજ મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગના દર્શન સહિત વિવિધ સ્થાનિક સ્થળોનો પ્રવાસ કરવાનો લ્હાવો મળશે. આ યાત્રાનું પ્રસ્થાન ગુજરાતમાંથી તા. ૧૨ મેના રોજ રાજકોટથી - સુરેન્દ્રનગર- વિરમગામ- સાબરમતી:અમદાવાદ- નડિયાદ- આણંદ -વડોદરા - ભરૂચ- સુરત થશે. સરકારી કર્મચારીઓને ઉનાળુ વેકેશન દરમિયાન રજા પ્રવાસ રાહત- એલટીસીનો લાભ લેવાની ઉત્તમ તક મળી રહેશે.

આ યાત્રા માટે મુસાફરોની સુવિધા મુજબ વિવિધ ત્રણ કેટેગરીમાં પેકેજ નક્કી કરવામાં આવ્યા છે.જેમાં ઈકોનોમી ક્લાસ (નોન-એસી સ્લીપર) માટે વ્યક્તિ દીઠ રૂ. ૨૧,૫૨૫/- દર નક્કી કરવામાં આવ્યો છે. કમ્ફર્ટ ક્લાસમાં ૩ ટાયર એસી માટે વ્યક્તિ દીઠ રૂ. ૩૯,૧૦૫/- અને ૨ ટાયર એસી માટે વ્યક્તિ દીઠ રૂ.

(અનુ. આઠમા પાને)

# પોરબંદર-આસનસોલ વચ્ચે દોડશે સમર સ્પેશિયલ ટ્રેન

### ઓખા અને શકૂર બસ્તી વચ્ચે પણ સુપરફાસ્ટ સમર ટ્રેન ચલાવાશે : કાલથી બુકિંગ શરૂ

**અબતક, રાજકોટ**

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા પોરબંદર અને આસનસોલ વચ્ચે વિશેષ ભાડા પર ''સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેન'' ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, રાજકોટ ડિવિઝન થઈને પસાર થતી.ટ્રેનની વિગતો જાહેર કરી છે. ૦૯૨૦૫/૦૯૨૦૬ પોરબંદર-આસનસોલ સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેન ૨૪ ફેરા ચલાવશે. ટ્રેન નંબર ૦૯૨૦૫ પોરબંદર-આસનસોલ સાપ્તાહિક સમર સ્પેશિયલ પોરબંદરથી દર સોમવારે સવારે ૮.૫૦ કલાકે ઉપડીને, તે જ દિવસે ૧૩.૧૫ કલાકે રાજકોટ પહોંચશે અને બુધવારે સવારે ૬.૪૫ કલાકે આસનસોલ પહોંચશે. આ ટ્રેન ૧૩ એપ્રિલ, ૨૦૨૬ થી ૨૯ જૂન, ૨૦૨૬ સુધી ચલાવવામાં આવશે.

તે જ રીતે, પરતમાં ટ્રેન નંબર ૦૯૨૦૬ આસનસોલ-પોરબંદર સાપ્તાહિક સમર સ્પેશિયલ આસનસોલથી દર બુધવારે રાત્રે ૨૩.૦૫ કલાકે ઉપડીને શુક્રવારે સાંજે ૧૭.૪૧ કલાકે રાજકોટ અને રાત્રે ૨૧.૫૦ કલાકે પોરબંદર પહોંચશે. આ ટ્રેન ૧૫ એપ્રિલ, ૨૦૨૬ થી ૦૧ જુલાઈ, ૨૦૨૬ સુધી ચલાવવામાં આવશે.

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે ઓખા-શકૂર બસ્તી (દિલ્હી કેન્ટ પાસે આવેલું) વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવશે.

ટ્રેન સંખ્યા ૦૯૫૨૩/૦૯૫૨૪ ઓખા-શકૂર બસ્તી સુપરફાસ્ટ સમર સ્પેશિયલ સાપ્તાહિક ૨૪ ફેરા ચલાવાશે.

ટ્રેન સંખ્યા ૦૯૫૨૩ ઓખા-શકૂર બસ્તી સુપરફાસ્ટ સમર સ્પેશિયલ દર

(અનુ. આઠમા પાને)

# શનિવારથી કાળઝાળ ગરમીનો રાઉન્ડ : પારો ૩થી ૪ ડિગ્રી ઉંચકાશે

### રાજ્યના અનેક શહેરોમાં મહત્તમ તાપમાનનો પારો ૪૧થી ૪૨ ડિગ્રી સુધી પહોંચી જશે : વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ઘટતા હવે આકાશ આગ ઓકશે

**અબતક, રાજકોટ**

રાજ્યમાં માર્ચ માસમાં જ મહત્તમ તાપમાનનો પારો ૪૩ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. દરમિયાનવેસ્ટર્ન ડિસ્ટબન્સના કારણે વારંવાર વાતાવરણમાં પલ્ટો આવી રહ્યો છે. ગત મંગળવારે પણ રાજ્યના ૪૯ તાલુકાઓમાં કમોસમી વરસાદ પડ્યો હતો. હવે વેસ્ટર્ન ડિસ્ટબન્સની



અસર ઓછા થવાના કારણે આકાશ ફરી આગ ઓકવા માંડશે. આગામી શનિવારથી ગરમીનું જોર વધશે. ૧૪મી એપ્રિલથી મહત્તમ તાપમાનમાં ૩થી ૪ ડિગ્રી સુધીનો ઉછાળો આવશે અનેક શહેરોમાં મહત્તમ તાપમાન ૪૧થી ૪૨ ડિગ્રી સુધી પહોંચી જશે.

(અનુ. આઠમા પાને)

